

પ્રસ્તાવના.

આ પરિશિષ્ટ પર્વ શ્રીમાન કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિએ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર બનાવ્યા પછી બનાવેલ છે. એના સર્ગ ૧૩ છે. પ્રથમના ૪ સર્ગમાં જંબૂસ્વામીનું ચરિત્ર છે, એ ચાર સર્ગ મોટા છે, તેની શ્લોક સંખ્યા ૧૫૭૨ છે; બાકીના નવ સર્ગમાં પ્રભવસ્વામી, શય્યંભવસૂરિ, યશોભદ્રસૂરિ, સંભૂતિવિજય, ભદ્રબાહુસ્વામી, સ્થૂલભદ્ર, આર્યમહાગિરિ, આર્યસુહસ્તી, આર્યસિંહગિરિ અને વજ્રસ્વામી તેમજ આર્યરક્ષિતસૂરિ સુધીના ચરિત્રો છે. આમાં સંભુતિવિજય ને ભદ્રબાહુસ્વામી એક સાથે થયા છે અને આર્યમહાગિરિ ને આર્યસુહસ્તી પણ સાથે થયા છે. આર્યસુહસ્તી ને આર્યસિંહગિરિ વચ્ચેના આચાર્યોના ચરિત્રો આમાં આપેલા નથી. આ નવ સર્ગની શ્લોક સંખ્યા ૧૮૭૮ની છે. આખો ગ્રંથ ૩૪૫૦ શ્લોક પ્રમાણ છે. વજ્રસ્વામીની પાટે તો વજ્રસેનસૂરિ થયા છે. તેનું આમાં થોડું વૃત્તાંત છે, ત્યારપછીના આચાર્યોનું વૃત્તાન્ત આમાં આપેલું નથી. તે સ્થવિરાવળી વિગેરે ગ્રંથોથી જાણવા યોગ્ય છે.

આ પર્વ કથાઓના ભંડાર જેવું છે. આમાં પ્રાસ્તાવિક કથાઓ ઘણી છે અને વૃત્તાંતો પણ ઘણા મહાપુરૂષોના છે. જંબૂસ્વામીના ચરિત્રમાં પ્રથમ પ્રસન્નચંદ્રરાજર્ષિનું ચરિત્ર ખાસ વાંચવા લાયક છે ત્યારપછી પ્રભવના પૂછવાથી જંબૂસ્વામીએ કહેલી કુમેઘની, કુબેરદત્તની ને મહેશ્વરદત્તની એ ત્રણ કથાઓ છે. ત્યાર બાદ આઠ સ્ત્રીઓ સાથેની સામસામી કહેલી ૧૬ કથાઓ છે.

બુદ્ધિચાતુર્યને લગતી ચાણાક્ય, કલ્પક, શકડાલ તથા

સુબંધુ મંત્રી વિગેરેની કથા છે. મહાપુરૂષ તરીકે પ્રસન્નચંદ્રરાજર્ષિ ઉપરાંત અન્નિકાપુત્ર આચાર્ય, પુષ્પચૂળ ને પુષ્પચૂળા, મનકમુનિ, શ્રીયક, ધનદેવ, સંપ્રતિરાજા, અવંતિ સુકમાળ, તોસલીપુત્રાચાર્ય, ભદ્રગુપ્તાચાર્ય, ફલ્ગુરક્ષિત વિગેરેના ચરિત્રો, વૃત્તાંતો ને કથાઓ છે.

આ સંબંધની વિશેષ હકિકત અનુક્રમણિકા વાંચવાથી સમજાય તેમ હોવાથી અહીં લખવામાં આવી નથી. રાજા તરીકે પણ જરૂર પૂરતું શ્રેણિક, કોણિક, ઉદાયી, નવનંદ, ચંદ્રગુપ્ત, બિંદુસાર, અશોકશ્રી, કુણાલ અને સંપ્રતિ રાજા સુધીનું વર્ણન આવે છે. આમાં એક અભવ્ય ઉદાયી નૃપને મુનિવેશે મારનાર બહાર આવેલ છે, તેનું ચરિત્ર પણ જાણવા લાયક છે. તેનાં પાપકાર્યથી સૂરિને પણ આત્મઘાત કરવો પડે છે.

એકંદર આખો ગ્રંથ રસિક, ઉપદેશક અને વાંચવા લાયક છે. ભાષાંતર પ્રથમ જંબૂસ્વામી ચરિત્ર સિવાયનું એક જૈન પંડિત પાસે કરાવેલું અને જંબૂસ્વામી ચરિત્ર ગુજરાતીમાં છપાયેલ છે તે કામ આવશે એમ ધારેલું પણ તે ચરિત્ર વાંચતા ને અસલ સંસ્કૃત સાથે મેળવતાં યથાર્થ ન લાગવાથી આમાં આપેલ ભાષાંતર શાસ્ત્રી જેઠાલાલ હરિભાઈ પાસે કરાવેલ છે. આખું ભાષાંતર સભાના પ્રમુખ કુંવરજી આણંદજીએ તપાસીને છપાવેલું છે, છતાં દૃષ્ટિદોષથી અથવા મતિદોષથી કાંઈ પણ ભૂલ રહી ગઈ હોય તો તેને માટે ક્ષમા યાચના છે. તે સુધારીને વાંચવા તેમજ તે અમને લખી મોકલવા વિજ્ઞપ્તિ છે, જેથી બીજી આવૃત્તિ વખતે સુધારી શકાય.

આમાં પૃષ્ઠ ૧૨૬ પંક્તિ ૧૧ મી મા 'પ્રભવસ્વામી પરલોક સાધનામા તત્પર થયા' એમ લખ્યું છે, અનો અર્થ સ્વર્ગવાસી થયા એમજ સમજવાનો છે.

શ્રી જંબૂનિવિજયજી સ્વર્ગવાસ થયા, ત્યારે પોતાના સહપટ્ટધર શ્રી ભદ્રબાહુસ્વામી હોવાથી પોતાની પાટે કોઈને સ્થાપી ગયા નહીં, પણ ભદ્રબાહુસ્વામી નેપાળમાં હોવાથી ગચ્છ સ્થૂળભદ્રને સોંપી ગયા. ભદ્રબાહુસ્વામીએ પોતાના અંત સમયે સ્થૂળ- [illegible] કર્યા.

આર્યમહાગિરિ સ્વર્ગે ગયા ત્યારે આર્યસુહસ્તી મહારાજ મુખ્યપટધર હોવાથી તેઓ પણ પોતાની પાટે કોઇને સ્થાપી ગયા નહીં. આર્યસુહસ્તીમહારાજે કોને પાટ સોંપ્યો તેમનું નામ આમાં જણાવ્યું નથી, પરંતુ કલ્પસૂત્રની સ્થવિરાવળીમાં જોતાં તેમની પાટે આર્યસુસ્થિત ને સુપ્રતિબુદ્ધ (સાથે), તેમની પાટે આર્યઇંદ્રદિન્ન, તેમની પાટે આર્યદિન્ન, તેમની પાટે આર્યસિંહગિરિ ને તેમની પાટે આર્યવજ્રસ્વામી થયા. આ છેલ્લા બે મહાત્માના ચરિત્ર આમાં આપેલા છે. આર્યવજ્રસ્વામીની પાટે આર્ય વજ્રસેન થયા. તેમનું સંક્ષિપ્ત ચરિત્ર આમાં આવે છે. ત્યારપછી વજ્રસેનના ચાર અંતેવાસી થયા છે, તેમની અને ત્યારપછીની હકીકત આમાં આવતી નથી. આર્યરક્ષિતસૂરિનું ચરિત્ર આમાં આવે છે. તેમણે પૂર્વાભ્યાસ તો વજ્રસ્વામી પાસે કર્યો છે, પણ ચારિત્ર તો તોસલીપુત્રાચાર્ય પાસે લીધેલ હોવાથી તે પટધર નથી.

વીરપરમાત્મા પછી સુધર્માસ્વામી ને જંબૂસ્વામી બે કેવળી થયા અને પ્રભવસ્વામી, શય્યંભવસૂરિ, યશોભદ્રસૂરિ, સંભૂતિવિજયજી, ભદ્રબાહુસ્વામી ને સ્થૂલભદ્રજી આ—છ ચૌદ પૂર્વધર-શ્રુતકેવળી થયા છે ત્યારપછીના [illegible] દશપૂર્વી થયા છે [illegible] વીરપરમા [illegible] વિચ્છેદ ગયું [illegible] જાણવા યોગ્ય છે [illegible] પ્રથમની [illegible] થયેલ છે ને વાચવાથી [illegible]

[illegible] શાંતિ ।

સં. ૧૯૭૮ ।

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર

અનુક્રમણિકા.

સર્ગ ૭ મો.

સર્ગ ૮ મો.

સર્ગ ૯ મો.

સર્ગ ૧૦ મો.

સર્ગ ૧૧ મો.



શ્રી પરિશિષ્ટ પર્વ

ભાષાંતર.

સર્ગ ૧ લો.



શા]હિક લક્ષ્મીવાળા, અતિશયાદિક અદ્ભુત લક્ષ્મીએ સહિત અને મહાનંદ (મોક્ષ) રૂપી મંદિરમાં રાજ [illegible] શ્રી મહાવીર અરિહંતને [illegible] આચીંગ [illegible]

[illegible]

રૂપ **મગધ** નામે દેશ છે. તેમાં ગોકુલો ગામની જેવા છે, ગામડાઓ પુરની જેવાં છે અને પુરો અદ્‌ભુત લક્ષ્મીએ કરીને વિદ્યાધરના પુરો જેવાં છે. તે દેશમાં એકજવાર વાવેલાં ધાન્યો ખેડુતોએ લણ્યા છતાં પણ ઘરોની જેમ વારંવાર ઉગે છે. તે દેશમાં લોકો જાણે કે સુષમા કાળમાં ઉત્પન્ન થયા હોય તેવા વ્યાધિ રહિત, ભય રહિત, સંતોષી અને પૂર્ણ આયુષ્યવાળા વસે છે. તેમાં રહેલી ગાયો કામધેનુની જેમ નિરંતર દૂધને ઝરતી, કુંડાની જેવડા મોટા [1]ઉધસવાળી, [2]સુવ્રતા અને રાત્રિ દિવસ ઇચ્છા પ્રમાણે દોવા દે તેવી હતી. ધર્મનાજ એક સ્થાનરૂપ તે દેશમાં સર્વત્ર રસાળ પૃથ્વી હતી, અવસરે વરસાદ વરસતો હતો અને સર્વ લોક ધર્મકર્મમાં તત્પર હતા. તે દેશમાં દક્ષિણ ભરતાર્ધના સર્વસ્વની નિધાનભૂમિ જેવું અને લક્ષ્મીને ક્રીડા કરવાનાં ગૃહરૂપ **રાજગૃહી** નામનું નગર છે. તેમાં ચૈત્યો ઉપર રહેલા સુવર્ણના ધ્વજ અને કળશના કિરણો જાણે કે વર્ષાઋતુમાં આવીને બેઠેલા મેઘો વીજળીઓ સહિત હોય તેવા શોભે છે. ત્યાં ચંદ્રકાંત મણિના વાસગૃહમાં રાત્રીએ પ્રતિબિંબીત થયેલો ચંદ્ર જાણે કસ્તુરીથી ભરેલો રૂપાનો થાળ હોય તેવો શોભે છે. તે નગરની ફરતો સુંદર આકારવાળો સુવર્ણનો પ્રાકાર જાણે કે દેવોએ જિનેશ્વરના સમવસરણમાંથી લાવીને મૂકયો હોય તેવો શોભે છે. તે નગરમાં રહેલી વાવોનું જળ બન્ને બાજુથી મળના પગથીઆઓના કિરણોવડે જાણે તેના ઉપર પૂલ બાંધ્યો હોય તેવો શોભે છે. એકછત્ર સામ્રાજ્યને ધારણ કરનાર જિનધર્મવાળા તે નગરમાં હવેલીઓને વિષે રહેલી બાળાઓ ક્રીડાશુકોને પણ નિરંતર અરિહંતની સ્તુતિઓ ભણાવે છે. તે નગરમા રાત્રિને સમયે ઉંચા જિનચૈત્યોના શિખરને સ્પર્શ કરનારા નક્ષત્રો સુવર્ણકળશની જેવા શોભે છે. ત્યાં રહેલો પ્રાકાર રૂપાના અને સુવર્ણના કાંગરાઓવડે ચંદ્ર અને સૂર્યનાં બિંબોવડે **માનુષોત્તર** પર્વતની જેવો શોભે છે. તે નગરમાં વાસગૃહને વિષે બળતા ધૂપના સુગંધથી વાસિત થયેલો પવન

૧ આઉવાળી. ૨ સુંવાળી–સોજી.

આકાશમાં ચાલતી વિદ્યાધરીઓના શરીરને લાગવાથી પ્રિયની જેમ તેમના હર્ષને માટે થતો હતો. તે નગરમાં ચતુર નાયકની જેમ પોતાના ગુણોવડે પૃથ્વીને તથા લક્ષ્મીને વશ કરનાર તથા યશની શ્રેણિને વિસ્તારનાર શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. તેનાં હૃદયમાં સમકિતરૂપી રત્નનો પ્રકાશ પ્રસરતો હતો, તેથી તેમાં મિથ્યાત્વરૂપી અંધકારનો જરા પણ અવકાશ નહોતો. કર્ણથી પીવાય એવી નવિન સુધા[1] હોય તેવી, દેવોને હર્ષ આપતી તે રાજાની કીર્તિ સુધર્મા સભામાં અપ્સરાઓથી ગવાતી હતી. કેંદ્રસ્થાનમાં રહેલા (પડેલા) દુષ્ટ ગ્રહની જેમ તે રાજા જે શત્રુઓની ઉપર પ્રતિકૂળ થતો હતો તે શત્રુઓ ચોતરફથી અનર્થનેજ પામતા હતા. અખંડ આજ્ઞાવાળા ઇંદ્રની જેવા તે રાજાને વિષે એકચંદ્રવાળા આકાશની જેમ પૃથ્વી એકજ છત્રવાળી હતી. સામુદ્રિક લક્ષણોની જેમ તેનામાં ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય અને શૌર્ય વિગેરે ગુણો જન્મથીજ પ્રાપ્ત થયેલા હતા. પૃથ્વીને એક છત્રવાળી કરતાં તે મહા બળવાનની આજ્ઞા ઇંદ્રના વજ્રની જેમ કોઈએ ખંડિત કરી નહોતી.

એકદા તે રાજગૃહી નગરીની બહાર ગુણશિલ નામના ચૈત્યમાં સુર અને અસુરના પરિવાર સહિત **શ્રીમહાવીર સ્વામી** સમવસર્યા. તે વખતે તે સ્થાને દેવોએ રૂપ્ય, સુવર્ણ અને મણિમય ત્રણ પ્રાકારવડે વિભૂષિત સમવસરણ રચ્યું, તેની મધ્યમાં વ્યંતર દેવોએ અશોક વૃક્ષ રચ્યું, તે વૃક્ષ વાયુએ હલાવેલા પાંદડાંવડે[2] જાણે ભવ્ય પ્રાણીઓને બોલાવતો હોય તેવો શોભતો હતો. તે સમવસરણમાં પુરૂષના રૂપવાળા જાણે સાક્ષાત્ મેરૂપર્વત હોય તેવા શ્રેષ્ઠ સુવર્ણની કાંતિવાળા પ્રભુએ પૂર્વ દિશાના દ્વારથી પ્રવેશ કર્યો અને અશોક વૃક્ષની નીચે દેવછંદા ઉપર સ્વામીએ વિધિ પ્રમાણે **નમો તીર્થ્યસ્સ** કહીને રાજહંસ કમળને શોભાવે તેમ સિંહાસનને શોભાવ્યું. તે સમવસરણમાં ચાર પ્રકારનો સંઘ[3]આવીને યોગ્ય સ્થાને બેઠો, એટલે સ્વામીએ પણ અમૃતની વૃષ્ટિતુલ્ય ધર્મદેશના પ્રારંભી. તે વખતે તે સ્થાનમાં રહેનારા લોકોએ તરતજ મૃગની

---

૧ અમૃત. ૨ પાંદડાંરૂપી હાથવડે. ૩ સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકા

જેમ કૂદતા કૂદતા શ્રેણિક રાજાની પાસે જઇ તેને સ્વામી સમવસર્યાની વધામણી આપી. પ્રભુના આગમનના વૃત્તાંતરૂપી અમૃતનું પાન કરતા રાજાનું શરીર એકદમ હર્ષવડે કદંબના ફૂલની જેવું રોમાંચિત થયું. તરતજ તે મગધદેશના રાજા શ્રેણિકે સિંહાસન તથા પાદુકાનો ત્યાગકરી સ્વામીને હૃદયમાં સ્થાપન કરી પૃથ્વીતળ સુધી મસ્તક નમાવી નમન કર્યું. પછી સ્વામીના આગમનના સમાચાર કહેનારા તે પુરૂષોને રાજાએ ઇનામમાં અનૃણી કરવાના કારણભૂત પુષ્કળ સુવર્ણ આપ્યું. ત્યાર પછી રાજાએ જિનવંદન માટે જતાં પહેરવાને લાયક, દશા સહિત અને જાણે ક્ષીરસાગરના તરંગોવડે વણ્યાં હોય તેવાં ઉજ્વળ બે વસ્ત્રો ધારણ કર્યા, અને મુગટ વિગેરે ઘણાં રત્નોનાં આભરણોએ કરીને અલંકૃત થયેલો તે રાજગૃહીનો ઇશ્વર કલ્પવૃક્ષની જેવો શોભવા લાગ્યો. તરતજ રાજાની આજ્ઞાથી જાણે લક્ષ્મીના બંધુઓ હોય તેવા હસ્તીઓ અને અશ્વો વિગેરે વાહનો સજ્જ થઇને રાજદ્વારમા હાજર થયાં. પછી તે તેજસ્વીઓમાં શ્રેષ્ઠ શ્રેણિકરાજા કલ્યાણના કારણભૂત ભદ્રજાતિના હસ્તી ઉપર ઉદયાચળપર્વત ઉપર સૂર્યની જેમ આરૂઢ થયો. તે હસ્તીની ફરતા બીજા અનેક હસ્તીઓ ફરી વળ્યા કે જેઓના કુંભસ્થળો નવા સિંદૂરવડે રંગેલા હોવાથી તેઓ સંધ્યાકાળના વાદળાં જેવાં શોભતાં હતાં. પછી હસ્તીઓના ઘંટાના શબ્દવડે ચોતરફ આકાશને પૂરી દેતો પૃથ્વીપતિ ઉત્સુકતા સહિત તીર્થંકરને વાંદવા માટે ચાલ્યો. ગજેંદ્રોની ગર્જના, અશ્વોના હેષારવ અને રથોના ચીત્કાર શબ્દો આકાશતળમા એકત્ર થવાથી આકાશનો ગુણ જે શબ્દ કહેવાય છે તે સાર્થક થયો.

માર્ગે ચાલતા રાજાના અગ્ર સૈન્યના બે સ્વારોએ એકાગ્ર મનવાળા એક મુનિને જોયા. તે મુનિ એક મૂળવાળા વૃક્ષની જેમ એક પગે ઉભા રહ્યા હતા, જાણે કે સિદ્ધિક્ષેત્રનું આકર્ષણ કરતા હોય તેમ તેમણે પોતાના બન્ને હાથ ઉંચા રાખ્યા હતા, આદર્શની જેમ સૂર્યના બિંબ ઉપર તેણે પોતાના નેત્રોને નિશ્ચળપણે સ્થાપન કર્યાં હતા, સૂર્યના તાપથી જાણે શરીર ઉપર સ્ફોટક (ફોડલા)

ત્માઓને નવી નવી જાતના નિગ્રહ કરવાવડે શિક્ષા કરત. અત્યારે મારા પુત્રનો પરાભવ મારા કર્ણગોચર થયો તો હવે મારા આ જીવિતનું અને મહાતપનું પણ શું ફળ ?" આ પ્રમાણે વિચારતાં તે રાજર્ષિ અધિક અધિક દુષ્ટ ધ્યાનપર આરૂઢ થયા, અને ક્રોધરૂપી પિશાચના આવેશથી તે પોતાનું ચારિત્ર વીસરી ગયા. સિંહાવલોકનના ન્યાયથી તે પ્રથમના પોતાના ક્ષત્રિય તેજવડે વ્યાપ્ત થયા અને પુત્રનો દ્વેષ કરનાર તે મંત્રીઓ જાણે પોતાની સામે ઉભા હોય તેમ તેણે જોયા, તેથી પ્રથમનીજ જેમ સંગ્રામરૂપી રંગમંડપના એક સૂત્રધાર સમાન તે મુનિ મનવડેજ ખડ્ગધારાથી સૂરણની જેમ તેમના કકડા કરવા લાગ્યા. ક્રોધથી અંધ થયેલા તે રાજર્ષિએ મનવડે કરીનેજ તે મંત્રીઓનું છેદન, ભેદન અને બીજું પણ ભયંકર અનિષ્ટ શું શું ન કર્યું ? અર્થાત્ જે જે બન્યું તે સર્વ કર્યું.

એટલામાં જિનધર્મરૂપી વૃક્ષના પક્ષી સમાન રાજગૃહેશ્વર શ્રેણિકરાજા ત્યાં આવી પહોંચ્યા. તે મુનિને ધ્યાનસ્થ જોઇ હસ્તીપરથી નીચે ઉતર્યા, અને પૃથ્વીની રજવડે પોતાના ભાળસ્થળમાં તિલક કરતા સતા તેને નમસ્કાર કર્યો. ઉંચા હાથ રાખી એક પગે ઉભા રહી આતાપના લેતા તે મુનિને જોઇ તે શ્રેષ્ઠ રાજા મહુજ આનંદ પામ્યા અને અંતઃકરણથી તેમની અત્યંત અનુમોદના કરવા લાગ્યા. પછી તે પ્રસન્નચંદ્ર રાજર્ષિના અદભુત તપનું સામર્થ્ય ચિંતવતા શ્રેણિકરાજા જગદ્ગુરૂ જિનેશ્વરની પાસે આવ્યા અને પાંચે અંગે પૃથ્વીનો સ્પર્શ કરવાપૂર્વક પ્રભુને પ્રણામ કરી તે શ્રેષ્ઠ રાજા કમળના કોશની જેમ બે હાથ જોડી યોગ્ય સ્થાને બેઠા.

પછી યોગ્ય સમયે તે રાજશિરોમણિએ જગન્નાથને નમસ્કાર કરી મુખ પાસે વસ્ત્રનો છેડો રાખી પૂછ્યું કે–" હે સ્વામી ! જે વખતે મેં પ્રસન્નચંદ્રમુનિને ધ્યાનમાં રહેલા જોયા હતા તે વખતેજ કદિ તે કાળ કરે તો કઇ ગતિ પામે ? " સ્વામીએ જવાબ આપ્યો કે–" હે રાજન્ ! તે સમયે જો તેણે કાળ કર્યો હોત તો તે પ્રસન્નચંદ્ર રાજર્ષિ સાતમી નરકે જાત. " તે સાંભળી ઋજુ બુદ્ધિવાળા

વિચારતાં તેનો મોહરૂપી દુર્દિન નષ્ટ થયો અને ફરીથી દેદીપ્યમાન વિવેકરૂપી સૂર્ય પ્રગટ થયો. પછી જાણે કે અમે તેની પાસેજ રહ્યા હોઈએ તેમ ભક્તિથી અમને વંદન કરી તે દુષ્ટ ધ્યાનની આલોચના તથા પ્રતિક્રમણ કરી પ્રશસ્ત ધ્યાનને પામ્યા છે. તે પ્રસન્નચંદ્ર રાજર્ષિએ દુર્ધ્યાનરૂપી અરણ્યમાં ઉત્પન્ન થયેલા કર્મરૂપી ઘાસને શુભધ્યાનરૂપી અગ્નિવડે એકદમ બાળી નાખ્યું છે."

આ પ્રમાણે તે રાજર્ષિના ગુણથી ચરિત્રવડે વાસિત થયેલા ધર્મવીર શ્રેણિકરાજાએ શ્રીમહાવીરસ્વામીને વિજ્ઞપ્તિ કરી કે–"હે ભગવન્! તે પ્રસન્નચંદ્ર રાજાએ બાળકપુત્રને રાજ્યપર સ્થાપન કરી દીક્ષા ગ્રહણ કરી તેનું શું કારણ?" ત્યારે ભગવાન બોલ્યા કે–

હે રાજન્! **પોતનપુર** નામના નગરમાં સૌમ્યતાવડે ચંદ્ર-સમાન **સોમચંદ્ર** નામે રાજા હતો. તેને **ધારિણી** નામની પત્ની હતી. તે ધર્મને ધારણ કરનારી, શીળરૂપી અલંકારવાળી અને વિવેકરૂપી જળની વાવ સમાન હતી. એકદા ગવાક્ષમાં બેઠેલા પતિના કેશસમૂહને તે રાણી પોતાના હસ્તકમળે કરીને સાફ કરતી હતી–ઓળતી હતી, તે વખતે ધારિણીએ રાજાના મસ્તકપર જાણે કે જરાવસ્થાએ પોતાને નિવાસ કરવાનું સ્થાન નિશ્ચિત કર્યું હોય એવો એક પળી (શ્વેત વાળ) જોયો. તે જોઈ તેણીએ રાજાને કહ્યું કે–"હે સ્વામી! આ દૂત આવ્યો." તે સાંભળી રાજાએ સર્વ દિશાઓમાં જોઈને કહ્યું કે–"તે કેમ મને દેખાતો નથી?" ત્યારે રાણીએ રાજાના મસ્તકનો પળી તેમના હાથમાં આપીને કહ્યું કે 'હે પ્રાણેશ! ધર્મ-રાજનું દૂતપણું કરનાર આ કેશરાજ[1] પ્રશસ્ય છે.' યુવાવસ્થાનો નાશ કરનાર અને જાણે ત્રીજી વયનું શસ્ત્ર હોય તેવા તે મસ્તકના પળીને જોઈ રાજા મનમાં અત્યંત દુઃખી થયો. ત્યારે ધારિણી બોલી કે–"હે દેવ! શું વૃદ્ધાવસ્થા આવવાથી તમે લજ્જા પામો છો? જો એક પળી માત્રને જોઈને તમે આ પ્રમાણે મનમાં ખેદયુક્ત થતા હો તો હું પડહની ઘોષણા કરાવીને સર્વ લોકોને નિષેધ કરીશ કે જેથી કોઈ પણ તમારા વૃદ્ધપણાની વાતનો પ્રકાશ કરશે નહિ."

૧ સર્વ કેશોમાં રાજા જેવો–ધોળો પળી.

રાજા બોલ્યો કે–"હે જીવિતેશ્વરી ! હું પળી જોવાથી લજ્જા પામતો નથી; પરંતુ મારા મનમાં ખેદ થવાનું કારણ એ છે કે–અમારા પૂર્વજોએ પળી જોયા પહેલાંજ ચારિત્ર ગ્રહણ કરેલું હતું અને હું તો હે પ્રિયે ! પળી આવ્યા છતાં પણ વિષયમાંજ આસક્ત રહ્યો છું. તેમ છતાં પણ હું હવે જલદી ચારિત્ર ગ્રહણ કરીશ; પરંતુ પુત્ર હજુ દુગ્ધમુખ (બાળક) છે, તેની ઉપર રાજ્યનો આરોપ કેમ થાય ? અથવા તો મને વ્રત લેવાની ઇચ્છા થઈ છે તો હવે મારે રાજ્યવડે કે પુત્રવડે શું પ્રયોજન છે ? (તેનું જે થવાનું હોય તે થાઓ) માટે હે બુદ્ધિશાળી ! હું તો વ્રત ગ્રહણ કરીશ, અને તું તારા પુત્રને વૃદ્ધિ પમાડજે." તે સાંભળી ધારિણી બોલી કે–"હે નાથ ! હું તમારા વિના રહીશ નહીં. ગમે તેવા સમયમાં પણ સતીઓ પતિના માર્ગનેજ અનુસરનારી હોય છે. તેથી બાળક પુત્રને વિષે પણ તમે રાજ્ય સ્થાપન કરો અને હું શરીરની છાયાની જેમ વનમાં પણ તમારી પાસે રહીને તમારી સેવા કરીશ, બાલ્યાવસ્થાવાળો પણ આપણો પુત્ર અરણ્યમાં ઉત્પન્ન થયેલા વૃક્ષની જેમ પોતાના કર્મવડેજ વૃદ્ધિ પામો, મારે તેનું શું પ્રયોજન છે ?" તે સાંભળી સોમચંદ્રરાજા પુત્રને રાજ્ય અર્પણ કરી રાણી અને ધાત્રી સહિત દિશાપ્રોક્ષિત જાતિના તાપસ થયા. તેણે ઘણા કાળથી શૂન્ય થયેલા કોઈ આશ્રમનો આશ્રય કર્યો, અને સૂકાં પાંદડાં વિગેરેનું ભોજન કરી દુષ્કર તપ કરવા લાગ્યો. તેણે પલાશ વૃક્ષનાં પાંદડાં લાવી તેનાવડે મૃગો તથા મુસાફરોને શીતળ છાયારૂપી અમૃતની પરબ સમાન એક મઢી (ઝુંપડી) બનાવી. પત્નીના પ્રેમરૂપી તંતુથી બંધાયેલો તે સોમચંદ્ર અત્યંત સ્વાદિષ્ટ જળ અને વનસ્પતિના ફળો તેને લાવી આપતો હતો. તેમજ પતિ ઉપર અત્યંત ભક્તિવાળી તે ધારિણી ત્યાં પણ પતિને માટે કોમળ તૃણની શય્યા કરી આપતી હતી. ઇંગુદના પાકા ફળો લાવી તેને પીસીને દિવસે તેમાંથી તેલ કાઢતી હતી અને રાત્રીએ તેના દીવા કરતી હતી. પતિના સુખને માટે અરણ્યના આર્દ્ર છાણવડે આશ્રમના આંગણાને લીંપતી હતી અને વારંવાર તેને વાળીને સાફ કરતી હતી.

આશ્રમમાં રહેતા એવા તે દંપતી મૃગના બાળકોને લાડ લડાવતા હતા અને તપના કષ્ટને જાણતા પણ નહોતા. એ પ્રમાણે તે દંપતીએ કેટલોક કાળ નિર્ગમન કર્યો. તેવામાં સંતોષરૂપી અમૃતને ધારણ કરનારી ધારિણીનો પ્રથમ રાજ્યમાં હતાં ત્યારે રહેલો ગર્ભ તેણીને વ્યથા ઉત્પન્ન કર્યા વિનાજ વૃદ્ધિ પામવા લાગ્યો. સમય પૂર્ણ થયે ધારિણીએ સંપૂર્ણ લક્ષણવાળા પુત્રને પ્રસવ્યો. તે પુત્ર તેલ પૂર્યા વિનાના દીપકની જેમ પોતાની કાંતિવડે સૂતિકાગૃહની અંદર સર્વત્ર પ્રકાશ કરતો હતો. પછી તેને આશ્રમને વિષે [1]વલ્કલોજ હોવાથી વલ્કલોવડેજ વીંટ્યો. તેના પિતાએ તે કારણથી તેનું વલ્કલચીરી નામ પાડ્યું. થોડા વખતમાંજ ધારિણી સૂતિકા રોગથી મરણ પામી, એટલે તે પુત્ર નિરક્ષર (અભણ) પુરૂષની જેમ [2]અદૃષ્ટમાતૃક થયો. તે બાળકને સોમચંદ્ર વારંવાર અરણ્યની ભેંશનું દૂધ પાતા હતા અને એક ધાત્રીને ઉછેરવા આપ્યો હતો. કેટલેક કાળે તે ધાત્રી પણ દૈવયોગે જાણે ધારિણીની પાછળ જવા ઇચ્છતી હોય તેમ મરણ પામી, તેથી સોમચંદ્ર તે બાળકને પોતેજ ભેંશનું દૂધ પાઇને ઉછેરવા લાગ્યા અને તે ગમન કરે, બેસે, સુવે કે કાંઇ ક્રિયા કરે તે બધો વખત તેને પોતાની પાસેજ રાખવા લાગ્યા. તે બાળક અનુક્રમે વૃદ્ધિ પામી પગે ચાલવા શક્તિમાન થયો એટલે વનમાં રહેલા મૃગના બાળકો સાથે ધણા ક્રીડા કરવા લાગ્યો. તપસ્વી સોમચંદ્ર પોતેજ આણેલા લાકડાવડે અને પોતે આણેલા નીવાર ધાન્યવડે પોતેજ રસોઇ કરીને તે બાળકને જમાડતા હતા. વનના ધાન્યવડે અને વનના ફળોવડે તે બાળકને પાળી પોષીને સોમચંદ્રે દુષ્કર તપમાં પોતાનો સહાયભૂત કર્યો. પછી તે વલ્કલચીરી પણ યુવાવસ્થા પામીને સર્વ કાર્યમાં સમર્થ અને પિતાની સેવા કરવામાં પ્રવીણ થયો. એટલે તે હમેશાં ફળ વિગેરે લાવીને પિતાને આપવા લાગ્યો અને પિતાના શરીરને ચાંપવા ચોળવાવડે કરીને તેમની સેવા કરવા લાગ્યો. 'સેવાજ સત્પૂ

૧ છાલના વસ્ત્રો. ૨ જેણે માતૃકા એટલે સ્વરાદિક અક્ષર નથી જોયા તે. પુત્રના પક્ષમાં જેણે માતા નથી જોઇ તે.

મનમાં ઉતર્યું છે." વલ્કલચીરી જન્મથી આરંભીનેજ પ્રક્ર[illegible]
થયો. અને સ્ત્રીરહિત વનમાં વસવાથી સ્ત્રીનું નામ જાણવાથી [illegible]
તેને ઓળખવાથી પણ અજ્ઞાન રહ્યો.

અહીં પ્રસન્નચંદ્ર રાજાએ એકદા વનમાં રહેલા પિતાને [illegible]
રિણીની કુક્ષિથી પુત્ર ઉત્પન્ન થયો છે એમ સાંભળ્યું કે જે પો[illegible]
તાનો સહોદર ભાઈ થતો હતો. તે વાત સાંભળીને "તે મારો ભા[illegible]
કેવો હશે? અને તે મને શી રીતે મળશે?" એમ વિચારત[illegible]
એવા રાજાના મનમાં તેને મળવાની તીવ્ર ઉત્કંઠા થઈ. તેથી તેણે
ચિત્રકારોને આજ્ઞા કરી કે—"હે ચિત્રકારો! તમે પિતાજીના ચ[illegible]
રણકમળથી પવિત્ર કરાયેલા તે તપોવનમાં જાઓ, અને ત્યાં
પિતાના ચરણકમળમાં હંસ સમાન મારો નાનો ભાઈ વસે છે,
તેનું રૂપ આળેખીને જલદી લાવો." તે સાંભળી "આપની આજ્ઞા
પ્રમાણ છે" એમ કહી ચિત્રકારો વલ્કલચીરીએ પવિત્ર કરેલા તે
[illegible]

મગેલા પ્રાણીની જેમ તેને માગ વિના પાછો નગરમાં લાવવો તે દુષ્કર કાર્ય છે. પરંતુ તે જો માગ રાજ્યનો વિભાગી ન થાય તો મને રાજ્યને વિષે પણ સુખ નથી. પણ દુઃખ છે."

આ પ્રમાણે ભાઈના વનવાસના દુઃખને અંગે શોક કરતા રાજાએ અનુરાગથી શોભતી વેશ્યાઓને આજ્ઞા આપી કે-"તમારે મુનિના વેષે વનમાં જઈ શરીરના સ્પર્શવડે નવા નવા કોમળ શબ્દોવડે અને મનોહર સાકરના ફળોવડે[1] મારા નાના ભાઈને લોભ પમાડી શીઘ્ર અહીં લઈ આવવો." આ પ્રમાણે રાજાની આજ્ઞા થવાથી તત્કાળ તાપસના વેષને ધારણ કરીને તે વેશ્યાઓ સોમચંદ્રે આશ્રય કરેલા આશ્રમસ્થાનમાં આવી. ત્યાં બિલ્વાદિક ફળો લઈને આવતા વલ્કલના વસ્ત્રવાળા તે ઋષિપુત્રને વેશ્યાઓએ જોયો. મુનિના વેષવાળી તેઓને જોઈ સરળ બુદ્ધિવાળા તેણે તેઓને પ્રણામ કર્યો અને પૂછ્યું કે-"હે મુનિઓ! તમે કોણ છો? અને તમારો આશ્રમ ક્યાં છે?" તેઓ બોલી કે-"અમે પોતન આશ્રમના રહેનારી ઋષિઓ છીએ અને તમારા અતિથિપણે આવ્યા છીએ, તમે અમારૂં શું આતિથ્ય કરશો?" તે બોલ્યો "હે મહર્ષિઓ! આ પાકાં અને મધુર ફળો હું વનમાંથી લાવ્યો છું, તે તમે ખાઓ." તેઓ બોલી-"અમારા આશ્રમમાં આવા નિરસ ફળોને કોઈ નિરસ માણસ પણ ખાતા નથી, અમારા આશ્રમના વૃક્ષોના ફળનો વાનકી તમે જુઓ." એમ કહી તેઓ એક વૃક્ષની નીચે બેઠી અને તેને પણ બેસાડ્યો પછી હૃદયમાં પ્રયાસની સફળતાને માનતી તેઓએ તેને સાકરના ફળો (મોદકો) ખવરાવ્યા. તેના સ્વાદથી તે પણ તત્કાળ બિલ્વાદિક ફળો ઉપર ઉદ્વેગવાળો થયો. એક સ્થાનમાં રહેલા તેને તેઓએ પોતાના શરીરનો સ્પર્શ કરાવ્યો અને પુષ્ટ સ્તનરૂપી કળશવાળા પોતાના વક્ષસ્થળ ઉપર તેનો હાથ મૂક્યો. તેના સ્પર્શનો આનંદ અનુભવીને તે બોલ્યો કે-"હે મહર્ષિઓ! તમારૂં આ શરીર આટલું બધું કોમળ કેમ છે? અને તમારા વક્ષસ્થળ ઉપર આ બે સ્થળો ઉંચા કેમ છે?" ત્યારે તેઓ પોતાના કોમળ હસ્ત-

૧ મોદકવડે.

વાળી વાપરી કેમ છે ?" રથી બોલ્યો–"આ અતિ મુગ્ધ છે, અને સ્ત્રીરહિત વનમાં રહે છે, એટલે સ્ત્રી પુરુષના ભેદને પણ તે જાણતો નથી. તેથી તને પણ તે પુરુષ જ માને છે." પછી ચાબુકથી હંકાતા અશ્વોને જોઈ વલ્કલચીરીએ રથીને કહ્યું કે–"હે તાત ! આ મૃગોને રથમાં જોડીને કેમ હાંકો છો ? આવું કાર્ય કરવું મુનિને યોગ્ય નથી." તે સાંભળી રથીએ હસીને વલ્કલચીરીને કહ્યું કે–"હે મુનિકુમાર ! આ મૃગોનું આજ કાર્ય છે, તેને મારવામાં કાંઈ દોષ નથી." પછી તે રથીએ વલ્કલચીરીને સ્વાદિષ્ટ મોદકો આપ્યા, તે ખાઈ તેના સ્વાદમાં મગ્ન થયેલો તે બોલ્યો કે–"પોતનાશ્રમનિવાસી મહર્ષિઓએ મને પહેલાં પણ આવાં જ ફળો આપ્યાં હતાં અને તે મેં ખાધાં હતાં." તે મોદકના આસ્વાદથી જ પોતનપુર જવાને તે ઉત્સુક થયો હતો અને કસાયલાં તથા લૂખાં બિલ્વ, આમળાં વિગેરે ફળો ઉપર તે ઉદ્વેગ ભાવ પામ્યો હતો.

માર્ગમાં તે રથીને એક બળવાન ચોરની સાથે યુદ્ધ થયું, તેમાં તે રથીએ ગાઢ પ્રહારથી તેને હણ્યો તે વખતે તે ચોર બોલ્યો કે–"શત્રુનો પ્રહાર પણ વખાણવા લાયક છે કે જેથી તેં પ્રહાર કરીને મને જીતી લીધો છે તેથી હે મનુષ્ય ! હું તારા પર પ્રસન્ન થયો છું માટે અહીં મારું ઘણું ધન છે તે તું ગ્રહણ કર." પછી તે ત્રણેએ (રથી, તેની સ્ત્રી અને વલ્કલચીરીએ) થઈને તે ધન રથમાં નાખ્યું અનુક્રમે ચાલતાં તેઓ પોતનપુર પહોંચ્યા, ત્યારે તેણે વલ્કલચીરીને કહ્યું કે–"તું જે પોતનાશ્રમને ઈચ્છે છે તે જ આ આશ્રમ છે." એમ કહી તે રથીએ માર્ગમાં વિખૂટા પડતાં તાપસકુમારને કાંઈક ધન આપ્યું, અને હસતાં હસતાં કહ્યું કે–"આ આશ્રમમાં ધન વિના રહેવાનું સ્થાન મળશે નહીં. તેથી તારે આશ્રમને માટે કોઈને ભાડા તરીકે આ ધન આપવું."

પછી તે ઋષિ મુનિકુમાર નગરમાં મોટી મોટી હવેલીઓ જોતો "અહીં રહું ? કે અહીં રહું ?" એમ તર્કવિતર્ક કરતો આખા નગરમાં ભમ્યો. મુગ્ધ બુદ્ધિવાળો તે પુરુષોને તથા સ્ત્રીઓને

ઋષિની બુદ્ધિથી પ્રણામ કરતો હતો, તેથી નગરના લોકો તેની
હાંસી કરતા હતા. નગરમાં ભમતાં તેણે મનુષ્ય પાસેથી, ઉટજ"
શાલુની જેમ સ્ખલના પામ્યા વિના કોઈ એક વેશ્યાના ઘરમાં
પ્રવેશ કર્યો. તેણે તે ઘરને આશ્રમ માન્યું અને વેશ્યાને મુનિ માન્યો,
તેથી તેણીને પણ તેણે કહ્યું કે-"તાત ! તમને હું પ્રણામ કરૂં
છું." વળી તેણે પ્રાર્થના કરી કે-"હે મહર્ષિ ! મને એક ઝુંપડી
રહેવા આપો, અને તેના ભાડા બદલ આ દ્રવ્ય ગ્રહણ કરો."
તે સાંભળી "આ સમગ્ર ઉટજ ! તમારેજ છે, તેને તમે ગ્રહણ કરો.
(તેમાં રહો.)" એમ કહી તે વેશ્યાએ તેના શરીરનો સંસ્કાર કરવા
માટે તત્કાળ હજામને બોલાવ્યો. તે હજામે તે ઋષિની ઇચ્છા
વિના પણ વેશ્યાની આજ્ઞાથી તેના ઝુંપડા જેવડ હાથ પગના નખો
તેને કાંઈ પણ પીડા ન થાય તેમ ઉતાર્યા. પછી તે વેશ્યાએ તે
કુમારને સ્નાન કરાવવા માટે તેનું વલ્કલ વસ્ત્ર દૂર કરી બીજું સારૂં
વસ્ત્ર પહેરાવ્યું. વલ્કલનું વસ્ત્ર દૂર કરતી વખતે તે મુનિ બાળ-
[illegible] હે મહામુનિ
[illegible]

પોતાની એક કન્યા સાથે તેનું પાણિગ્રહણ કરાવ્યું. તેનું પાણિગ્રહણ કરતી વખતે તે કન્યા જાણે મૂર્તિમાન ગૃહસ્થાશ્રમની લક્ષ્મી હોય તેવી શોભવા લાગી. પછી સર્વ વેશ્યાઓ એકઠી થઇ તે વધુવરનાં ગીત ગાવા લાગી. તે જોઇ ઋષિકુમારે વિચાર્યું કે–"આ ઋષિઓ શું ભણે છે ?" તે ગણિકાએ માંગળિક વાજિંત્રો વગડાવ્યાં, તે જોઈ 'આ શું ?' એમ વિચારી ભયભીત થઈ સોમચંદ્રના પુત્રે પોતાના કાન ઢાંકી દીધા.

અહીં મુનિના વેષને ધારણ કરી જે વેશ્યાઓ કુમારને લાવવા માટે વનમાં ગઈ હતી તેઓએ પાછાં આવી રાજાને વિજ્ઞપ્તિ કરી કે–"હે દેવ ! અમે તેવા તેવા પ્રકારે કરીને તે વનેચર કુમારને લોભ પમાડ્યો અને અહીં આવવાનો સંકેત પણ તેણે અમારી સાથે કર્યો. પરંતુ તેજ વખતે દૂરથી તેના પિતાને આવતા જોઈ તેના શાપના ભયથી અમે સ્ત્રી જાતિસ્વભાવથી બીકણ હોવાને લીધે નાશી આવી. હવે અમારા બતાવેલા લોભને વશ થયેલો તે અમને શોધવા માટે ભમતો ભમતો એક વનથી બીજા વનમાં જશે, પણ પિતાના આશ્રમમાં તો જશેજ નહીં." તે સાંભળી રાજા પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે–" અહો ! મેં મૂર્ખે આ શું કર્યું ? એક તો પિતા અને પુત્રનો વિયોગ કરાવ્યો અને મને મારો નાનો ભાઇ પ્રાપ્ત ન થયો. પિતાથી જૂદો પડેલો તે હવે શી રીતે જીવશે ? કેમકે જળની બહાર રહેલ મત્સ્ય કેટલો કાળ જીવે ?" આ પ્રમાણે દુઃખથી અત્યંત અરતિ પામેલો રાજા થોડા જળમાં માછલાંની જેમ શય્યામાં તરફડવા લાગ્યો અને ગીત ગાન વાજીત્ર સર્વત્ર બંધ કરાવ્યું. આ અવસરે તે વેશ્યાને ઘેર વાગતા વાજિંત્રનો શબ્દ રાજાના કાનનો અપ્રિય અતિથિ થયો. તેથી રાજા બોલ્યો કે–"સર્વ નગર મારા દુઃખથી દુઃખી છે અને આ લોકોત્તર સુખી કોણ છે કે જેની પાસે આવો વાજિંત્રનો ધ્વનિ થાય છે ? અથવા તો સર્વ કોઇ મનુષ્ય પોતપોતાના સ્વાર્થમાંજ તત્પર હોય છે. કારણકે આ મૃદંગનો ધ્વનિજ અત્યારે કોઇને હર્ષ આપે છે અને મને મુદ્ગરના ઘા જેવો લાગે છે." આવી રાજાની વાણીએ

ડ પાણીની જેમ લોકોના કર્ણની પરંપરાવડે તે વેશ્યાના કાન-
યાતાને તત્કાળ પૂર્ણ કરી દીધો. તેથી તે વેશ્યા તરતજ પ્રસ-
રાજાની પાસે આવી અને બે હાથ જોડી તેણે પ્રણામથી
અને પ્રગલ્ભ વાણીવડે વિજ્ઞપ્તિ કરી કે—"હે દેવ ! મને
કોઈ નિમિત્તિકે કહ્યું હતું કે—મારે ઘેર મુનિના વેષવાળો જે
આવે તેને તું તારી પુત્રી પરણાવજે તેથી આજે અજ-
જેમ કાંઈ પણ સંસારવ્યવહારને નહીં જાણનારો કોઈ એક
ા વેષવાળો યુવાન મારે ઘેર આવ્યો છે, તેને મેં મારી
સાથે પરણાવ્યો છે. હે દેવ ! તેના વિવાહના ઉત્સવમાં મારે
ીત વાદ્ય વિગેરે થાય છે. આપ દુઃખી છો તે હું જાણતી
ી, તેથી જો આ બાબતમાં મારો અપરાધ થયો હોય તો ક્ષમા
તે સાંભળી રાજાએ પૂર્વે તે કુમારને જેઓએ જોયો હતો
ુષોને તેને ઓળખવા મોકલ્યા. તેઓએ ત્યાં જઈને તેને
્યો. એટલે તેઓએ રાજા પાસે આવીને 'તેજ કુમાર છે'
જણાવ્યું. તે સાંભળી રાજા પણ જાણે સારૂં સ્વપ્ન જોયું હોય
અત્યંત હર્ષ પામ્યો. પછી રાજાએ તે વલ્કલચીરીને તેની
હિત હાથણી ઉપર બેસાડીને પોતાને ઘેર તેડી મંગાવ્યો. પછી
ે તેને અનુક્રમે સર્વ વ્યવહારમાં કુશળ બનાવ્યો. પરિ-
પશુઓને પણ શીખવે છે, તો પુરૂષને શીખવે તેમાં શું
ર્ય ! પછી તેને રાજ્યનો વિભાગ આપી રાજા કૃતાર્થ થયો
તેને દેવાંગના જેવી રાજકન્યાઓ પણ પરણાવી. જેના [illegible]
[illegible] તથા જે સુખરૂપી [illegible] હસ્તી [illegible]
[illegible] તે વલ્કલચીરી તે [illegible]

એકદા વલ્કલચીરી [illegible] મિત્ર [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

જેવી મધુર દૃષ્ટિવડે તેને જોયો. પછી તે વલ્કલચીરીએ રાજાને પોતાના માર્ગના ઉપકારી તરીકે તેને ઓળખાવ્યો અને છોડી મૂકાવ્યો. 'સત્પુરુષો ઉપકારને ખાઈ જનારા (કૃતઘ્ન) હોતા નથી, કૃતજ્ઞ જ હોય છે.'

અહીં વલ્કલચીરીના ગયા પછી સોમચંદ્ર મુનિ પોતાના પુત્રને નહીં જોવાથી તેને શોધવા માટે સમગ્ર વનમાં નિરંતર નેત્રના જળવડે દરેક વૃક્ષને સીંચતા ભમવા લાગ્યા. કેટલેક દિવસે પ્રસન્નચંદ્ર રાજાએ મોકલેલા પુરુષોએ તેના સમાચાર કહ્યા, તે સાંભળી સોમચંદ્રનાં નેત્રો વિકસ્વર થયાં, પરંતુ પુત્રના વિયોગને લીધે ચિરકાળ સુધી અત્યંત રૂદન કરવાને લીધે તેને દિવસે પણ રાત્રિને કરનારૂં અંધપણું પ્રાપ્ત થયું, તેથી તેના સહચારી બીજા તાપસો તે વૃદ્ધ તાપસને તપને છેડે ફળાદિકવડે પારણું કરાવવા લાગ્યા.

બાર વર્ષ વીતી ગયાબાદ એકદા મધ્ય રાત્રિએ જાગૃત થયેલા પ્રસન્નચંદ્રના નાના ભાઈએ વિચાર કર્યો કે-"હું મંદ ભાગ્યવાળો ઉત્પન્ન થયો કે જન્મતાજ મારી માતા મરણ પામી, ત્યારપછી અરણ્યમાં વસતા છતાં પણ મારા પિતાએ મારૂં ભરણપોષણ કર્યું, છતાં મેં અતિ દુરાત્માએ નિરંતર પિતાની કેડ ઉપર રહીને તેમને તપના કષ્ટ કરતા પણ અધિક કષ્ટ ઉત્પન્ન કર્યું. જ્યારે યુવાવસ્થાને પામી તેના પ્રત્યુપકાર કરવાને હું સમર્થ થયો ત્યારે દેવોને ઇંદ્રિયોને વશ થયેલા હું પાપી અહીં આવ્યો. મારા પિતાનો મારી ઉપર એટલો બધો ઉપકાર છે કે-એક જન્મે કરીને પણ હું તેનો અનૃણી થઈ શકું તેમ નથી. તેમણે મહા કષ્ટ સહન કરીને પુત્ર જેવડ મને હાથી જેવડો બનાવ્યો છે." આ પ્રમાણે વિચારીને તેણે વડીલ બંધુ (રાજા) પાસે જઈને કહ્યું કે-"હે દેવ! હું પિતાજીના ચરણકમળના દર્શન કરવા માટે અત્યંત ઉત્સુક થયો છું." રાજાએ કહ્યું-"હે ભાઈ! આપણા બન્નેના પિતા એકજ છે, તેથી તારી જેમ મને પણ તેમના ચરણના દર્શનની ઉત્કંઠા છે." ત્યારપછી તે રાજા અને યુવરાજ બન્ને પરિવાર સહિત પિતાના

ચરણથી ભૂષિત કરાયેલા તે આશ્રમમાં ગયા. બન્ને ભાઇઓ વાહનમાંથી નીચે ઉતર્યા એટલે વલ્કલચીરીએ મોટા ભાઇને કહ્યું કે-"આ તપોવન જોઇને મને રાજ્યલક્ષ્મી તૃણ સમાન લાગે છે, જેમાં હું હંસની જેમ ક્રીડા કરતો હતો તે આ સરોવરો છે, જેનાં ફળોને વાનરની જેમ હું ખાતો હતો તે આ વૃક્ષો છે, આ ભાઇની જેવા ધૂળની ક્રીડાના મિત્રો મૃગલાઓ છે, અને જેમનું મેં દૂધ પીધું હતું તે આ માતાતુલ્ય ભેંસો છે. હે સ્વામી! આ વનમાં મને જે જે સુખો પ્રાપ્ત થયાં છે તેમાંથી કેટલાં સુખોનું હું વર્ણન કરૂં? માત્ર એક પિતાની સેવાનું સુખ પણ મને રાજ્યમાં ક્યાંથી હોય?" આ પ્રમાણે વાતો કરતાં તે બન્ને ભાઇઓ તે આશ્રમમાં પેઠા, અને નેત્રરૂપી કમળને વિકસ્વર કરવામાં સૂર્યસમાન પિતાને જોયા. રાજા સોમચંદ્રમુનિને પ્રણામ કરતાં બોલ્યો કે-"હે તાત! તમારો પુત્ર આ પ્રસન્નચંદ્ર તમને પ્રણામ કરે છે." તે સાંભળી સોમચંદ્રે પ્રણામ કરતા રાજાને જાણે કે માર્ગમાં તેના શરીરને લાગેલી રજને દૂર કરતો હોય તેમ હાથવડે સ્પર્શ કર્યો. પિતાએ પોતાના હસ્તકમળથી સ્પર્શ કરાયેલો રાજા રોમાંચના અંકુરાએ કરીને ખીલેલા કદંબ વૃક્ષ જેવો થયો. પછી રાજાનો નાનો ભાઈ પણ સોમઋષિને પ્રણામ કરતો બોલ્યો કે-"આ વલ્કલચીરી તમારા ચરણકમળમાં ભ્રમરપણાને પામે છે." તે સાંભળી કમળની જેમ તેના મસ્તકને સુંઘીને હર્ષ પામેલા સોમચંદ્રે નવો મેઘ પર્વતનું આલિંગન કરે તેમ તેને સર્વ અંગે આલિંગન કર્યું. તે વખતે સોમઋષિના નેત્રોમાં પ્રગટ થયેલા ઉષ્ણ અશ્રુ તત્કાળ અંધપણાનો નાશ કરવામાં પરમ ઔષધ રૂપ થયા. જેથી તત્કાળ પ્રકાશિત થયેલા નેત્રોવડે મુનિએ તે બંને પુત્રોને જોયા, તે વખતે જાણે ફરીથી ગૃહસ્થાશ્રમના સ્નેહબંધનને પામ્યો હોય તેવો તે થયો. એટલે તેણે પુત્રોને પૂછ્યું કે-"હે પુત્રો! તમે સુખે સુખે કાળ નિર્ગમન કરો છો?" તેઓ બોલ્યા-"કલ્યાણવૃક્ષના દોહદરૂપ તમારા પ્રસાદથી અમારો કાળ સુખમાં નિર્ગમન થયો છે ને થાય છે."

પછી "મારા તાપસના ઉપકરણો આટલો વખત મારા જોયા વિનાના છે તે કેવાં રહ્યા હશે ?" એમ વિચારી વલ્કલચીરી તે લેવા માટે તત્કાળ ઉટજમાં પેઠો. ત્યાં તે પોતાનાં તાપસપણાના ઉપકરણો જોઈ તેના પર પૂર્વની મમતા જાગૃત થવાથી તેની પોતાના ઉત્તરીય વસ્ત્રવડે પડિલેહણ કરવા લાગ્યો. તે વખત તેને વિચાર થયો કે-"શું પહેલાં કોઇ વખતે યતિના પાત્રોને મેં પાત્રકેસરીકાવડે[1] પડિલેહ્યાં છે ?" આ પ્રમાણે વિચારતાં તેને તરતજ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, અને ગઈ કાલેજ કરેલા કાર્યની જેમ તેને પોતાના પૂર્વના દેવ અને મનુષ્યના ભવો સ્મરણમાં આવ્યા. પૂર્વભવમાં પાળેલા ચારિત્રનું સ્મરણ થતાં વલ્કલચીરી મોક્ષલક્ષ્મીના મિત્રરૂપ ઉત્કૃષ્ટ વૈરાગ્યને પામ્યા અને ધર્મધ્યાનને ઓળંગી શુક્લધ્યાનના બીજા પાયામાં વર્તતાં તત્કાળ ઉજ્વળ કેવળજ્ઞાનને પામ્યા. પછી કેવળી મહાત્મા સોમચંદ્રના પુત્રે પિતાને અને ભાઇને અમૃતના જેવી ધર્મદેશના આપી. ત્યાર પછી દેવતાએ આપેલા યતિવેશને ધારણ કરનાર વલ્કલચીરીને પ્રતિબોધ પામેલા સોમચંદ્ર અને પ્રસનચંદ્રે પ્રણામ કર્યો.

હે શ્રેણિક રાજા ! અન્યદા અમે વિહાર કરતા પોતનપુરની પાસેના મનોરમ નામના ઉદ્યાનમાં સમવસર્યા. તે વખતે પ્રત્યેકબુદ્ધ વલ્કલચીરીએ તેના પિતાને અમને સોંપી અન્યત્ર વિહાર કર્યો. પ્રસન્નચંદ્ર રાજા પોતનપુરમાં ગયો અને વલ્કલચીરીના વચનથી સ્થિર વૈરાગ્ય વાળો રહ્યો. ત્યારપછી પ્રસન્નચંદ્ર રાજાએ પોતાના રાજ્ય ઉપર બાલ્યાવસ્થાવાળા પુત્રને સ્થાપન કરી વિરક્તપણાને લીધે અમારી પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી."

આ પ્રમાણે પ્રસન્નચંદ્ર ઋષિનું ચરિત્ર કહી શ્રીવીર ભગવાન્ વિરામ પામ્યા, તેટલામાં શ્રેણિક રાજાએ આકાશમાં દેવોને આવતા જોયા. એટલે તેણે ફરીથી પ્રણામ કરી જગદીશ્વરને પૂછ્યું કે-"હે પ્રભુ! આકાશને પ્રકાશિત કરતો આ દેવોનો સમૂહ શા નિમિત્તે આવતો દેખાય છે ?" સ્વામી બોલ્યા કે-"પ્રસન્નચંદ્ર

૧ પાત્ર પ્રમાર્જવાની પુંજણી.

ઋષિને હમણાંજ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેનો મહિમા કરવા માટે આ દેવો આવે છે.” ફરીથી મગધેશ્વરે જિનેશ્વરને પૂછ્યું કે–“ હે ભગવાન્ ! કેવળજ્ઞાન વિચ્છેદ ક્યારે પામશે ?” ભગવાન્ બોલ્યા કે–“ આ બ્રહ્મેંદ્રનો સામાનિક દેવ વિદ્યુન્માલી ચાર દેવીઓ સહિત અહિં બેઠેલો છે, તે આજથી સાતમે દિવસે ચ્યવીને તારા નગરમાં ઋષભદત્ત શ્રેષ્ઠિનો પુત્ર જંબૂ નામે થશે. તે ચરમ કેવળી થશે. ત્યારપછી કેવળજ્ઞાન વિચ્છેદ જશે. રાજાએ પૂછ્યું–“ આ દેવનું ચ્યવન સમીપે છતાં તેનું તેજ કેમ ક્ષીણ થયું નથી ?” પ્રભુ બોલ્યા કે–“ હે રાજા ! જે દેવો એકાવતારી હોય છે તેઓને તેજનો ક્ષય થવા વિગેરે ચ્યવવાનાં ચિન્હો થતાં નથી.” તે વખતે અનાદૃત નામનો જંબૂદ્વીપનો દેવ હર્ષથી ઉંચા સ્વરે બોલ્યો કે–“ અહો મારૂં કુળ બહુ ઉંચું જણાય છે.” તે સાંભળી શ્રેણિકે હાથ જોડી ભગવાનને પૂછ્યું કે–“આ દેવ આ પ્રમાણે પોતાના કુળની પ્રશંસા કેમ કરે છે ?” ભગવાન બોલ્યા કે—

હે રાજા ! આજ નગરમાં પૃથ્વીને વિષે પ્રસિદ્ધ ગુપ્તમતિ નામે શેઠી રહેતો હતો, તેને અનુક્રમે બે પુત્રો થયા હતા. તેમાં મોટાનું નામ ઋષભદત્ત અને નાનાનું નામ જિનદાસ હતું. મોટો ઘણોજ સદાચારી અને નાનો દ્યૂતાદિકના વ્યસનવાળો હતો. તે બન્ને અનુક્રમે પહેલા અને છેલ્લા યુગના જાણે પ્રત્યક્ષ શરીર હોય તેવા હતા. બુદ્ધિમાન ઋષભદત્તે જિનદાસને દુરાચારી જાણી સર્વ સ્વજનોની સાક્ષીએ તેનો ત્યાગ કર્યો. તે મોટો શ્રેષ્ઠીપુત્ર “ હું ભાઇ વિનાનોજ છું ” એમ સર્વત્ર બોલતો હતો અને નાનાભાઇને સ્વાનની જેમ ઘરના પ્રવેશ કરવા પણ દેતો નહોતો. એકદા કોઇ જુગારી સાથે જુગાર રમતાં જિનદાસને અતિશય ક્લેશ થયો. તેમાં તે જુગારીએ જિનદાસને કોઇક શસ્ત્ર માર્યું. દ્યૂતરૂપી વિષવૃક્ષના ફળરૂપ શસ્ત્રના પ્રહારની વેદનાને અનુભવતો જિનદાસ રંકની જેમ પૃથ્વીપર આળોટવા લાગ્યો. તે વખતે ઋષભદત્તને તેના સ્વજનોએ કહ્યું કે–“ હે અર્હંત્ ધર્મના જાણ ! દરેક પ્રાણીના પર સાધારણ એવી દયાવડે કરીને પણ

મહામુનિ ભવદત્ત પણ 'આ પાછો મા વળો' એમ ધારી તેના મનની ગમનને માટે તેની પાસે ગૃહસ્થાશ્રમની વાર્તા પ્રારંભી—"હે ભાઇ ! આપણે જે વૃક્ષો ઉપર વાનરની જેમ સ્વેચ્છાએ ક્રીડા કરતા હતા તે આ મુસાફરોને માટે જાણે માંડવા કર્યા હોય તેવા ગામના પાદરના વૃક્ષો છે. તે આ સરોવરો છે કે જ્યાં આપણે બાલ્યાવસ્થામાં કમલિનીના નાળવડે પરસ્પરના કંઠની હારતારમી કરતા હતા અને તે આ ઘણી વાળુકાવાળી ગામના પાદરની ભૂમિઓ છે કે જ્યાં આપણે વર્ષાઋતુમાં વાળુકાનાં ચૈત્ય બનાવી ક્રીડા કરતા હતા." આ પ્રમાણે માર્ગમાં નાના ભાઈ સાથે વાર્તા કરતા ભવદત્ત મુનિ આચાર્યના ચરણકમળવડે પવિત્ર કરેલા ગામમાં આવ્યા.

નાના ભાઈ સહિત ભવદત્ત મુનિને ઉપાશ્રયના દ્વાર પાસે આવેલા જોઈ બીજા નાના સાધુઓ પરસ્પર હોડ વાળી કરીને બોલ્યા કે "અહો ! આ મુનિ પોતાનું વચન સત્ય કરવા માટે દિવ્ય વર્ણ ધારણ કરનાર પોતાના નાના ભાઈને દીક્ષા આપવા માટે અહીં લાવ્યા જણાય છે." સૂરિએ પૂછ્યું કે 'હે ભવદત્ત ! આ યુવાન કોણ છે?' તે [illegible] 'હે પૂજ્ય ! આ મારો નાનો ભાઈ છે અને તે આપની પાસે દીક્ષા લેવા માટે આવેલ છે." સૂરિએ ભવદેવને પૂછ્યું કે 'હે ભદ્ર ! શું તું વ્રતનો અર્થી છે?" તે સાંભળી 'મારા ભાઈ અસત્યવાદી ન થાય' એમ વિચારી તે બોલ્યો કે 'હા છું', એટલે તરત જ સૂરિએ તેને પ્રવ્રજ્યા આપી અને બીજા સાધુ સહિત તેને બીજે ઠેકાણે વિહાર પણ કરાવ્યો.

અહીં 'ભવદેવ હજુ કેમ ન આવ્યો ?' એવી ચિંતાથી તેના સ્વજનો પાછળથી આવીને ભવદત્ત મુનિને કહેવા લાગ્યા કે—"ભવદેવ અહીં [illegible] વહુને મૂકીને તમારી પાછળ આવેલ હતો, તેથી તે અમે પૂછી થયા હતા, પરંતુ તે હજુ પાછો આવ્યો નથી, તેથી અમે જીવતા છતાં મુવા સમાન થઈ ગયા છીએ. અનુક્રમે [illegible] વિરહ જેવી થયેલી તે વહુ [illegible] જેમ ખેદ કરે છે અને નીકગ્નાના પાણીની જેમ તેના નેત્રના પાણી

ક્રીડા કરીશ." આ પ્રમાણે ઉર્ણનાભ (કરોળીઆ)ની જેમ ચિંતા (વિચાર) રૂપી તંતુથી પોતાના આત્માને બાંધતો તે ભવદેવ સ્થવિર મુનિઓને પૂછ્યા વિનાજ ત્યાંથી નીકળી ગયો.

રાષ્ટ્રકૂટનો પુત્ર ભવદેવ શિઘ્રપણે સુગ્રામ ગામે આવ્યો અને ગામની બહાર ઢાંકેલા દ્વારવાળા એક આયતનની પાસે રહ્યો. તેટલામાં ત્યાં કોઈ બ્રાહ્મણીની સાથે કોઈ એક ગંધ અને માલ્યને ધારણ કરનારી સ્ત્રી આવી. તેણીએ 'આ મુનિ છે' એમ ધારી તેને વંદના કરી. ભવદેવે તેણીને પૂછ્યું કે–"હે ભદ્રે! અહીં આર્યવાન્ નામનો રાષ્ટ્રકુટ અને તેની સ્ત્રી રેવતી હતાં તે જીવે છે કે નહીં?" તે બોલી કે–"તે આર્યવાન્ અને રેવતી મરણ પામ્યાં છે અને તેમને મરણ પામ્યાને ઘણો સમય વીતી ગયો છે." ફરીથી તે મુનિએ પૂછ્યું કે–" આર્યવાનના પુત્ર ભવદેવે જે તરતની પરણેલી પ્રિયાનો ત્યાગ કર્યો હતો તે જીવે છે કે નહીં?" તે સાભળીને તેણીએ વિચાર કર્યો કે–"ખરેખર, આ તો ભવદેવ જણાય છે, તેણે તેમના મોટા ભાઈ પાસે વ્રત ગ્રહણ કર્યું હશે, તેથીજ આ મુનિવેષમાં જણાય છે માટે તે બાબત આ અહીં આ વેળા પાપ રહિત આત્માનેજ પૂછું" એમ વિચારી તે¹ બોલી કે–"આર્યવાન અને રેવતીના પુત્ર ભવદેવ તમે છો? હે તપોધન! તમે અહીં કેમ આવ્યા છો?" ભવદેવ બોલ્યો "તમે મને બરાબર ઓળખ્યો. તેજ હું નાગિલાનો [illegible] ભવદેવ છું તે વખતે મોટા ભાઈના આગ્રહથી તેણીને મૂકીને ગયેલા મેં ઇચ્છા વિના પણ દુષ્કર વ્રત ગ્રહણ કર્યું હતું હાલમાં તે મારા ભાઈ મરણ પામવાથી હું અંકુશ રહિત થયો છું; તેથી તે નાગિલાની શી અવસ્થા હશે તે જોવાની ઇચ્છાથી હું અહીં આવ્યો છું." તે સાભળી નાગિલાએ વિચાર કર્યો કે–" મને ઘણા કાળ પહેલા જોયેલી હોવાથી મારા વય અને રૂપ બદલાઈ ગયાં છે, તેથી આ મને ઓળખતા નથી. ઠીક છે, હું તેમને ઓળખાણ પાડું છું." એમ વિચારી નાગિલા બોલી કે–"તમે જે નવોઢાનો

---

૧ આ પૂછનાર નાગિલાજ છે.

ત્યાગ કર્યો હતો તેજ હું નાગિલા છું; આટલો કાળ જવાથી મારી યુવાવસ્થા પણ જતી રહી છે, તો હે પુણ્યશાળી! મારામાં શું લાવણ્ય છે? વિચારો, હે મહાશય! સ્વર્ગ અને મોક્ષના ફળને આપનાર આ ત્રણ રત્નનો ત્યાગ કરી માત્ર કોડીના જેવી મને હવે તમે ગ્રહણ કરશો નહીં. અત્યંત ઘોર નરકમાં પાડવાના સાક્ષીરૂપ અને કામદેવના શસ્ત્ર સમાન વિષયોના વેધ્યપણાને તમે પામશો નહિ. અર્થાત તેવા વિષયોથી તમે વિંધાશો નહિ. તમારા ભાઈએ કપટથી પણ હિતબુદ્ધિથી તમને વ્રત ગ્રહણ કરાવ્યું છે, તો પાપની ખાણરૂપ મારામાં રક્ત થઈને તેને તમે અનાસ ન માનશો. હજુ પણ તમે અહીંથી પાછા વળો, ગુરૂના ચરણ પાસે જાઓ, અને તેમની પાસે મારા ઉપર રાગથી કરેલા પાપની આલોચના કરો."

આ પ્રમાણે નાગિલા ભવદેવને ઉપદેશ આપતી હતી, તેટલામાં તે બ્રાહ્મણીનો પુત્ર દૂધપાક જમીને ત્યાં આવ્યો. તેણે તેની માને કહ્યું કે—"મેં આજે અમૃત જેવું સ્વાદિષ્ટ પાયસાન્ન ખાધું છે, તેનું મારે વમન કરવું છે, માટે હે માતા! તું નીચે પાત્ર ધરી રાખ. મને બીજે ઠેકાણેથી જમવાનું નિમંત્રણ આવ્યું છે, ત્યાં મને દક્ષિણા મળશે; પરંતુ આ પાયસાન્નનું વમન કર્યા વિના હે માતા! હું ફરીથી ભોજન કરી શકું તેમ નથી. દક્ષિણા લઈને અહીં આવીશ ત્યારે ફરીથી હું વમેલા પાયસાન્નને પાછો ખાઈ જઈશ. કારણ કે પોતાનું ઇષ્ટ અન્ન પોતાને જમવામાં શી લજ્જા છે?" બ્રાહ્મણી બોલી કે—"વમન કરેલાને જો તું ખાઈશ તો નિંદવા લાયક થઈશ. માટે હે પુત્ર! આ નિંદ્ય કર્મ કરવાથી સર્યું." તે સાંભળી ભવદેવ પણ બોલ્યા કે—"હે બટુક! તું વમન કરેલાને ખાઈશ તો શ્વાનથી પણ નીચ ગણાઈશ." ત્યારે નાગિલાએ તે મુનિને કહ્યું કે—"જો તમે આવું બોલો છો અને કહો છો તો મારૂં વમન કરીને ફરીથી મને ભોગવવાને કેમ ઇચ્છો છો? માંસ, રૂધિર, અસ્થિ, વિષ્ટા અને મૂત્રે કરીને ભરેલી હું અધમમાં અધમ અને વમનથી પણ વધારે નિંદ

છું, તો મને ઇચ્છતા તમે કેમ લજ્જા પામતા નથી? પર્વત ઉપર બળતા અગ્નિને જુઓ છો, પરંતુ પગની નીચે બળે છે તેને જોતા નથી, એટલે કે બીજાને શિક્ષા આપો છો, અને પોતાના આત્માને શિક્ષા કેમ આપતા નથી? જેઓ બીજાને શિક્ષણ આપવામાં વિચક્ષણ હોય તેઓની પુરૂષોમાં ગણના નથી, પરંતુ જેઓ પોતાના આત્માને ઉપદેશ આપે છે તેઓજ મનુષ્યમાં પુરૂષ ગણાય છે." તે સાંભળી ભવદેવ બોલ્યા કે—"હે પાપરહિત! તેં મને યોગ્ય શિક્ષા આપી તે બહુ સારૂં કર્યું. જન્માંધની જેમ હું ઉન્માર્ગે જતો હતો તેને તેં સન્માર્ગે આણ્યો. હવે હું સ્વજનોને મળીને પાછો ગુરૂ પાસે જઇશ. તેમની પાસે વ્રતના અતિચારની આલોચના કરીને હું દુષ્કર તપ કરીશ." નાગિલા પણ બોલી કે—"તમારે સ્વજનોને મળવાનું શું પ્રયોજન છે? તમે તમારા સ્વાર્થને સાધવામાંજ તત્પર થઇ જાઓ; કારણકે તે સ્વજનો તમને ગુરૂદર્શનમાં મૂર્તિમાન વિઘ્નરૂપ થશે; માટે તમે ગુરૂના ચરણની સમીપે જાઓ અને આત્માનું દમન કરી વ્રતનું આચરણ કરો. હું પણ [illegible] પાસે જઇ પ્રવ્રજ્યા [illegible] ભવદેવ મુનિએ [illegible] ગુરૂ પાસે [illegible] અતિચાર રહિત [illegible] ભવદેવ મુનિ પહે- [illegible]

[illegible] મહાવિદેહની પૃથ્વી- [illegible] પુષ્કલાવતી વિજયના પુંડરીકિણી નામની ન- [illegible] યશોધરા નામની સ્ત્રીની કુ- [illegible] દેવલોકથી [illegible] સમુદ્રસ્નાનનો દોહદ થયો. [illegible] નદીના [illegible] મહાદેવીની સાથે ક્રી- [illegible] દોહદ પૂર્ણ કર્યો. દોહદ પૂર્ણ થવાથી તે [illegible] અધિક [illegible] પામી: સમય

પૂર્ણ થયે તે ચક્રવર્તીની રાણીએ ગંગા જેમ સુવર્ણકમળને ઉત્પન્ન કરે તેમ ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. શુભ દિવસે રાજાએ યશોધરાના ઉત્પન્ન થયેલા દોહદને અનુસારે તે પુત્રનું સાગરદત્ત નામ પાડ્યું. દુગ્ધપાનાદિ કર્મવડે ધાત્રીઓએ લાલનપાલન કરાતો તે રાજપુત્ર અનુક્રમે વૃક્ષની જેમ વૃદ્ધિ પામ્યો. તે કુમાર બોલવામાં પ્રવીણતાને પામ્યો ત્યારે તે સુવર્ણની સોટી ઉંચી કરીને ઉત્કંઠાપૂર્વક શુક[1] અને સારિકાને[2] બલાવવા લાગ્યો. જેના પુષ્ટ ખભારૂપી રંગમંડપની ભૂમિકા ઉપર માણિક્યનાં કુંડલો નૃત્ય કરતા હતા એવો તે રાજપુત્ર કાંઇક મોટો થયો ત્યારે મિત્રોની સાથે રત્નના દડાવડે ક્રીડા કરવા લાગ્યો. સમય થયો ત્યારે રાજાએ તેને ગુરૂ પાસે ભણવા મોકલ્યો. મુસાફરો કુવામાંથી પાણી પીએ તેમ તેણે ગુરૂ પાસેથી સમગ્ર કળાઓનું પાન કર્યું.

જગતનાં નેત્રરૂપી પોયણાઓને વિકસ્વર કરતો તે ચંદ્રની જેમ સંપૂર્ણ કલાવાન્ થઇને યુવાવસ્થા પામ્યો; એટલે તેને તેના માબાપે સ્વયંવરા તરીકે આવેલી કન્યાઓ સાથે પરણાવ્યો; કારણકે રત્નાકરની પાસે નદીઓની જેમ રાજકન્યાઓ પાત્ર પાસે પોતાની મેળેજ આવે છે. ગાયોની સાથે બળદની જેમ, હાથણીઓની સાથે હાથીની જેમ અને તારાઓની સાથે ચંદ્રની જેમ તે સ્ત્રીઓની સાથે તે ક્રીડા કરતો હતો. એકદા કામદેવની જેવો તે કુમાર સ્ત્રીઓ સાથે પોતાના પ્રાસાદમાં ક્રીડા કરતો હતો તે વખતે તેણે આકાશમાં મેરૂ પર્વતની જેવો વાદળાનો સમૂહ જોયો. તે જોઇને તેણે વિચાર કર્યો કે-"આગમમાં જેવો મેરૂ સંભળાય છે તેવોજ આ વાદળામય મેરૂ દેખાય છે. અહો ! આનું રમણીયપણું અલૌકિક છે." આ પ્રમાણે મેરૂ જેવા મેઘમંડળને જોતાં તેની દૃષ્ટિ જાણે તેને વિષે ચોંટી ગઇ હોય તેમ સ્થિર થઇ ગઈ. તે કુમાર જેટલામાં ઉંચી દૃષ્ટિ રાખીને તે મેઘમંડળને જોતો હતો તેવામાં તે પાણીના પરપોટાની જેમ વીખરાઇને પણ ક્યાંઇક જતું રહ્યું. તે જોઇ કુમારે વિચાર્યું કે-"જેમ આ મેઘ ક્ષણિક છે તેમ આ

૧ પોપટ. ૨ મેના.

શરીર પણ ક્ષણિક છે, તો પછી સંપત્તિ ક્ષણિક હોય તેમાં તો શું કહેવું ? જે વસ્તુ પ્રાતઃકાળે દેખાય છે તે મધ્યાન્હ કાળે દેખાતી નથી અને જે મધ્યાન્હે દેખાય છે તે સાયંકાળે દેખાતી નથી. અહો ! આ સંસારમાં પદાર્થોની અનિત્યતા કેવી છે ? તો હું વિવેકરૂપી જળથી સીંચેલા મનુષ્ય જન્મરૂપી વૃક્ષના ફળરૂપ સકામ નિર્જરાના સારવાળા વ્રતને ગ્રહણ કરૂં."

આ પ્રમાણે વિચારી વૈરાગ્યને પામેલા બુદ્ધિમાન સાગરદત્તે માતપિતા પાસે બે હાથ જોડી વ્રત લેવા માટે રજા માગી. ત્યારે માતપિતા બોલ્યા કે–"હે વત્સ ! આવી યુવાવસ્થામાં પણ તું વ્રત લેવાનો આગ્રહ કરે છે તે વીણા વાગતી વખતે શાસ્ત્રનો પાઠ કરવા જેવું છે. હમણા તું યુવરાજ છે અને હજુ રાજા થવાનો છે, માટે ચિરકાળ સુધી રાજ્યનું પાલન કરી પછી સમય આવે ત્યારે તું વ્રત ગ્રહણ કરજે." સાગરદત્ત બોલ્યો કે–"હે પૂજ્યો ! મેં રાજ્યલક્ષ્મીનું પચ્ચખ્ખાણ કર્યું છે, તેથી મને પ્રવ્રજ્યા લેવાની કેમ અનુજ્ઞા નથી આપતા ?" આ પ્રમાણે આગ્રહરૂપી કુહાડ વડે તે બુદ્ધિમાને તેમનો પ્રેમપાશ છેદી નાખ્યો, એટલે તેઓએ તેને વ્રત ગ્રહણ કરવાની અનુજ્ઞા આપી. ત્યારપછી અનેક રાજપુત્રો સહિત સાગરદત્તે સાગર નામના આચાર્યની પાસે વ્રતરૂપી અમૃત ગ્રહણ કર્યું. વિવિધ પ્રકારના અભિગ્રહોને ધારણ કરતા અને ગુરૂસેવામાં તત્પર તે સાગરદત્ત મુનિ અનુક્રમે શ્રુતસાગરના પારગામી થયા. તપસ્યાને કોઇ પણ વસ્તુ દૂર નથી, એ વચનને સાબિત કરનાર સાગરદત્ત મુનિને તપ કરતાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

એવા સમયે ભવદેવનો જીવ પણ આયુષ્ય પૂર્ણ થયે સ્વર્ગથી ચ્યવીને તેજ વિજયમાં સર્વ નગરીમાં શિરોમણિ **વીતશોકા** નામની નગરીમાં **પદ્મરથ** નામના મોટી ઋદ્ધિવાળા રાજાની વનમાળા નામની રાણીની કુક્ષિથી **શિવ** નામે પુત્ર થયો. ઉત્પન્ન થયેલા કલ્પવૃક્ષની જેમ યત્નથી લાલનપાલન કરાતો તે કુમાર અનુક્રમે વૃદ્ધિ પામીને [1]કાકપક્ષને ધારણ કરનાર

[1] કાકપક્ષ એટલે કાનસીયા આ શબ્દ પાંચ વર્ષની વયને જણાવે છે.

થયો. જેણે ગુરૂને માત્ર સાક્ષીરૂપજ કર્યા છે એવા તે પ્રાસંગિ- કામજિને વિષે જાણે પરસ્પર સંકેત કરી રાખ્યો હોય તેમ સર્વ કળાઓએ પ્રવેશ કર્યો. યુવાવસ્થામાં તે ઉચ્ચ કુળની રાજકન્યા- ઓને પરણ્યો, અને લતાઓથી સંયુક્ત થયેલા વૃક્ષની જેમ તે સ્ત્રીઓથી સંયુક્ત થયેલો શોભવા લાગ્યો.

એકદા તે પોતાની સ્ત્રીઓ સહિત પોતાના પ્રાસાદમાં બેઠો હતો તેવામાં તે નગરીની બહાર ઉપવનમાં સાગરદત્ત મુનિ પધાર્યા. પછી આહાર માટે નીકળતાં તે નગરીમાં કામસમૃદ્ધ નામનો એક સાર્થવાહ રહેતો હતો તેણે તે મુનિને માસક્ષપણને પારણે પ્રતિ- લાભ્યા. તે વખતે સુપાત્રદાનના પ્રભાવથી કામસમૃદ્ધના ઘરમાં આકા- શમાંથી વસુધારાની વૃષ્ટિ થઈ. "પાત્રને વિષે દાન દેવાથી શું શું ન થાય?" તે અદ્ભુત વૃત્તાંત સાંભળીને શિવકુમારે મુનિ પાસે આવી તેમને વંદના કરી અને તેના ચરણકમળની પાસે રાજહંસની જેમ તે બેઠો. ચૌદ પૂર્વની ખાણ રૂપ સાગરદત્ત મુનિએ પરિવાર સહિત શિવકુમારને આર્હત ધર્મનો ઉપદેશ આપ્યો, અને વિશેષે કરીને તે મુનિએ તે બુદ્ધિમાનના સ્ફટિક જેવા નિર્મળ મનમાં સંસારની અસારતાનો પ્રવેશ કરાવ્યો.

પછી શિવકુમારે તે ઋષિને પૂછયું કે–"હે પ્રભુ! આપને જોતાં મને અધિકાધિક હર્ષ ઉત્પન્ન થાય છે, તો શું મારે કાંઈ આપની સાથે પૂર્વ ભવમાં ઉત્પન્ન થયેલો સ્નેહ સંબંધ છે?" ત્યારે મુનિએ અવધિજ્ઞાનના ઉપયોગથી જાણીને કહ્યું કે "હે રાજપુત્ર! પૂર્વ જન્મમાં તું મારો પ્રાણથી પણ અતિવલ્લભ નાનો ભાઈ હતો. પ્રવ્રજિત થયેલા મેં તારા પરલોકના હિતની ઈચ્છાથી તારી ઇચ્છા નહિ છતાં પણ તને કોઈક ઉપાયથી વ્રત ગ્રહણ કરાવ્યું હતું. ત્યાંથી મરણ પામીને આપણે બંને સૌધર્મ દેવલોકમાં પરમર્દ્ધિક દેવ થયા હતા. ત્યાં પણ પોયણા અને ચંદ્રની જેમ આપણે પર- સ્પર પ્રીતિવાળા હતા. આ ભવમાં તો હું રાગ રહિત છું અને સ્વપરને વિષે સમદૃષ્ટિવાળો છું; તું તો હજુ રાગવાન્ હોવાથી મારા પર સ્નેહવાળો છે." તે સાંભળી શિવકુમાર બોલ્યો–"ગત ભવમાં

વ્રત ગ્રહણ કરવાથી હું દેવ થયો હતો, તો આ ભવમાં પણ પ્રથમની જેમ મને વ્રત આપો. હું મારા માતપિતાની રજા લઈ વ્રત લેવા માટે તમારી પાસે આવું ત્યાં સુધી હે પૂજ્ય ! મારા પર કૃપા કરીને તમે અહીંજ રહેજો. ”

એમ કહી શિવકુમારે ઘેર જઈ માતપિતાને વિજ્ઞપ્તિ કરી કે-‘ આજે મેં સાગરદત્ત મુનિ પાસે ધર્મદેશના સાંભળી છે અને તેમની કૃપાથી મેં સંસારની અસારતા જાણી છે, તેથી હું લતાના સમૂહથી કાષ્ટવાહકની જેમ આ સંસારથી વિરક્ત થયો છું, તો મને સર્વથા પ્રકારે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે અનુજ્ઞા આપો. હવે પછી મારા મોહરૂપી અંધકારનો નાશ કરવામાં પ્રાતઃકાળ રૂપ સાગરદત્ત મુનિજ મારૂં શરણ હો. ” તે સાંભળી તેના માતપિતા બોલ્યા કે-“હે વત્સ ! તું આ યૌવન વયમાં વ્રત ગ્રહણ ન કર. તારી ક્રીડા જોવાથી ઉત્પન્ન થતું સુખ હજુ પૂર્ણ થયું નથી, તેવામાં તું એકદમ આટલો બધો મમતા રહિત કેમ થયો ? કે જેથી હે આયુષ્મન્ ! અમે જાણે તારા પરિચય રહિત હોઇએ તેમ તું અમને એકદમ છોડવાને ઇચ્છે છે ? જો તું અમારો ભક્ત હો, અને અમારી રજા લઇનેજ જવાનો હો, તો અમારી જિવ્હા તને માત્ર નકાર નકાર ને નકારજ કહે છે. ”

આ પ્રમાણે માબાપની રજા નહીં મળવાથી દીક્ષા લેવાને અસમર્થ થયેલ શિવકુમાર ત્યારે સર્વ સાવદ્ય યોગનું પચ્ચખ્ખાણ કરીને ભાવયતિ થયો “અને હું સાગરદત્ત મુનિનો શિષ્ય છું” એવા નિશ્ચયવાળો તે મૌન ધારણ કરીને બેસી ગયો. ‘ મૌનજ સર્વ કાર્યને સાધનાર છે. ’ પછી તેને બળાત્કારે ભોજન કરવા બેસાડ્યો. પણ તે કાંઈ જમ્યો નહીં, અને “ મને કાંઇ પણ રૂચતું નથી ” એમ વારંવાર એકજ વચન બોલવા લાગ્યો. આ પ્રમાણે મોક્ષની ઇચ્છાવાળા શિવકુમારે પોતાના પિતાને ઉદ્વેગ પમાડ્યો, એટલે તેણે **દૃઢધર્મ** નામના એક શ્રેષ્ઠીપુત્રને બોલાવીને કહ્યું કે-“હે વત્સ ! મારા પુત્ર શિવકુમારને મેં વ્રત લેવાની રજા ન આપી, તેથી તેણે પથ્થરની જેવા કઠોર ચિત્તવાળા થઇને મૌન ધારણ કર્યું છે.

નિષ્ફળ ગયેલી ફાળવાળા વાઘની જેમ અને મદોન્મત્ત થયેલા હાથીની જેમ તે સેંકડો ચાટુ વચનથી પણ ભોજન કરતો નથી. માટે હે વત્સ ! કોઈ પણ પ્રકારની યુક્તિ વાપરીને તું મારા પુત્રને ભોજન કરાવ. આટલું મારૂં કામ કરવાથી તેં મારા ઉપર ઘણોજ ઉપકાર કર્યો છે એમ હું માનીશ. હે મહાશય ! મારો જીવરૂપી પક્ષી આ શરીરરૂપી માળામાંથી જવાને ઉત્સુક થઈ ગયો છે, તેને તું આહારરૂપી પાશના બંધથી નિયંત્રિત કર."

તે સાંભળી બુદ્ધિરૂપી જળના સાગર જેવો દૃઢધર્મ રાજાની આજ્ઞા અંગીકાર કરીને શિવકુમારની પાસે ગયો. ત્યાં નિસ્સીહિ કહી તેના ઘરમાં પ્રવેશ કરી ક્રમને જાણનાર તે બુદ્ધિમાને ઈર્યાપથિકી પડીક્કમી. પછી દ્વાદશાવર્ત વંદન કરી ભૂમિનું પ્રમાર્જન કરી 'અણુજાણહ' (મને આજ્ઞા આપો) એમ ઉંચે સ્વરે બોલી તે નીચે બેઠો. તે જોઇ શિવકુમાર બોલ્યો કે–" હે ઇભ્ય ! સાગરદત્ત મુનીશ્વરની પાસે તેના સાધુઓનો આવો વિનય મેં જોયો હતો, તે તમે મારા પ્રત્યે કર્યો છે, પણ મારે વિષે તે કેમ યોગ્ય હોય ?" ઇભ્યપુત્રે કહ્યું-"હે સ્વામિન ! સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય તે કોઈ સમભાવ રાખે તો તે સર્વ વિનયને યોગ્યજ છે. જે માણસનું અંતઃકરણ [illegible] હોય તે વંદનને યોગ્યજ છે. તેના કાંઈ પણ [illegible] હું [illegible] પૂછું છું [illegible] [illegible]

થવી દુષ્કર છે." કુમારે કહ્યું કે-"હે ઇભ્યપુત્ર ! અને અહીં નિરવદ્ય આહાર મળી શકે તેમ નથી, તેથી ભોજન ન કરવું એજ શ્રેષ્ઠ છે." ઇભ્ય બોલ્યો કે-" આજથી તમે મારા ગુરૂ છો, અને હું તમારો શિષ્ય છું. તમારી જે ઇચ્છા હશે તે સર્વ હું નિરવદ્ય સંપાદન કરી આપીશ." કુમાર બોલ્યો કે-"તો હે મિત્ર ! હું નિરંતર છઠ્ઠ તપ કરીશ અને પારણે આંબેલ કરીશ."

ત્યારથી આરંભીને સામાચારીમાં કુશળ એવો તે મહેભ્યપુત્ર ભાવયતિ થયેલા શિવકુમારનો વિનય કરવા લાગ્યો. આ રીતે તપસ્યા કરતાં શિવકુમારના બાર વર્ષ વીતી ગયા, તો પણ માતપિતાએ મોહને લીધે તેને ગુરૂ પાસે જઇ દીક્ષા લેવાની રજા આપી નહિં; છેવટ શિવકુમાર મરણ પામીને બ્રહ્મદેવલોકમાં ઉત્કૃષ્ટ કાંતિવાળો વિદ્યુન્માળી નામનો ઇંદ્રનો સામાનિક દેવ થયો. હે શ્રેણિકરાજા ! તેજ આ દેવ છે તે પુણ્યાત્માનું ચ્યવન નજીક આવ્યું છે તેથીજ તેની આવી કાંતિ છે, પહેલાં તો આની કાંતિ બ્રહ્મદેવલોકના ઇંદ્ર જેવી હતી. આ દેવ આજથી સાતમે દિવસે ચ્યવીને આજ નગરમાં ઋષભદત્ત ઇભ્યનો પુત્ર જંબૂ નામે ચરમ કેવળી થશે." આ પ્રમાણે ભગવાનના મુખથી સાંભળી શ્રેણિકરાજા પ્રસન્ન થયા.

ત્યાર પછી તે વિદ્યુન્માળી દેવ પ્રસન્નચંદ્ર રાજર્ષિની પાસે ગયો. તે વખતે તેની ચાર પ્રિયાઓએ તે મહામુનિને પૂછ્યું કે-"આ દેવભવથી વિયોગી થયેલી અમારે વિદ્યુન્માળી દેવનો સમાગમ ફરી કોઈ પણ ઠેકાણે થશે કે નહીં ?" ઋષિ બોલ્યા કે-"આજ નગરમાં **સમુદ્ર, પ્રિયસમુદ્ર, કુબેર અને સાગર** નામના ચાર શ્રેષ્ઠીઓ છે, તે ચારેની તમે ચાર પુત્રીઓ થશો અને ત્યાં મનુષ્ય ભવ પામેલા આ દેવની સાથે તમારો સંગમ થશે. ત્યારપછી ભવ્યોરૂપી કમળોને સૂર્ય સમાન, સર્વ અતિશયોની ઋદ્ધિના પાત્રરૂપ, કૃપાના સમુદ્ર અને સુરાસુરવડે જેના ચરણકમળ સેવાતા હતા એવા વર્ધમાન સ્વામીએ પણ ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

આ રીતે આચાર્ય શ્રી હેમચંદ્રે રચેલા પરિશિષ્ટ નામના પર્વમાં સ્થવિરાવલીચરિત્ર નામના મહાકાવ્યને વિષે ' જંબૂસ્વામીના પૂર્વ ભવના વર્ણન ' નામનો પ્રથમ સર્ગ સમાપ્ત થયો.

સર્ગ ૨ જો.

રા જગૃહી નગરીમાં રાજાઓને વિષે શિરોમણિ અને ઈંદ્ર તુલ્ય મોટી સમૃદ્ધિવાળો શ્રેણિક રાજા રાજ્યનું પાલન કરતો હતો.તે નગરમાં ઋષભદત્ત નામે એક શેઠી રહેતો હતો. તે શ્રેણિક રાજાની સભાનું ભૂષણ, ધર્મમાં શ્રેષ્ઠ અને પુરૂષોરૂપી વૃષભોમાં ધુરંધર હતો. તે "એક અર્હંતજ દેવ છે અને સાધુઓજ ગુરૂ છે" એ અક્ષરોને રાત્રિ-દિવસ સર્વ વાંછિતની સિદ્ધિ કરનારા મંત્રની જેમ જપતો હતો. મનરૂપી જળ ગુરૂની વાણીરૂપી કતકના ચૂર્ણવડે વાસિત થવાથી સર્વદા દુર્ધ્યાનરૂપી મળને શાંત કરી નિર્મળ થયું હતું. સરોવરના પાણીની જેમ અને માર્ગમાં રહેલા વૃક્ષના ફળોની જેમ તેનું ઐશ્વર્ય કોને કોને ઉપકારક નહોતું થતું? તે શેઠીને મનવડે ધર્મને અનુસરતી અને ગતિવડે હંસીનું અનુકરણ કરતી ધારિણી નામની પત્નિ હતી. તેણીના શરીરાદિક ઘણા ગુણો હતા, પણ તે શીલ પાળવામાંજ સમ્યક્ પ્રકારે ઉદ્યમ કરતી હતી; કારણ કે કુળસ્ત્રીઓ શીલનાજ ચિન્હવાળી હોય છે. સર્વ અંગને [illegible] રાખતી અને લાજથી [illegible] [illegible] [illegible] પણ [illegible]

[illegible]

[illegible] પુત્ર રહિત જન્મ

અવકેશી[1]વૃક્ષની જેમ નિષ્ફળતાને ધારણ કરે છે. ધન્ય સ્ત્રીઓનાજ ઉત્સંગમાં પુત્ર ક્રીડા કરે છે અને તેમના શરીરમાં અમૃત રસની જેમ અત્યંત શીતળતા ઉત્પન્ન કરે છે. ગૃહવાસજ પાપને માટે છે, તેમા પણ મારો આ પુત્રરહિત ભવ તો ખરેખર લવણ વિનાના ભોજન જેવો નિરસ છે." એ આમ ચિંતા કરે છે તેવામાં તેના પતિએ આવીને "તું શી ચિંતાથી દુઃખી જણાય છે" એમ પુછ્યું; ત્યારે ધારિણીએ પોતાના મનમાં વિચારેલું દુઃખ તેમને નિવેદન કર્યું. જો કે તેણીએ પુત્રની ચિંતાથી ઉત્પન્ન થયેલું દુઃખ પતિને નિવેદન કર્યું, તો પણ તે ક્ષીણ થયું નહિ, પરંતુ ઉલટું અધિક થયું નિરંતર હૃદયના શલ્યરૂપી તે દુઃખે કરીને ધારિણી દ્વિતીયાની ચંદ્રકળાની જેવી કૃશતાને પામી.

તેણીના દુઃખને ભુલાવવાની ઇચ્છાથી તેના પતિએ તેણીને એકદા ચંદ્રરૂપી ચંદ્રના પ્રસાદ જેવી વાણીથી કહ્યું કે—"હે કૃશ ઉદરવાળી પ્રિયે! ચાલો આપણે વૈભારગિરિ ઉપર જઈએ અને ત્યાં [illegible] કરીને નંદન વનની જેવા ઉદ્યાનમાં આપણે ક્રીડા કરીએ." પતિવ્રતા પતિની તે વાણી 'દુઃખનું વિસ્મરણ થાય [illegible] [illegible] કરી [illegible] કે [illegible] પતિની [illegible] [illegible] તેના પર તેણીની [illegible] [illegible] તે મહા [illegible] [illegible] ચાલ્યા. "હે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઉપરથી [illegible]

[1] [illegible] [illegible] અર્થે [illegible] [illegible] [illegible] [illegible]

દેખાય છે. હે પ્રિયા ! વૃંષલોના ભાંકાર શબ્દવડે મનોહર,
ાકુળો છે, તેમાં રહેલા વાછરડાઓ આપણા રથના મોટા.
ી ઉંચા કર્ણવાળા થયા છે. હે કૃશ ઉદરવાળી ! માર્ગમાં
રૂણ આમ્રવૃક્ષો દેખાય છે તેના પલ્લવો કોયલોને સરસ્વતી
ી ઔષધિ રૂપ થાય છે. રથના નિર્ઘોષથી ભય પામેલા આ
જાણે પૃથ્વીનો ત્યાગ કરવાની ઇચ્છાથી વાયુપર આરૂઢ
હોય તેમ પ્રાયે આકાશમાંજ ચાલે છે. હે મૃગાક્ષિ ! ચેર-
ક્ષેત્રને વિષે જળની વૃષ્ટિ કરનારા આ અરઘટ્ટો (રેંટો) જાણે
્વીપર બીજી મૂર્ત્તિ ધારણ કરીને પુષ્કરાવર્ત્ત મેઘ આવ્યા
તેવા દેખાય છે." આ પ્રમાણે જોવા લાયક (મનોહર) વસ્તુઓ
માં દેખાડવાથી પત્નીને વિનોદ આપતો ઋષભદત્ત પરિવાર
ર વૈભારગિરિ ઉપર ગયો.

ત્યાર પછી વૈભારગિરિના ઉદ્યાનને જોવાની ઇચ્છાથી ઉત્સુક
ાગા તે દંપતી વ્યગ્રતા રહિત રથ પરથી નીચે ઉતર્યા. માર્ગમાં
વૃક્ષોનાં નામ પૂછતી વારંવાર સ્વાદિષ્ટ નિર્ઝરણાનાં જળોને
ી, પગલે પગલે વૃક્ષોની ગાઢ છાયામાં વિસામા લેતી, કોમળ
ળ પાંદડાંઓના સુખકારક સ્પર્શને અનુભવતી, પોપટના શબ્દ
ાળી હર્ષ પામતી, મૃગનાં બચ્ચાંઓ ઉપર વત્સલતાને ધારણ
ી, અને ઉત્સંગમાં બચ્ચાંઓને આરોપણ કરીને બેઠેલી
ી ઉપર અતિ સ્પૃહા કરતી ધારિણીને પોતાના હાથનું અ.લં-
આપી ઋષભદત્ત તે સુખને અનુભવતા ધીમે ધીમે પર્વત ઉપર
ા; ત્યાં પણ ઋષભદત્ત ચિત્તને હરણ કરનારી ગિરિના ઉદ્યાનની
ા ધારિણીને આંગળીવડે બતાવવા લાગ્યા તે આ પ્રમાણે—
પ્રિયા ! ફળના ભારથી નમ્ર થયેલી આ [1]માતુલિંગીઓને
જો, રાતા પુષ્પોએ કરીને જાણે સંધ્યાનાં વાદળ઼ાઓ વિશ્રાન્તિ
ા હોય એવી આ દાડમડીઓને જો. આ સૂર્યના કિરણોને
દુર્ગરૂપ પરાખના માંડવાઓ છે, આ નૃત્ય કરતા મોરના
છાની જેવાં પાંદડાવાળા તાલવૃક્ષો શોભે છે. આ પુષ્પોની

1 બીજોરાનાં વૃક્ષો.

જાતિએ પરસ્પર સુગંધ આવવાથી ભ્રમરોના શબ્દનાં મિષવડે સ્વજનપણાને જાહેર કરે છે. જંબૂ, કદંબ, માકંદ (આંબા) અને પારિભદ્ર વિગેરે વૃક્ષોએ પોતાની છાયા રૂપી ચોલક (કંબલો) પહેરાવ્યો હોય તેવો આ પર્વત શોભે છે."

આ પ્રમાણે તે ગિરિની શોભા જુએ છે, તેટલામાં ત્યાં અકસ્માત્ એકદમ જાણે આકાશમાંથી કોઇ વિદ્યાધર આવ્યો હોય તેમ સિદ્ધપુત્ર યશોમિત્ર નામના શ્રાવકને આવેલો પોતાના બંધુની જેમ જોયો. ઋષભદત્ત શ્રેષ્ઠીએ સિદ્ધપુત્રને પૂછ્યું કે—"તમે મારા સાધર્મિક છો, તો તમે ક્યાં જાઓ છો? તે કહો." તે બોલ્યો કે —"હે મિત્ર! આ ઉદ્યાનમાં છેલ્લા તીર્થંકરના પાંચમા ગણધર શ્રી સુધર્મા નામના પધાર્યા છે; તેમને વાંદવા માટે હું જાઉં છું અને તમારે પણ તેમને વાંદવાની ઇચ્છા હોય તો પધારો, હું તમારો ધર્મકાર્યમાં અગ્રેસર થાઉં." તે સાંભળી 'બહુ સારૂં' એમ કહી તે દંપતી તેની સાથે ચાલ્યા. અનુક્રમે તે ત્રણે સુધર્માસ્વામીએ પવિત્ર કરેલા સ્થાને પહોંચ્યા અને વિધિ પ્રમાણે દ્વાદશાવર્ત વંદનપૂર્વક તે ત્રણે સુધર્માસ્વામીને ભક્તિવડે વંદના કરીને તેમની પાસે બેઠા. તેઓએ હાથ જોડીને કર્ણરૂપી અંજળીવડે શ્રી સુધર્માસ્વામીના [illegible] અમૃતનું પાન કર્યું.

પછી [illegible] સિદ્ધપુત્ર [illegible] ગણધરને પૂછ્યું કે— [illegible] જિનેશ્વરના ઉપદેશથી હું [illegible] તમને તમારા પ્રશ્નનો [illegible] વીર સ્વામીવડે [illegible]

હાથવડે પરાક્રમી અને શિલા ઉપર બેઠેલા આ સુધર્મોસ્વામી પાસે તમે જે પુત્રજન્મ સંબંધી પ્રશ્ન કર્યો છે, તેનો ઉત્તર એ છે કે તમે સ્વપ્નામાં ઉત્સંગને વિષે બેઠેલા સિંહને જોયો અને કુક્ષિમાં પુત્રરૂપી સિંહને ધારણ કરશો. વર્ણન કરેલા જંબૂવૃક્ષની જેવો ગુણરૂપી રત્નમય તમારે જંબૂ નામનો પુત્ર થશે અને દેવતાઓ તેનું સાંનિધ્ય કરશે." તે સાંભળી ધારિણી બોલી કે-"હે પંડિત! તો હું જંબૂદેવને ઉદ્દેશીને એકસો ને આઠ આંબિલ કરીશ." પછી સુધર્મોસ્વામીના ચરણને વાંદી તે ત્રણેએ વૈભારગિરિ પરથી ઉતરી પોતાના નગરમાં પ્રવેશ કર્યો અને ઋષભદત્ત તથા ધારિણી ગૃહસ્થાશ્રમનું પાલન કરતા સિદ્ધપુત્રનાં વચનને સિદ્ધ થવાની આશામાં કાળ નિર્ગમન કરવા લાગ્યા.

એકદા ધારિણીએ સ્વપ્નમાં શ્વેત સિંહ જોયો, ત્યારે ઘણા હર્ષરૂપી જળની વાવરૂપ તેણીએ તે વાત પતિને કહી. તે સાંભળી ઋષભદત્તે કહ્યું કે-"હે [1]સુભ્રૂ! સિદ્ધપુત્રે કહેલું સમગ્ર વચન હું સત્યજ માનું; કારણ કે આ સ્વપ્નથીજ તેની પ્રતીતિ થઇ છે. હે મહા ભાગ્યશાળી! તારે પવિત્ર ચરિત્રવાળો અને સર્વ લક્ષણોથી સંપૂર્ણ જંબૂ નામે પુત્ર થશે." તે અવસરે બ્રહ્મ દેવલોકથી ચ્યવીને વિદ્યુન્માળી દેવ ધારિણીની કુક્ષિરૂપી છીપને વિષે મોતીની જેમ ઉત્પન્ન થયો. ઉત્તમ ગર્ભના પ્રભાવથી તેણીને દેવપૂજા અને ગુરૂપૂજાના દોહદ ઉત્પન્ન થયા. કારણકે સ્ત્રીઓને ગર્ભના જેવા ભાવ હોય તેને અનુસારેજ દોહદ થાય છે. જાણે કે [illegible] દોહદ ઉત્પન્ન થયા હોય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કાન્તિવડે [illegible] અને [illegible] દિવસ [illegible]

૧ મનોહર ભ્રકુટિવાળી.

સૂર્યને પણ ન્યૂન કરનાર પુત્રને જન્મ આપ્યો.

તે વખતે મોતીના ચૂર્ણવડે જાણે બનાવ્યા હોય તેવા અતિ નિર્મળ અક્ષતનાં ભરેલાં સુવર્ણનાં પૂર્ણપાત્રો (થાળો)ઋષભ શ્રેષ્ઠીને ઘેર આવવા લાગ્યા. કુળસ્ત્રીઓએ શ્રેષ્ઠીની ઉપર ઉડાડેલા [1]દુર્વાના અંકુરો તેના આસનની ચોતરફ પડ્યા, તેથી તે પૃથ્વી દુર્વાના વનની જેવી શોભવા લાગી. શ્રેષ્ઠીના ગૃહદ્વારમાં લક્ષ્મીને નૃત્ય કરવાના કારણરૂપ અને સર્વ કલ્યાણના અગ્રેસર અનેક શ્રેષ્ઠ વાજિત્રો વાગવા લાગ્યા. તેના ગૃહદ્વારમાં કુળબાળિકાઓ ગાયનપૂર્વક નૃત્ય કરવા લાગી, તેઓના મસ્તકના સેંથાઓ નવા પુષ્પોના ગુચ્છાવડે શોભવા લાગ્યા. તે વખતે ઋષભ શ્રેષ્ઠીએ વિશેષ પ્રકારે દેવગુરૂની પૂજા કરી, અને અર્થીઓએ યાચના કરાતાં તેણે અત્યંત હર્ષથી તેઓને દાન આપ્યું. ત્યાર પછી શુભ દિવસે જેનું મન હર્ષવડે વ્યાપ્ત થયું હતું એવા ઋષભ શ્રેષ્ઠીએ પુત્રનું જંબૂવૃક્ષના સ્વપ્નવડે સૂચિત જંબૂ નામ પાડ્યું. માતાપિતા રાત્રિ દિવસ તે પુત્રને ઉત્સંગમાં બેસાડી લાડ લડાવતા હર્ષથી વ્યાકુળ થવા લાગ્યા અને અન્ય કાર્યને ભૂલી જવા લાગ્યા. જંબૂકુમાર પણ માતપિતાના ઉત્સંગનું ભૂષણ થઇને અનુક્રમે તેમના મનોરથની સાથે વૃદ્ધિ પામવા લાગ્યો. અનુક્રમે તે ઋષભનો પુત્ર મધ્યમ વયને (યુવાવસ્થાને) પામ્યો, અને માતાપિતાની આશારૂપી લતાના વૃક્ષ સમાન તે પાણિગ્રહણને યોગ્ય થયો.

આ અવસરે તેજ નગરમાં **સમુદ્રપ્રિય** નામે મહેભ્યશિરોમણિ રહેતો હતો, તેને **પદ્માવતી** નામની પ્રિયા હતી, બીજો સંપત્તિએ કરીને સમુદ્રની જેવો **સમુદ્રદત્ત** નામે મહેભ્ય હતો, તેને ગુણોવડે શોભતી **કનકમાલા** નામની પત્ની હતી, ત્રીજો અદ્ભુત લક્ષ્મીવડે ગૌરવતાવાળો **સાગરદત્ત** નામે શ્રેષ્ઠી હતો, તેને વિનયથી શોભતી **વિનયશ્રી** નામની ભાર્યા હતી, અને ચોથો સમૃદ્ધિવડે કુબેરની જેવો **કુબેરદત્ત** નામે ઇભ્ય હતો, તેને શીળરૂપી મહાધનવાળી **ધનશ્રી** નામની પત્ની હતી. હવે વિદ્યુન્માલી

૧ ધરોના.

દેવની ચાર પ્રિયાઓ સ્વર્ગથી ચ્યવીને અનુક્રમે આ દંપતીઓની પુત્રીઓ થઈ. તેઓનાં નામ **સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના** અને **કનકસેના** પાડવામાં આવ્યાં. આ ચારે પૂર્વ જન્મની જેવાજ રૂપવાળી હતી.

તેજ નગરના રહીશ કુબેરસેન શેઠને **કનકવતી** નામની પ્રિયા હતી, શ્રમણદત્ત શેઠને શ્રીષેણા નામની ગૃહિણી હતી, વસુષેણ શેઠને **વીરમતી** નામની પ્રિયા હતી, અને વસુપાલિત શેઠને જયસેના નામની વલ્લભા હતી. તેઓને અનુક્રમે **નભઃસેના, કનકશ્રી, કનકવતી** અને **જયશ્રી** નામની પુત્રીઓ થયેલી હતી. એકદા તે આઠે કન્યાઓના પિતાઓએ વિનયપૂર્વક જંબૂકુમારના પિતા પાસે આવીને પ્રાર્થના કરી કે–"અમારે રૂપ અને લાવણ્યવડે મનોહર, કળા સમુદ્રના પારને પામેલી, ગુણોની સ્વામિની અને અપ્સરા જેવી મનોહર એકેક કન્યા છે. તેઓને વિવાહના કલ્યાણમિત્રરૂપ યૌવન પ્રાપ્ત થયું છે, અને તેને અનુરૂપ (યોગ્ય) વર તમારા પુત્રને અમે જોયો છે. કુળ, શીળ, વય, રૂપ વિગેરે જે વરના ગુણો જોઇએ તે સર્વ આ જંબૂકુમારને વિષે છે. આવો વર પુણ્યથીજ પામી શકાય તેમ છે. દક્ષ પ્રજાપતિની પુત્રીઓના સ્વામી ચંદ્રની જેમ તમારી કૃપાથી અમારી કુમારીઓનો સ્વામી તે જંબૂકુમાર થાઓ. તમે શ્રીમાન્ છો અને કુલીન છો, તેથી તમારી પ્રાર્થના કરવી તેમાં અમને કાંઈ લજ્જા નથી; માટે સર્વ પ્રકારે યોગ્ય એવો આ વિવાહસંબંધ કરીને અમારા પર અનુગ્રહ કરો.

ઋષભદત્ત શેઠે પણ ઘણા હર્ષથી તેમનું વચન અંગીકાર કર્યું; કારણ કે પોતે પુત્રના વિવાહમાં ઉત્સુક હતો, તેવામાંજ આ શેઠીઓએ પ્રાર્થના કરી હતી. પછી "અતિ શ્રેષ્ઠ એવા જંબૂકુમાર સાથે આપણો વિવાહ થયો" એમ જાણીને તે શેઠીઓની કન્યાઓ પણ પોતાને ધન્ય માનતી હર્ષ પામી.

આ અવસરે વિહારના ક્રમથી ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરતા શ્રી સુધર્માસ્વામી ત્યાં આવીને સમવસર્યા. સુધર્માસ્વામીના આગમનના વૃત્તાંતરૂપી અમૃતથી સીંચાયેલો જંબૂકુમાર તત્કાળ કંદની

જેમ પ્રરૂઢ થયેલા રોમાંચરૂપી અંકુરાવાળો થયો. પછી જંબૂકુમાર સુધર્મા ગણધરને નમસ્કાર કરવા માટે વાયુની જેવા વેગવાળા અશ્વો જેને જોડેલા છે એવા રથમાં બેસીને ધર્મની સમૃદ્ધિવાળા તેમને સ્થાને ગયો, અને તે શ્રેષ્ઠીકુમારે સુધર્માસ્વામીને પ્રણામ કરી તેમના મુખકમળથી અમૃતના ઝરણા જેવી ધર્મદેશના સાંભળી. અંતઃકરણમાં પરિણામ પામેલી તે દેશનાએ જંબૂકુમારના હૃદયમાં નિર્ભાગી પુરૂષોને દુર્લભ એવો ભવવૈરાગ્ય ઉત્પન્ન કર્યો; એટલે "હે સ્વામિન્! હું મારા માતાપિતાની રજા લઇને આવું ત્યાં સુધી આપ આ ઉદ્યાનમાં ધર્મવૃક્ષની શોભાને ધારણ કરજો." આવી જંબૂકુમારની વાણી સુધર્માસ્વામીએ અંગીકાર કરી, એટલે જંબૂકુમાર રથ ઉપર આરૂઢ થઈ ઘર તરફ ચાલ્યો.

નગરના દરવાજા પાસે જંબૂકુમાર આવ્યો તે વખતે તે નગરનું દ્વાર એવી રીતે હસ્તી, અશ્વો અને રથોથી વ્યાપ્ત હતું કે જેથી ત્યાં તલનો દાણો પડ્યો (ઉડાડ્યો) હોય તો તે પણ પૃથ્વી ઉપર પહોંચે નહીં. તે જોઈ જંબૂકુમારે વિચાર કર્યો કે-"જો હું આ દરવાજે પ્રવેશ કરવાની રાહ જોઇશ તો કાળનો અતિક્રમ થશે, અને હું તો સુધર્માસ્વામીને ત્યાં સ્થાપન કરીને (રોકીને) આવેલો હોવાથી ઉતાવળે ઘર તરફ જવાને પક્ષીરૂપ થવા ઇચ્છું છું, માટે મારે અહીં રોકાવું યોગ્ય નથી હું રથને જલદી હાંકાવી બીજા દરવાજાથી નગરમાં પ્રવેશ કરૂં. કારણકે ઉત્સુક થયેલાને બીજો માર્ગ પણ કલ્યાણકારી છે, રાહ જોવી યોગ્ય નથી." એમ વિચારીને ઋષભદત્તનો પુત્ર જંબૂકુમાર જેટલામાં બીજે દરવાજે જાય છે તેટલામાં ત્યાં પણ યંત્રવડે સજ્જ કરેલો કિલ્લો જોયો અને કિલ્લાની ઉપર રાખેલા યંત્રોને વિષે લટકાવેલી આકાશમાંથી પડતા વજ્રના ગોળા જેવી મોટી શિલાઓ તેણે જોઈ, એટલે વિચાર કર્યો કે-"શત્રુના લશ્કરના ભયથી આ તૈયારી કરી જણાય છે, તો અણધાર્યો અનર્થ કરે તેવા આ દ્વારે કરીને પણ શું? કદાચ આ માર્ગે જાઉં અને જો ઉપરથી શિલા પડે તો હું, રથ, ઘોડા અને સારથિ એ સર્વ નાશ પામી જઇએ,

તેમાંથી કાંઈ પણ બચી શકે નહીં, અને આવી રીતે વિરતિ રહિત મૃત્યુ પામું તો જરૂર હું દુર્ગતિમાં જાઉં; કારણકે કુમૃત્યુવાળા પ્રાણીઓને સદ્ગતિ આકાશપુષ્પ જેવી છે. માટે કોઈ રીતે સ્વાર્થથી ભ્રષ્ટ થવું ન જોઈએ, તેથી પાછો વળીને ફરીથી પણ હું શ્રી સુધર્માસ્વામીના ચરણકમળ સેવવામાં ભ્રમરરૂપ થાઉં."

આ પ્રમાણે વિચાર કરી ઋષભદત્તનો પુત્ર વક્ર ગ્રહની જેમ રથ પાછો વાળીને ગણધરના પાદથી પવિત્ર કરાયેલા તે પ્રદેશમાં ગયો, અને સુધર્માસ્વામીને વંદના કરીને વિજ્ઞપ્તિ કરી કે—"હે સ્વામિન્! હું જીવનપર્યંત મન વચન કાયાથી બ્રહ્મચર્યને અંગીકાર કરવા ઇચ્છું છું." સ્વામીએ તેને અનુજ્ઞા આપી એટલે તે નિયમને અંગીકાર કરી હર્ષ પામેલો જંબૂકુમાર કામવિકાર રહિત થઈને પોતાને ઘેર ગયો. તેણે માતાપિતાને કહ્યું કે—"મેં સુધર્મા ગણધરના મુખથી કર્મનો નાશ કરવામાં ઔષધરૂપ સર્વજ્ઞનો કહેલો ધર્મ સાંભળ્યો છે, તેથી હું પ્રવ્રજ્યા લેવાને ઉત્સુક થયો છું, માટે મને તમે પૂજ્યો દીક્ષા લેવાની અનુજ્ઞા આપો; કારણકે પ્રાણીઓને આ સંસાર કારાગૃહ સમાન છે." પુત્રનાં આવાં વચનો સાંભળી રૂદન કરતા માતાપિતા ગદ્ગદ્ સ્વરે બોલ્યા કે—"હે વત્સ! અકસ્માત્ અમારી આશારૂપી લતાને ઉખેડી નાંખવામાં તું વાયુરૂપ ન થા. અમે તો હજુ એવો વિચાર કરીએ છીએ કે યોગ્ય વખતમાંજ તું વધુ સહિત થઈશ; અને અમે દષ્ટિરૂપી પોયણાને વિકસ્વર કરવામાં ચંદ્ર સમાન પૌત્રનું મુખ જોઈશું. વિષયને યોગ્ય આ યુવાવસ્થામાં પ્રવ્રજ્યાનો અવકાશ નથી, માટે તારી અવસ્થાને ઉચિત એવા આચારને તું સ્વીકાર. હે વત્સ! જો કદાચ પ્રવ્રજ્યાને વિષે તારો અત્યાગ્રહ હોય તોપણ અમારૂં કાંઈક માન તો રાખ, કેમકે અમે પણ તારા ગુરૂ છીએ. હે વત્સ! અમે તારે માટે જે આઠ કન્યાઓ સ્વીકારી છે તેઓનું પાણિગ્રહણ કરીને અમારો વિવાહ સંબંધી ઉત્સાહ તો પૂર્ણ કર. એ પ્રમાણે કરીને પછી હે કુમાર! તું નિર્વિઘ્નપણે ખુશીથી પ્રવ્રજ્યા લેજે. કૃતાર્થ થયેલા અમે પણ તારી સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરશું."

તે સાંભળી જંબૂકુમાર બોલ્યા કે-"આ તમારો આદેશ અંગીકાર કર્યા પછી મને ભોજનથી ભૂખ્યા માણસની જેમ પ્રવ્રજ્યાથી તમારે રોકવો નહીં." તે સાંભળી 'બહુ સારૂં' એમ કહી કરૂણાવાળા તે માતાપિતાએ કન્યાઓના આઠે પિતાઓને કહ્યું કે-"અમારો પુત્ર કન્યાઓને પરણીને તરતજ દીક્ષા લેવાનો છે, વિવાહ પણ તે અમારા આગ્રહથીજ કરવાનો છે, માટે પાછળથી જો તમને પશ્ચાત્તાપ થાય તેમ હોય તો તમે અત્યારથીજ વિવાહ ન કરો; પછી અમને દોષ દેશો નહીં." તે સાંભળી દુઃખી થયેલા તે આઠે ઇભ્યો સ્ત્રીઓ અને બાંધવો સહિત 'શું કરવું?' તેનો નિર્ણય કરવા માટે એકઠા થઈ વિચાર કરવા લાગ્યા. તેઓનો આલાપ સંલાપ સાંભળીને તે કન્યાઓ બોલી કે-"હે પિતાઓ! તમારા વિચારે કરીને સર્યું, અમે કહીએ તે અમારો નિર્ણય સાંભળો-તમે અમને જંબૂકુમારને આપી છે; તેથી આ ભવમાં તેજ અમારા ભર્તાર છે, માટે અમે બીજાને દેવા યોગ્ય નથી. લોકમાં પણ કહેવાય છે કે-રાજાઓ એકજવાર બોલે છે, સાધુ પુરૂષો એકજવાર બોલે છે, તથા કન્યા પણ એકજ વાર અપાય છે, આ ત્રણ બાબત એકજ વાર હોય છે. તેથી તમે અમને ઋષભદત્તના પુત્રને આપી છે, તેજ અમારી ગતિ છે. અને અમારૂં જીવિતવ્ય તેને આધીન છે. જંબૂકુમાર પ્રવ્રજ્યા લેશે અથવા બીજું જે કાંઈ કરશે તેજ પતિની ભક્તિવાળી અમારે પણ કરવું યોગ્ય છે."

આ પ્રમાણેનાં પુત્રીઓનાં વચન સાંભળી તેમના પિતાઓએ જંબૂકુમારના પિતાને કહ્યું કે—"તમે વિવાહોત્સવ કરવા તૈયાર થાઓ. અમારૂં પ્રથમ વચન અમારે પ્રમાણરૂપ છે." ત્યારપછી તે ઇભ્યોએ તથા ઋષભદત્તે નિમિત્તિકને બોલાવીને તે દિવસથી સાતમે દિવસે વિવાહના લગ્ન (મુહૂર્ત) નો નિર્ણય કર્યો. આઠે મહેભ્યોએ ભાઈઓની જેમ એક ચિત્તવાળા થઈને એકજ મોટો વિવાહમંડપ કરાવ્યો. તે મંડપમાં જાણે આકાશતળથી સંધ્યાના વાદળાના કકડાઓ ખેંચીને કર્યો હોય તેવો વિચિત્ર વર્ણના વસ્ત્રોવડે ઉલ્લોચ કરાવ્યો. તે ઉલ્લોચમાં ચોતરફ મોતીની માળાઓ

લટકાવી દીધી, તે જાણે કે ચંદ્રે પોતાના કિરણોનું સર્વસ્વ સ્થાપન કર્યું હોય તેવી શોભતી હતી. તે મંડપને અત્યંત દેદીપ્યમાન તોરણો બાંધેલાં હતાં, તેનાં પાંદડાંઓ વાયુથી હલતાં હતાં તેથી તે મંડપ જાણે વરને બોલાવવાની સંજ્ઞા કરતો હોય તેવો જણાતો હતો. તે મંડપમાં ચોતરફ મોતીના સાથીઆ પૂર્યા હતા તેથી તેમાં મંગળવૃક્ષોને ઉગવા માટે બીજોની શ્રેણિ વાવી હોય તેવો તે મંડપ શોભતો હતો.

પછી દોષ રહિત શુભ મુહૂર્તે જંબૂકુમારને વર્ણકમાં[1] બેસાડ્યા. તે વખતે કસુંબી વસ્ત્રવાળા તે ઉગતા તડકાવાળા સૂર્યની જેવા શોભવા લાગ્યા. કન્યાઓને પણ વર્ણકમાં સ્થાપન કરી તેથી રાજાની રાણીઓની જેમ સૂર્યને પણ નહીં જોવાના નિયમમાં જોડી હોય તેમ તેઓને બહાર જવાનું બંધ થયું; ત્યારપછી શુભ અવસરે પોતપોતાને સ્થાને રહેલા કુમારને તથા કુમારીઓને વિધિપ્રમાણે મંગળ સ્નાન કરાવ્યું. સ્નાન વખતે ઋષભપુત્રના કેશોમાંથી પાણી ઝરતું હતું તેથી તે કેશ થોડા કાળમાંજ પોતાનો લોચ થવાનો છે એવા ભયથી જાણે અશ્રુને મૂકતા હોય તેવા લાગતા હતા. ત્યારપછી ગંધવાસ કરનારી સ્ત્રીઓએ કર્પૂરણની લીલાને વિસ્તારતા કપૂર અને અગરૂના ધૂપવડે જંબૂકુમારના કેશો ધૂપિત કર્યા. અને તે ગંધવાસ કરનારી સ્ત્રીઓએજ તેમના મસ્તકપર પુષ્પની માળા સહિત જાતિવંત અશ્વની ડોક જેવો વક્ર [2]ધમ્મિલ્લ બાંધ્યો. ધારિણીના પુત્રે દેદીપ્યમાન મોતીના બે કુંડળો કર્ણમાં ધારણ કર્યાં, તે મુખરૂપી કમળની પાસે વિશ્રાંતિ પામેલા હંસના મિથુનની જેવા શોભતા હતા. જંબૂએ નાભિ સુધી લાંબો મોતીનો હાર પહેર્યો, તે લાવણ્યરૂપી નદીના ફીણના પરપોટાની શ્રેણિ જેવો શોભતો હતો. તેણે શરીર ઉપર ચંદનનો લેપ કર્યો અને સર્વ અંગે મોતીના અલંકારો પહેર્યા, તેથી તે તારાઓની શ્રેણિવડે પૂર્ણિમાના ચંદ્રની જેવો અત્યંત શોભતો હતો. તે ઋષભના પુત્રે વિવાહમંગળને માટે દેવદૂષ્યની જેવા

૧ પીઠી ચોળવાની ક્રિયા. ૨ કેશસમૂહ.

[1]અદૂષિત અને દશાવળ સહિત બે શ્વેત વસ્ત્રો પહેર્યાં. પછી તે જાતિવંત અશ્વ પર આરૂઢ થયો. તેના મસ્તકપર મયુરપિચ્છનું છત્ર ધારણ કરવામાં આવ્યું, તેની ચોતરફ સમાન વય અને વેષવાળા અનુચરો ચાલતા હતા, તેનું મુખ [2]નીરંગીથી ઢાંકવામાં આવ્યું હતું, તેની પાસે માંગળિક ગીતો ગવાતાં હતાં, બે પડખે બેઠેલી બે સ્ત્રીઓ તેને લુણ ઉતારતી હતી, તેની આગળ મંગળમય વાજિંત્રો વાગતાં હતાં, અને મંગળપાઠકો મંગળ બોલતા હતા. આ રીતે ઋષભનો પુત્ર શિઘ્રપણે વિવાહમંડપના દ્વાર પાસે આવ્યો.

ત્યાં જાણે શરીરધારી કામદેવજ હોય એવા જંબૂકુમારને સધવા સ્ત્રીએ દહીં વિગેરે માંગળિક વસ્તુવડે અર્ઘ્ય આપ્યો. દ્વારમાં મૂકેલા [3]અગ્નિગર્ભિત શરાવના સંપુટને પગવડે ભાંગી તે કલ્યાણની સંપત્તિના ઘરરૂપ માતૃગૃહ (માયરા) માં ગયો. ત્યાં આઠ કન્યાઓની સાથે બેમીને જંબૂકુમારે કૌતુકપૂર્વક વિવાહનું મંગળ ગ્રહણ કર્યું; ત્યારપછી લગ્નનો સમય આવ્યો ત્યારે ચોરીની અંદર જઇને માતાપિતાને પ્રસન્ન કરવાની ઇચ્છાથીજ તે ઋષભના પુત્ર તેઓને પરણ્યો. તેમના તારામેલક વખતે ધારિણી હર્ષિત થઇ, [illegible] વખતે [illegible]વાળી થઇ, મંગળ ફેરા ફરતાં જોઇ સંતુષ્ટ થઇ, મધુપર્ક વખતે મુખ ઉપર સ્મિતવાળી થઇ, પહેરામણી [illegible] થઇ, છેડાછેડી છોડતી વખતે કુશળતાવાળી થઇ, [illegible] વખતે આનંદના અશ્રુવાળી થઇ અને પોતાના ઉત્સંગમાં [illegible] વખતે અત્યંત સુખ પામી.

આ [illegible] પુત્રના વિવાહમંગળ પ્રસંગે સુખ [illegible] સ્ત્રીઓ સંતતિના વિવાહમાં અત્યંત હર્ષવાળી [illegible] પછી તે વહુઓને અને વરને એટલી [illegible] તેનાવડે સુવર્ણનો એક પર્વત થઇ શકે. [illegible] આઠ વહુઓથી પરિવરેલો જંબૂકુમાર અ[illegible] મંગળદીવા[4] સહિત, મનોહર ધવળમંગળ [illegible] કુમારિકાઓ સહિત, આગળ મધુર સ્વરે વાગતા

૧ દોષ રહિત ૨ બુરખાથી ૩ વચ્ચે અગ્નિવાળા. ૪ લામણ દીવડો.

સર્વ જાગતા લોકોને ઉંઘાડી દીધા. તે વિદ્યા મહાપુણ્યશાળી જંબૂ ઉપર અસર કરવાને સમર્થ થઈ નહીં, કારણ કે 'પ્રાયે કરીને અધિક પુણ્યવંતને આપત્તિ આપવાને ઇંદ્રિ પણ સમર્થ થઈ શકતો નથી.' ત્યાર પછી તે ચોરો નિદ્રા પામેલા સર્વેના અલંકાર વિગેરે સર્વસ્વને ગ્રહણ કરવા લાગ્યા. તે લુંટારાઓને લુંટતા જોઈ મહા મનવાળો જંબૂ કોપ પામ્યા નહીં, તેમજ ક્ષોભ પણ પામ્યા નહીં, પણ લીલાપૂર્વક આ પ્રમાણે બોલ્યા કે–"હે ચોરો ! અહીં સુતેલા, વિશ્વાસુ અને મારા આમંત્રણ કરેલા પ્રાહુણાઓનો તમે સ્પર્શ ન કરો, હું તેઓનો યામિક[1] જાગું છું." મહાપુણ્યના પ્રભાવવાળા જંબૂકુમારનાં આવાં વચનો સાંભળીને સર્વ ચોરોના શરીરો જાણે લેપ્યમય હોય એમ સ્તબ્ધ થઇ ગયા. પ્રભવ પણ ચોતરફ જોવા લાગ્યો, તો હાથણીઓવડે હાથીની જેમ તેણે આઠ પત્નીઓવડે યુક્ત ધારિણીપુત્રને જોયા. પછી તેણે જંબૂકુમારને પોતાની ઓળખાણ આપી કે–"હે મહાત્મન્ ! હું વિંધ્યરાજનો પ્રભવ નામનો પુત્ર છું. મારી સાથે મિત્રાઈ કરીને મારા પર અનુગ્રહ કરો. હે મિત્ર ! મને તમારી સ્તંભની અને મોક્ષણી વિદ્યા આપો; તેના બદલામાં હું તમને મારી અવસ્વાપનિ અને તાલોદ્ઘાટની વિદ્યા આપું." જંબૂકુમારે કહ્યું કે–"હે પ્રભવ ! પ્રાતઃકાળે હું આ આઠે નવી પરણેલી પત્નીઓનો ત્યાગ કરી મમતા રહિત થઈ પ્રવ્રજ્યા લેવાને શુભ મનવાળો ભાવસાધુ થયેલો છું; તેથી હે પ્રભવ ! આ તારી અવસ્વાપનિ વિદ્યાએ મને કાંઈ પણ અસર કરી નથી. અને મારી પાસે કોઈ વિદ્યા નથી. હે ભાઈ ! પ્રાતઃકાળે હું તૃણની જેમ આ લક્ષ્મીનો ત્યાગ કરવાનો છું, તેથી શરીર ઉપર પણ મમતા રહિત મારે વિદ્યાઓનું શું પ્રયોજન છે? તારી વિદ્યાઓનો પણ મારે ખપ નથી."

પછી તે અવસ્વાપની વિદ્યાને સંહરીને પ્રભવે ધારિણીપુત્રને નમસ્કાર કરી બે હાથ જોડીને કહ્યુ કે—"હે મિત્ર ! તું નવી યુવાવસ્થાવાળો છે, તેથી વિષયસુખ ભોગવ અને આ નવી પરણેલી

---

[1] પહેરેદાર.

અને તેની લગભગ આવી પહોંચ્યો હતો; તેવામાં તૃણથી ઢંકાયેલો એક કુવો તેની નજરે પડ્યો, એટલે "આમ દોડવાથી તો હાથી અવશ્ય મને મારી નાખશે; પણ કુવામાં પડવાથી કદાચ બચી શકાશે." એમ વિચારી તેણે તે કુવામાં ઝંપાપાત કર્યો. "જીવવાની આશા મૂકવી એ પ્રાણીને ખરેખરી દુષ્કર છે."

તે કુવાને કાંઠે એક વડનું મોટું વૃક્ષ હતું, તેની એક લાંબી ડાળ કુવાના મધ્યભાગમાં સર્પના દેહની જેમ લટકતી હતી. કુવામાં પડતાંજ તે ડાળ તેના હાથમાં આવી, એટલે દોરડાથી બાંધેલા ઘડાની જેમ તે તેને વળગીને કુવામાં લટકતો રહ્યો. પેલા હાથીએ તે પુરૂષના મસ્તકનો સ્પર્શ કરવા માટે (પકડવા માટે) પોતાની સૂંઢ કુવામાં નાંખી, પરંતુ જેમ મંદ ભાગ્યવાળો ઉત્તમ ઔષધિને ન પામે તેમ તે તેને પકડી શક્યો નહિ. હવે ભાગ્ય વિનાના તે પુરૂષે નીચે દૃષ્ટિ નાંખી તો કુવાની અંદર એક મોટો અજગર જોયો. તે અજગર પણ હમણા આ મારો કવળ[1]મારા મુખમાં પડશે એવી બુદ્ધિથી તેની સન્મુખ જોઈ કુવાની અંદર જાણે બીજો કુવો હોય તેમ મુખને પહોળું કરીને રહ્યો હતો. કુવાની અંદર ચાર દિશાએ પ્રાણને હરણ કરનાર યમરાજના બાણો હોય તેવા ચાર સર્પો તેની દૃષ્ટિએ પડ્યા. દુષ્ટ ચિત્તવાળા તે સર્પો પણ તેને ડસવાની ઇચ્છાથી ઉંચી ફેણાઓ કરીને ધમણની જેવા મુખમાંથી નીકળતા ફુંફાડાવડે પવનને કાઢી રહ્યા હતા. હવે ઉપરના ભાગમાં વડવૃક્ષની તે ડાળ છેદવા માટે એક ધોળો અને બીજો કાળો એવા બે ઉંદરો કરડ કરડ શબ્દપૂર્વક પોતાના દાંતરૂપી કરવતને ચલાવી રહ્યા હતા. પેલો મદોન્મત્ત હાથી તે પુરૂષને પકડી નહીં શકવાથી જાણે તે વડવૃક્ષનેજ ઉખેડી નાંખવા ઇચ્છતો હોય તેમ તે આખા વડવૃક્ષને હલાવી રહ્યો હતો; તેથી પેલી વડવૃક્ષની ડાળ હીંચકાની જેમ હાલતી હતી; એટલે પડી જવાના ભયથી તે પુરૂષ તેને હાથે અને પગે કરીને ગાઢ વળગી રહ્યો હતો, કે જેથી તે તેની સાથે બાહુયુદ્ધ કરતો હોય તેમ દેખાતો હતો. હાથીએ હલાવેલી તે

[1] કોળીઓ, ભક્ષ્ય.

શાખા ઉપર એક મધપુડો હતો તે હાલવાથી ભાલાની જે
મુખવાળી મધમાખીઓ તેમાંથી ચોતરફ ઉડી અને
મનુષ્યના જીવને બહાર ખેંચી કાઢવા તત્પર થઈ હે
લોઢાના સાંણુસા જેવા તીક્ષ્ણ મુખવડે તેને ડસવા લાગ
પાંખોવાળી માખીઓએ તે પુરૂષનું સર્વ અંગ ઢાંકી
જેથી તે પુરૂષ કુવામાંથી નીકળવા માટે ઉત્સુક થવાથી
વાળો થયો હોય એવો દેખાવા લાગ્યો. હવે વડવૃક્ષ ઉપર
પેલા મધપુડામાંથી મધનું એક એક બિંદુ જટાધારીમાંથી
જળના બિંદુની જેમ તે પુરૂષના લલાટ ઉપર પડવા માંડ્યું
તેના ભાલસ્થળ ઉપરથી દડતું દડતું તેના મુખમાં પેઠું એટલે
સ્વાદ લઈને તે પુરૂષ મોટું સુખ પ્રાપ્ત થયું હોય એમ મા
લાગ્યો અને મૃત્યુને લગતા હાથી અજગર સર્પ વિગેરેના ભ
ક્ષણભર ભૂલી ગયો.

હે પ્રભવ ! હવે આ દૃષ્ટાંતનો ભાવાર્થ સાંભળ—જે પુરૂ
કહ્યો તે સંસારી જીવ જાણવો, જે હાથી કહ્યો તે મૃત્યુ જાણવું, જે અટવી કહી તે આ સંસા
જન્મ, જે અજગર તે નરક, જે ચાર સર્પો તે ક્રોધાદિક ચાર
કષાય, જે વડવૃક્ષની ડાળ તે આયુષ્ય, જે શ્વેત અને કૃષ્ણ
ઉંદર તે આયુષ્યનો ક્ષય કરવામાં તત્પર શુક્લ પક્ષ અને કૃષ્ણ
પક્ષ જાણવા, જે મધમાખીઓ તે સંસારની વ્યાધિઓ સમજવી
અને હે મિત્ર ! જે મધનું બિંદુ કહ્યું તે વિષયજન્ય ક્ષણિક સુખ
જાણવું. આવા સ્વરૂપ વિષયસુખમાં કયો બુદ્ધિમાન આસક્ત
થાય ? હે મિત્ર ! કદાચ કોઈ દેવ કે વિદ્યાધર તે પુરૂષને તે
કુવામાંથી બહાર કાઢવા ચાહે તો તેવી કઠિન થયેલો તે પુરૂષ
બહાર નિકળવા ઈચ્છે કે નહીં ?"

પ્રભવે કહ્યું—"આવા પ્રકારની વિપત્તિરૂપ સમુદ્રના કુમનો
કયો પુરૂષ વહાણની જેમ ઉપકારી તે નરને કહેવા છતાં બહાર
નીકળવા ન ઈચ્છે ?" જંબૂકુમારે કહ્યું—"ત્યારે હવે કહે કે ગણ
ધર સુધર્માસ્વામી જેવા તારનાર મળ્યા છતાં હું શા માટે આ

અપાર ભવસાગરમાં ડુબું ? "તરવા કેમ ન ઇચ્છું !" પ્રભવ બોલ્યો—"હે ભાઈ ! તારા માતાપિતા તારા પર અત્યંત સ્નેહવાળા છે અને આ સ્ત્રીઓ પણ તારી ઉપર અત્યંત અનુરાગવાળી છે, તે સર્વનો તું કઠોર થઇને કેમ ત્યાગ કરી શકીશ ?" જંબૂકુમારે કહ્યું—"અરે પ્રભવ ! આ સંસારના સંબંધીઓ તો આ પ્રાણીને સંસારમાં ડુબાવનારા હોવાથી શત્રુતુલ્યજ છે, તેના પર પ્રેમ શો કરવો ? કારણ કે એવા સંબંધ તો આ સંસારમાં પ્રત્યેક જીવ સાથે અનેક થાય છે; એટલે એવી બંધુમમતાથી તો કુબેરદત્તની જેમ કર્મબંધ થાય છે. તેને એક ભવમાં પણ અનેક સંબંધ થયા છે; તેની કથા કહું છું તે સાંભળ—

કુબેરદત્તની કથા.

મથુરા નગરીમાં કામદેવની સેના જેવી કુબેરસેના નામની એક ઉત્તમ ગણિકા હતી. તેણીને પ્રથમ ગર્ભ રહ્યો ત્યારે તે તેનાથી અત્યંત પીડા પામવા લાગી. તેથી તેની માતાએ તેને વૈદ્યને દેખાડી. "વ્યાધિરૂપ ક્લેશમાં વૈદ્યનુંજ શરણ હોય છે." વૈદ્યે નાડીના ધબકારા વિગેરે ઉપરથી તેણીને વ્યાધિરહિત જાણી કહ્યું કે—"આને કાંઈ પણ રોગ નથી; પરંતુ તેના ક્લેશનું કારણ એ છે કે એના ઉદરમાં દુઃખે કરીને વહન કરી શકાય એવું યુગલ[1] ઉત્પન્ન થયું છે. આ કારણથી તેને પ્રસૂતિકાળ પર્યંત તે ગર્ભનો ક્લેશ રહેશે" તે સાંભળી માતાએ તેણીને કહ્યું કે—"હે પુત્રી ! તારો ગર્ભ હું પડાવી નાખું, કારણ કે પ્રાણનો નાશ કરવામાં [illegible] તે ગર્ભનું રક્ષણ કરવાથી શું ફળ છે ?" તે સાંભળી વેશ્યા બોલી: "[illegible] ગર્ભનું કલ્યાણ થાઓ, હું ક્લેશ સહન કરીશ; કારણ કે [illegible] ઘણા બાળકોને પ્રસવે છે છતાં તે પણ જીવે છે." પછી ગર્ભનો ક્લેશ સહન કરી સમય પૂર્ણ થયે તે ગણિકાએ એક પુત્ર અને એક પુત્રીને સાથે જન્મ આપ્યો, તે વખતે તેની માતાએ તેને કહ્યું કે—"હે પુત્રી ! આ બાળકો તારા શત્રુરૂપ છે; કારણ કે ઉદરમાં રહ્યા છતાં પણ

1 બે ગર્ભ.

તેમણે તને મૃત્યુના દ્વારમાં મૂકી દીધી હતી. વળી આ યુગ્મ બાળ તારૂં સ્તનપાન કરવાથી તારી યુવાવસ્થાને હરણ કરનારા થ અને વેશ્યાઓનું જીવન તો યૌવનજ છે. તેથી તું જીવની જે યૌવનનું રક્ષણ કર અને ઉદરમાંથી પડેલા આ યુગલને વિષ્ટાન જેમ બહાર ફેંકાવી દે, તેનાપર મોહ ન કર; કારણ કે આપણ જાતિનો એવોજ ક્રમ છે." તે સાંભળી વેશ્યા બોલી કે–" હે માતા! જો કે તમે કહો છો તે બરાબર છે, તો પણ તમે દશ દિવસ વિલંબ કરો, તેટલા દિવસ હું આ બાળકોનું પોષણ કરૂં." તેની માતાએ તેને તેમ કરવાની અનુજ્ઞા આપી. તેથી તે નિરંતર સ્તનપાન કરાવી તે બાળકોનું પોષણ કરવા લાગી. એ રીતે બાળકોને પાળતાં કાળરાત્રિની જેવો અગ્યારમો દિવસ પ્રાપ્ત થયો, એટલે તેણીએ કુબેરદત્ત અને કુબેરદત્તા એવા નામના અંકવાળી બે મુદ્રિકાઓ કરાવી તે બન્નેની આંગળીમાં પહેરાવી. પછી બુદ્ધિવડે ચતુર એવી તેણીએ લાકડાની પેટી કરાવી. તેને રત્નોથી પૂર્ણ ભરી તેમાં તે બન્ને બાળકોને મૂક્યા, અને તે પેટી તેણીએ પોતે યમુના નદીના પ્રવાહના [illegible] મૂકી દીધી [illegible]

[illegible]

પવિત્ર એવું નવું યૌવન પામ્યા. "આ બેજ પરસ્પર યોગ્ય છે" એમ ધારીને તે ઇભ્યોએ અતિ હર્ષથી તે બન્નેનો પરસ્પર પાણિગ્રહણનો મહોત્સવ કર્યો. ચતુરાઈની શિક્ષા આપવાના ગુરૂરૂપ યૌવનવડે વ્યાપ્ત થયેલા તે બન્નેના અંગ ઉપર પુરૂષ અને નારીના વાહનવાળો કામદેવ આરૂઢ થયો. એકદા વહુવરે પરસ્પર વિકસ્વર થયેલા પ્રેમરૂપી જળની નદીરૂપ દ્યુતક્રીડા પ્રારંભી. દ્યુતક્રીડા કરતાં કુબેરદત્તના હાથમાંની મુદ્રિકા નીકળીને કુબેરદત્તાના હાથમાં પડી. કુબેરદત્તા પારખવા યોગ્ય નાણાની જેમ તે મુદ્રિકાને વારંવાર ફેરવી ફેરવીને જોવા લાગી અને વિચારવા લાગી કે– "આ મુદ્રિકા મારી મુદ્રિકાની સાથે એકજ દેશમાં ઘડેલી હોય એમ ભાસે છે." એમ વિચારી તેની અને પોતાની મુદ્રિકાને વારંવાર મેળવી જોતી કુબેરદત્તા વિચારના આવેશમાં ધ્રુજવા લાગી. તેણીએ મનમાં નિશ્ચય કર્યો કે–"આ બંને મુદ્રિકાઓ સહોદરની જેમ એકજ દેશમાં ઘડાયેલી છે, તોલમાં સરખી છે અને સરખાજ નામ તથા અક્ષરવાળી છે; તેથી કરીને આ મુદ્રિકાની જેમ હું અને કુબેરદત્ત બન્ને રૂપમાં અત્યંત સરખા છીએ, માટે અવશ્ય અમે ભાઈ બહેનજ છીએ એમ જણાય છે. તેમાં કાંઈપણ સંશય રહેતો નથી. વળી અમારા બન્નેના સર્વ અંગમાં ન્યૂનાધિકપણું નહિ હોવાથી અમારો બન્નેનો એકી સાથે જન્મ થયો હશે એમ જણાય છે. અહો! [illegible] અમારા બન્નેના વચ્ચે આવું વિવાહનું અકાર્ય કરાવ્યું! અમારા પિતાએ અથવા માતાએ તો બન્ને ઉપરના સમાન અપત્યના સ્નેહને લીધે આ બન્ની મુદ્રિકાઓ કરાવી જણાય છે. અને બન્ને સહોદર છીએ તેથીજ આમને વિષે મારી પતિબુદ્ધિ થતી નથી, તેમજ મારે વિષે એમની પત્નીબુદ્ધિ પણ થતી નથી."

આ પ્રમાણે વિચારી તથા તેજ પ્રમાણે નિશ્ચય કરી કુબેરદત્તાએ તે બન્ને મુદ્રિકા કુબેરદત્તના હાથમાં મૂકી. કુબેરદત્ત પણ તે બન્ને મુદ્રિકાને જોઈ તેજ પ્રમાણે વિચારની શ્રેણિને પામી શુભ આશય થવાથી ખેદ પામ્યો પછી કુબેરદત્તાને તેની મુદ્રિકા આપી બુદ્ધિમાન કુબેરદત્તે માતા પાસે જઈ તેને શપથ આપીને પૂછ્યું

કે—"હે માતા ! હું તારો ઔરસ પુત્ર છું ? [1]અપવિદ્ધ છું ? [2]દત્રિમ છું ? કૃત્રિમ છું ? કે બીજા કોઇ પ્રકારનો છું ? કેવો છું તે કહે; કારણકે પુત્રો ઘણા પ્રકારના હોય છે." આ પ્રમાણે અત્યંત આગ્રહવડે તેણે પૂછવાથી તેની માતાએ નદીમાંથી પેટીની અને તેમાંથી બાળક બાળકીની પ્રાપ્તિ થઈ ત્યાંથી આરંભીને સર્વ કથા તેને કહી બતાવી. તે સાંભળી કુબેરદત્ત બોલ્યો કે—" હે માતા ! આવું અકૃત્ય તમે કેમ કર્યું ? અમને સાથે જન્મેલા જાણતાં છતાં અમને પરસ્પર કેમ પરણાવ્યા ? તેજ માતા શ્રેષ્ઠ છે કે જેણે અમારૂં પોષણ કરવાની અશક્તિને લીધે અમને પોતાના ભાગ્યને ભળાવીને નદીના પ્રવાહમાં મૂકી દીધા. નદીનો પ્રવાહ પણ મૃત્યુને માટે થાય છે, અકાર્ય કરવા માટે થતો નથી, છતાં અમારે માટે તેવો થયો. હવે આવા જીવવા કરતાં મરવું સારૂં છે. પણ અકૃત્યવાળું જીવિત સારૂં નથી."

તે સાંભળી તેની માતા બોલી કે—"હે વત્સ ! અલ્પ બુદ્ધિવાળા અમે તમારા બન્નેના અતિ મનોહર અને અતિ સદશ રૂપે કરીને મોહ પામ્યા હતા. આ કુબેરદત્તા જેવી તારે યોગ્ય બીજી કોઈ કન્યા દેખાતી નહોતી અને તારી જેવો તેને અનુરૂપ કોઈ પણ વર દેખાતો નહોતો; તેથી અમે આ કાર્ય કર્યું છે. છતાં હજુ સુધી તમારા બન્નેનું માત્ર પાણિગ્રહણ જ થયું છે, પરંતુ પુરૂષ અને સ્ત્રીના સંબંધથી ઉત્પન્ન થતું બીજું કાંઇ પાપકર્મ થયું નથી. હજુ સુધી તું કુમારજ છે અને તે પણ હજી કુમારીકા જ છે, માટે તેણીનું ને તારૂં કલ્યાણ થાઓ. તેણીને આ પ્રમાણેની વાત કહીને તેના પિતાને ત્યાં મૂકી દે. હે સુંદર ! તારે વ્યાપારને નિમિત્તે દિગ્યાત્રા કરવા જવાની ઇચ્છા છે, તો તું પરદેશ જા. અમારા આશિર્વાદથી દિગ્યાત્રા કરીને સુખેસુખે પાછો શિઘ્રપણે આવજે. તું ક્ષેમકુશળ પાછો આવીશ ત્યારે મહોત્સવપૂર્વક તારો કોઇ બીજી કન્યા સાથે વિવાહ કરશું." આ પ્રમાણે સાંભળી ધર્મબુદ્ધિવાળા કુબેરદત્તે પણ ' બહુ સારૂં ' એમ કહી કુબેર-

૧ માતપિતાએ તજેલો.　૨ દત્તક.

દત્તાની પાસે જઇ તેને તે નિર્ણય કહી બતાવ્યો, અને પછી કહ્યું કે–" હે ભદ્રે ! તું તારા માબાપને ઘેર જા, તું મારી બ્હેન છે, વિવેકી છે અને ડાહી છે; તેથી જેમ તને યોગ્ય લાગે તેમ કરજે. હે બ્હેન ! આપણને આપણા માતાપિતાએજ છેતર્યા તેમાં આપણે શું કરીએ ? વળી વિચાર કરતાં તેમનો પણ આમાં દોષ નથી. આપણી આવી ભવિતવ્યતાજ હશે. માબાપ પોતાનાં બાળકોને વેચે છે, તજે છે કે અકાર્ય કરવાની આજ્ઞા કરે છે તે સર્વ બાળકોના કર્મના દોષને લઇને જ થાય છે."

આ પ્રમાણે તેને કહીને કુબેરદત્ત કરિયાણાં લઇ વ્યાપારને માટે મથુરાપુરી ગયો. ત્યાં વ્યાપારવડે તેણે ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું, અને સ્વેચ્છાથી યૌવનને ઉચિત વિલાસ કરતો તે ત્યાં ચિરકાળ રહ્યો. એકદા રૂપ અને લાવણ્યથી શોભતી કુબેરસેના વેશ્યાને[1] તેણે દ્રવ્ય આપીને પોતાની સ્ત્રી તરીકે રાખી. કુબેરસેનાની સાથે વિષયસુખ ભોગવતાં તેને એક પુત્ર થયો. "દૈવનું નાટક આવું વિચિત્ર છે."

અહીં કુબેરદત્તાએ પણ પોતાને પિયર જઇને પોતાની માતાને પૂછ્યું, એટલે તેણે પણ મંજૂષાની પ્રાપ્તિથી આરંભીને સર્વ કથા તેજ પ્રમાણે કહી. એ પ્રમાણે પોતાની કથા સાંભળીને તત્કાળ વૈરાગ્ય પામી કુબેરદત્તાએ દીક્ષા ગ્રહણ કરી અને દુષ્કર તપ કર્યું. સાધ્વી પ્રવ્રજ્યા લેતી વખતે [illegible] મુદ્રિકા ગુપ્ત રીતે પોતાની પાસે રાખી અને ગુરૂણીની સાથે પરિષહોને સહન કરતી [illegible] ગુરૂણીના [illegible] અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. [illegible] કુબેરદત્ત ક્યાં છે અને શું કરે છે? [illegible] જાણવા માટે તેણે [illegible] મથુરાપુરીમાં કુબેરસેનાના [illegible] પુત્ર [illegible] [illegible] " એમ

૧ વેશ્યાને.

વિચારી તેને પ્રતિબોધ કરવા માટે કરૂણારસની નદી સમાન તે બીજી સાધ્વીઓ સહિત મથુરાપુરી ગઈ. ત્યાં જઈને કુબેરદત્તા સાધ્વીએ કુબેરસેના પાસે ધર્મલાભ આપવા પૂર્વક રહેવાની જગ્યા માગી. કુબેરસેના વંદના કરીને બોલી કે-"હે આર્યા! જો કે હું પણ્યાંગના (વેશ્યા) છું, તોપણ હાલમાં મારે એકજ પતિ છે, તેથી હું કુળવધુ જેવી છું. કુળવાન પતિના સંગથી મેં આ કુળસ્ત્રીની જેવો વેષ પહેર્યો છે, વળી કુલીનની જેવુંજ મારૂં આચરણ છે, તેથી હું તમારા પ્રસાદને લાયક છું; માટે અહીં મારા ઘરની પાસેજ આ જગ્યા છે તેનો સ્વીકાર કરી નિરંતર ઈષ્ટ દેવતાની જેમ મારી સમીપેજ રહો." તે સાંભળી તેણીનું કલ્યાણ કરવામાં કામધેનુ સમાન કુબેરદત્તા સાધ્વી પરિવાર સહિત તેણીએ આપેલી વસતિમાં રહ્યા.

કુબેરસેના રાત્રી દિવસ સાધ્વી પાસે આવીને બેસતી અને પોતાના પુત્રને સાધ્વીના ચરણકમળ પાસે પૃથ્વી પર આળોટતો મૂકતી હતી. "જે પ્રાણી જે રીતે બોધ પામે તેમ હોય તેને તે રીતેજ બોધ પમાડવો." એમ વિચારીને એકદા તે સાધ્વી તેણીને પ્રતિબોધ કરવા માટે તે બાળકને ઉદ્દેશીને આ પ્રમાણે બોલ્યા કે-"હે બાળક! તું મારો ભાઈ થાય છે, પુત્ર થાય છે, પતિનો નાનો ભાઈ હોવાથી દિયર થાય છે, ભત્રીજો થાય છે, કાકો થા- [illegible] પુત્રનો પુત્ર (પૌત્ર) પણ થાય છે, વળી હે બાળક [illegible] [illegible] પુત્ર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નું સ્વરૂપ [illegible] બાળક—

૧ પિતાને [illegible] ૨ પિતાના [illegible] ૩ પુત્રની વહુ.

"આ બાળક મારો ભાઇ છે, કારણકે અમારા બન્નેની માતા એકજ છે, મારા પતિનો આ પુત્ર છે તેથી તેને હું પુત્ર કહું છું, મારા ભર્તારનો આ સહોદર છે તેથી તે મારો દિયર પણ થાય છે, મારા ભાઇનો આ પુત્ર છે તેથી હું તેને ભત્રીજો કહું છું, આ મારી માના પતિનો ભાઇ છે તેથી તે મારો કાકો થાય છે, તથા આ બાળક મારી સપત્નિ (શોક) ના પુત્રનો પુત્ર છે તેથી મેં તેને પૌત્ર કહ્યો છે.

આ બાળકનો જે પિતા છે તે મારો ભાઇ થાય છે, કારણકે અમારા બન્નેની એકજ માતા છે, આનો જે પિતા છે તે મારી માતાનો ભર્તાર થયો, તેથી તે મારો પિતા થાય છે, તે મારા કાકાનો પિતા થાય છે તેથી તેને હું પિતામહ કહું છું, તે મારી સાથે પરણ્યા હતા તેથી તે મારો પતિ થાય છે, તે મારી સપત્નીની કુક્ષિમાં ઉત્પન્ન થયો છે તેથી તે મારો પુત્ર થાય છે, તથા તે મારા દિયરનો પિતા હોવાથી મારો સાસરો પણ થાય છે.

આ બાળકની જે માતા છે તે મારી પણ માતા છે, કેમકે હું તેનાથી ઉત્પન્ન થઇ છું, તે મારા કાકાની માતા હોવાથી મારી પિતામહી પણ થાય છે. તે મારા ભાઇની સ્ત્રી હોવાથી મારી ભાભી પણ થાય છે, તે સપત્નીના પુત્રની વહુ હોવાથી મારી વધૂ (પુત્રની વહુ) પણ થાય છે, આ મારા પતિની માતા છે તેથી તે ખરેખર મારી સાસુ પણ થાય છે અને મારા ભર્તારની આ બીજી સ્ત્રી છે તેથી તે મારી સપત્ની (શોકય) પણ થાય છે."

આ પ્રમાણે કહીને તે સાધ્વીએ કુબેરદત્તને પોતાની પાસે રાખેલી ગુપ્ત મુદ્રિકા આપી. તે જોઇને તત્કાળ કુબેરદત્તે સર્વ સંબંધ જાણી લીધો, તેથી તરતજ તેણે વૈરાગ્ય પામી પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને ઉગ્ર તપ કરી મૃત્યુ પામીને તે સ્વર્ગવધૂનો અતિથિ થયો. કુબેરસેનાએ પણ શ્રાવિકાના વ્રતનો આશ્રય કર્યો, પછી કુબેરદત્તા સાધ્વી પોતાની ગુરૂણી પાસે ગયા.

હે પ્રભવ ! આ પ્રમાણે મુગ્ધ પ્રાણી પોતેજ જેનાથી બંધાય છે તેની ઉપર છીપને વિષે રૂપાની બુદ્ધિની જેમ બંધુની

બુદ્ધિ રાખે છે તે એઓની વાત છે. જે પોતે બંધ રહિત હોય અને જે બીજાઓના બંધને મુકાવનાર હોય તે (સાધુ) જ ખરા બંધુ છે, બીજા તો નામનાજ બંધુ છે.

તે સાંભળી પ્રભવ બોલ્યો કે—"હે કુમાર ! તું તારા પિતૃઓને દુર્ગતિમાં પડતાં બચાવવા માટે પુત્રને ઉત્પન્ન કર. જો પિતૃઓ સંતાન રહિત હોય તો અવશ્ય નરકે જાય છે એમ લૌકિક શાસ્ત્રો કહે છે. તેથી તને પુત્ર થયો નથી, ત્યાં સુધી તું પિતૃઋણથી મુક્ત થઈ શકશે નહીં" જંબૂકુમારે કહ્યું—"હે મિત્ર ! પુત્ર પિતાને તારે છે એમ જે કહેવું તે તો કેવળ મોહજ છે. આ વિષય ઉપર મહેશ્વરદત્ત નામના સાર્થવાહનું દૃષ્ટાંત છે તે સાંભળ—

મહેશ્વરદત્તની કથા.

તામ્રલિપ્તિ નામની નગરીમાં લક્ષ્મીવાન મહેશ્વરદત્ત નામે એક સાર્થવાહ રહેતો હતો. તેનો પિતા સમુદ્રદત્ત નામે પ્રસિદ્ધ હતો. તેને જળવડે સમુદ્રની જેમ ધનવડે તૃપ્તિ થઈ નહોતી. મહેશ્વરદત્તને બહુલા નામની માતા (સમુદ્રદત્તની સ્ત્રી) હતી. તે અત્યંત માયાપ્રપંચને કરનારી તથા અર્થની માતા હોય તેવી અત્યંત લોભી હતી. [illegible] તેનું ચિત્ત કદાપિ વિશ્રાંત થયું નહોતું. [illegible] અને ધનનો [illegible] મહેશ્વરદત્તનો [illegible] નગરીના પાડે થયો [illegible] ગાંગલા [illegible] કૂતરી થઈ [illegible]

[illegible]

[illegible] તેમ તેના ઉપર અત્યંત સ્નેહ કરે છે [illegible] હોય

" આ બાળક મારો ભાઈ છે, કારણકે અમારા બન્નેની માતા એકજ છે, મારા પતિનો આ પુત્ર છે તેથી તેને હું પુત્ર કહું છું, મારા ભર્તારનો આ સહોદર છે તેથી તે મારો દિયર પણ થાય છે, મારા ભાઈનો આ પુત્ર છે તેથી હું તેને ભત્રીજો કહું છું, આ મારી માતાના પતિનો ભાઈ છે તેથી તે મારો કાકો થાય છે, તથા આ બાળક મારી સપત્નિ (શોક) ના પુત્રનો પુત્ર છે તેથી મેં તેને પૌત્ર કહ્યો છે.

આ બાળકનો જે પિતા છે તે મારો ભાઈ થાય છે, કારણકે અમારા બન્નેની એકજ માતા છે, આનો જે પિતા છે તે મારી માતાનો ભર્તાર થયો, તેથી તે મારો પિતા થાય છે, તે મારા કાકાનો પિતા થાય છે તેથી તેને હું પિતામહ કહું છું, તે મારી સાથે પરણ્યા હતા તેથી તે મારો પતિ થાય છે, તે મારી સપત્નીની કુક્ષિમાં ઉત્પન્ન થયો છે તેથી તે મારો પુત્ર થાય છે, તથા તે મારા દિયરનો પિતા હોવાથી મારો સાસરો પણ થાય છે.

આ બાળકની જે માતા છે તે મારી પણ માતા છે, કેમકે હું [illegible] ઉત્પન્ન [illegible] મારા કાકાની માતા હોવાથી [illegible] મારા [illegible]ની સ્ત્રી હોવાથી મારી [illegible] પુત્રની વહુ હોવાથી મારી [illegible] આ મારા પતિની માતા છે તેથી [illegible] અને મારા ભર્તારની આ [illegible] (શોક્ય) પણ થાય છે"

[illegible] કુબેરદત્તને પોતાની પાસે [illegible] કુબેરદત્ત [illegible] તેની [illegible] નોતીને તે [illegible] [illegible] તેના [illegible] [illegible] ગુરૂની પાસે [illegible]

[illegible] બાળક [illegible] પ્રાણી પાસેથી જેનાથી [illegible] તેની ઉપર દીધેલ [illegible] પોતાની બુદ્ધિની જેમ [illegible]

બુદ્ધિ રાખે છે તે ખેદની વાત છે. જે પોતે બંધ રહિત હોય અને જે બીજાઓના બંધને મુકાવનાર હોય તે (સાધુ) જ ખરા બંધુ છે, બીજા તો નામનાજ બંધુ છે.

તે સાંભળી પ્રભવ બોલ્યો કે—"હે કુમાર ! તું તારા પિતૃઓને દુર્ગતિમાં પડતાં બચાવવા માટે પુત્રને ઉત્પન્ન કર. જે પિતૃઓ સંતાન રહિત હોય તો અવશ્ય નરકે જાય છે એમ લૌકિક શાસ્ત્રો કહે છે, તેથી તને પુત્ર થયો નથી, ત્યાં સુધી તું પિતૃ-ઋણથી મુક્ત થઇ શકશે નહીં" જંબૂકુમારે કહ્યું—"હે મિત્ર ! પુત્ર પિતાને તારે છે એમ જે કહેવું તે તો કેવળ મોહજ છે. આ વિષય ઉપર મહેશ્વરદત્ત નામના સાર્થવાહનું દષ્ટાંત છે તે સાંભળ—

મહેશ્વરદત્તની કથા.

તામ્રલિપ્તિ નામની નગરીમાં લક્ષ્મીવાન મહેશ્વરદત્ત નામે એક સાર્થવાહ રહેતો હતો. તેનો પિતા સમુદ્રદત્ત નામે પ્રસિદ્ધ હતો. તેને જળવડે સમુદ્રની જેમ ધનવડે તૃપ્તિ થઇ નહોતી. [illegible] બહુલા નામની [illegible] સમુદ્રદત્તની સ્ત્રી [illegible] હતી. [illegible] અર્થની [illegible] હોય તેવી [illegible]

"આ બાળક મારો ભાઇ છે, કારણકે અમારા બન્નેની માતા એકજ છે, મારા પતિનો આ પુત્ર છે તેથી તેને હું પુત્ર કહું છું, મારા ભર્તારનો આ સહોદર છે તેથી તે મારો દિયર પણ થાય છે, મારા ભાઇનો આ પુત્ર છે તેથી હું તેને ભત્રીજો કહું છું, આ મારી માના પતિનો ભાઇ છે તેથી તે મારો કાકો થાય છે, તથા આ બાળક મારી સપત્નિ (શોક) ના પુત્રનો પુત્ર છે તેથી મેં તેને પૌત્ર કહ્યો છે.

આ બાળકનો જે પિતા છે તે મારો ભાઇ થાય છે, કારણકે અમારા બન્નેની એકજ માતા છે, આનો જે પિતા છે તે મારી માતાનો ભર્તાર થયો, તેથી તે મારો પિતા થાય છે, તે મારા કાકાનો પિતા થાય છે તેથી તેને હું પિતામહ કહું છું, તે મારી સાથે પરણ્યા હતા તેથી તે મારો પતિ થાય છે, તે મારી સપત્નીની કુક્ષિમાં ઉત્પન્ન થયો છે તેથી તે મારો પુત્ર થાય છે, તથા તે મારા દિયરનો પિતા હોવાથી મારો સાસરો પણ થાય છે.

આ બાળકની જે માતા છે તે મારી પણ માતા છે, કેમકે હું તેનાથી ઉત્પન્ન થઇ છું, તે મારા કાકાની માતા હોવાથી મારી પિતામહી પણ થાય છે. તે મારા ભાઇની સ્ત્રી હોવાથી મારી ભાભી પણ થાય છે, તે સપત્નીના પુત્રની વહુ હોવાથી મારી વધૂ (પુત્રની વહુ) પણ થાય છે, આ મારા પતિની માતા છે તેથી તે ખરેખર મારી સાસુ પણ થાય છે અને મારા ભર્તારની આ બીજી સ્ત્રી છે તેથી તે મારી સપત્ની (શોક્ય) પણ થાય છે."

આ પ્રમાણે કહીને તે સાધ્વીએ કુબેરદત્તને પોતાની પાસે રાખેલી નામ મુદ્રિકા આપી, તે જોઇને તત્કાળ કુબેરદત્તે સર્વ સંબંધ જાણી લીધો, તેથી તરતજ તેણે વૈરાગ્ય પામી પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને ઉગ્ર તપ કરી મૃત્યુ પામીને તે સ્વર્ગવધૂનો અતિથિ થયો. કુબેરસેનાએ પણ શ્રાવિકાના વ્રતનો આશ્રય કર્યો; પછી કુબેરદત્તા સાધ્વી પોતાની ગુરૂણી પાસે ગયા.

હે પ્રભવ ! આ પ્રમાણે મુગ્ધ પ્રાણી પોતેજ જેનાથી બંધાય છે તેની ઉપર છીપને વિષે રૂપાની બુદ્ધિની જેમ બંધુની

ગ્રહણ કરી નથી, તેમજ મને વધી તારી હકીકત જોતાં મહા વૈરાગ્ય પણ ઉત્પન્ન થયો છે." તે સાંભળી "શા કારણથી આપને મહા વૈરાગ્ય ઉત્પન્ન થયો છે ?" એ પ્રમાણે સાર્થવાહે મુનિને પૂછ્યું. ત્યારે તેણે પાડાની અને કુતરીની સત્ય કથા તેને કહી બતાવી. તે સાંભળી "તેની શી ખાત્રી ?" એમ પૂછતાં મહેશ્વરને મુનિએ કહ્યું કે–"પૂર્વે કાંઇ પણ દ્રવ્યાદિક દાટેલું હોય તો તે આ કુતરીને પૂછ." ત્યારે તેણે તે કુતરીને પૂછ્યું, એટલે તરતજ તે કુતરી જાતિસ્મરણથી જાણે સુવાને માટે ખોદતી હોય તેમ નિધાનના સ્થાનને પોતાના પગવડે ખોદવા લાગી; તે જોઇ પ્રતીતિ ઉત્પન્ન થવાથી સંસારથી ઉદ્વેગ પામેલા મહેશ્વરે [1]પાત્રોને વિષે સંપત્તિનો વ્યય કરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી, તેથી કરીને હે વલ્લભાઓમાં શ્રેષ્ઠ પ્રભવ ! પુત્રો માતાપિતાને દુર્ગતિરૂપી દ્રહમાંથી તારે છે તેવો નિશ્ચય શી રીતે કરવો ?"

આ અવસરે સમુદ્રશ્રીએ જંબૂકુમારને કહ્યું કે–"હે નાથ! તમે એક ખેડુતની જેમ પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે એવું ન કરો. તેની કથા આ પ્રમાણે

એક ખેડુતની કથા.

પૃથ્વીને વિષે પ્રસિદ્ધ સુસીમ નામના ગામમાં ધન ધાન્યાદિકના સમૃદ્ધિવાળો એક નામે એક ખેડુત રહેતો હતો. મહા ચોમાસામાં તેણે વર્ષાકાળ પ્રાપ્ત થયો ત્યારે ખેતીને તૈયાર કરેલા ખેતરમાં કંગુ અને કોદ્રવ વાવ્યા. અનુક્રમે તે ધાન્ય ઉગ્યાં, એટલે તેના શ્યામ પાંદડાંએ કરીને તે ખેતરની ભૂમિ જાણે કાય ... અને ... સ્ત્રીના કેશનો સમૂહ ઉગ્યો હોય તેમ તે ભૂમિ દેખાવા લાગી. તે કંગુ અને કોદ્રવનું વન વૃદ્ધિ પામતું જોઇને તે અત્યંત હર્ષ પામ્યો. પછી તે કાંઇ કાર્યને લીધે દૂર ... કોઇ ગામમાં પોતાના સ્વજનનો અતિથિ થયો. તે સ્વજને તેને ભોજનમાં ખાંડ અને માંડા આપ્યા, તેના અપૂર્વ (નવીન) આહારે કરીને તે અત્યંત હર્ષ પામ્યો. પ્રસન્ન થયેલા તેણે સ્વ-

૧ સાત ક્ષેત્ર.

જનોને કહ્યું કે—"અહો ! તમારૂં જીવિતવ્ય ધન્ય છે, કે જેમનો આવો અમૃત સમાન મનોહર આહાર છે. સ્વપ્નમાં પણ મેં આવો આહાર કદી લેયો નથી. કંગુ અને કોદરા ખાઇને અમારાં આંતરડાં બળી ગયાં છે, માટે પશુ જેવા અમને ધિક્કાર છે." એમ કહી ગોળ અને મંડકને નહીં જાણતાં તેણે તે સ્વજનોને પૂછ્યું કે—"આ કંઇ આહારની વસ્તુ છે ? અને તે ક્યાં થાય છે ?" તેઓએ તેને કહ્યું કે—"અરઘટ્ટના જળવડે ક્ષેત્રને સીંચી તેમાં બીજ ધાન્યની જેમ ઘઉં વવાય છે. તે ઘઉં પાક્યા પછી લણીને તેનો ઘંટીમાં દળી લોટ કરવામાં આવે છે. અને પછી અગ્નિ ઉપર તપાવેલી લોઢીમાં તેના માંડા બનાવી શેકવામાં આવે છે. શેરડી પણ એજ રીતે વવાય છે, પછી તે વૃદ્ધિ પામે ત્યારે તેને પીલી રસ કાઢી તેનો ગોળ બનાવાય છે." આ પ્રમાણે ગોળ અને માંડા બનાવવાની રીત જાણી તે ખેડુત શેરડી અને ઘઉંનું બીજ લઈ પોતાને ગામ ગયો. ત્યારપછી તે માતૃશાસિત[1] જડ ક્ષેત્રમાં જઈ એકદમ ફૂલેલા કંગુ અને કોદરાંને લણવા લાગ્યો. તે વખતે તેના પુત્રોએ તેને કહ્યું કે—"હે પિતા ! આ અર્ધી પાકેલી ખેતી આપણા કુટુંબનું જીવિત છે, તેને કેમ તૃણની જેમ લણી નાખો છો ?" જડ બોલ્યો—"હે પુત્રો ! આ કોદરા વિગેરે શું કામના છે ? અહીં હું ઘઉં અને શેરડી વાવવાનો છું, તે ઉગશે એટલે તેનાથી થયેલા માંડા અને ગોળ ખવાશે." તે સાંભળી પુત્રો બોલ્યા કે—"હે પિતા ! આ દાણાઓ થોડાજ દિવસમાં પાકી જશે. તે લઈ લીધા પછી તમે અહીં ઇચ્છા પ્રમાણે શેરડી અને ઘઉં વાવજો. આ પાકવા આવેલી ખેતી નાશ પામે છે અને ઘઉં તથા શેરડી આપણા ક્ષેત્રમાં પાકશે કે નહિ તેનો સંશય છે કેમકે રહેલો પુત્ર નાશ પામે તો ગર્ભમાં રહેલ પુત્રની આશા શી ?" આ પ્રમાણે તે પુત્રોએ વાર્યા છતાં પણ તે જડે કોદરા અને કંગુનું ખેતર લણી નાખ્યું. કારણ કે તે કાર્યમાં તે સમર્થ (સ્વતંત્ર) હતો. તે ધાન્યને કાપી મૂર્ખ જડે તે ક્ષેત્રની પૃથ્વી હળે ખેડવાને લાયક કરી. પછી પોતે હાજર રહીને

1 માતૃશિક્ષિત, મૂર્ખ.

કુવો ખોદાવવા લાગ્યો; પરંતુ વંધ્યાના સ્તનમાંથી દુધની જેમ તેમાંથી જરા પણ પાણી નીકળ્યું નહિ. બકે ખેદ પામ્યા વિના ખોદાવી ખોદાવીને તે કુવો પાતાળના વિવર જેવો ઉંડો કરાવ્યો, પરંતુ તેમાંથી કાદવ પણ નીકળ્યો નહિ. તેથી તેને કંગુ ન થયા, કોદરા ન થયા, શેરડી ન થઇ અને ઘઉં પણ ન થયા, તેથી તે પશ્ચાત્તાપને પામ્યો. આ દૃષ્ટાંતની જેમ હે નાથ ! તમે આ ભવ સંબંધી સ્ત્રી, ધન વિગેરેનું સુખ તજી દઇને પરલોક સંબંધી સુખ કે જે સંશયનું સ્થાન છે તેની ઇચ્છા રાખો છો, તેથી તમે બન્ને રહિત–ઉભયભ્રષ્ટ ન થાઓ એટલું ધ્યાનમાં રાખશો."

તે સાંભળી મહા મનવાળા જંબૂએ હસીને કહ્યું કે-" હે સમુદ્રશ્રી ! હું કાગડાની જેવો બુદ્ધિ રહિત નથી કે એવું કરૂં તે કાગડાનું દૃષ્ટાંત આ પ્રમાણે—

કાગડાનું દૃષ્ટાંત.

નર્મદા નદીને કાંઠે રહેલા વિંધ્ય નામના અરણ્યમાં જાણે વિંધ્યાચળ પર્વતનો યુવરાજ (નાનો ભાઇ) હોય તેવો એક મોટો હાથી યૂથનો પતિ હતો તેણે સ્વચ્છંદપણે વિંધ્યાટવીમાં વિહાર કરી યુવાવસ્થા નિર્ગમન કરી, અને આયુષ્યરૂપી નદીના પાર જેવી વૃદ્ધાવસ્થાને તે પામ્યો. તેનું બળ ક્ષીણ થવાથી તે વૃક્ષને વિષે પણ દંતપ્રહાર કરવા અશક્ત થયો. ગ્રીષ્મઋતુમા શુષ્ક ઝરણાવાળા ગિરિની જેમ તે મદ રહિત થયો. શલ્લકી અને કર્ણિકાર વિગેરેના વનને પણ ભાંગવામાં પરાઙ્મુખ થયો, ઉંચા સ્થાનથી નીચે સ્થાને ઉતરવામાં તથા નીચા સ્થાનથી ઉંચે ચડવામાં તે કાયર થયો, દાંત પડી જવાથી તે અલ્પ ખાનાર થયો અને ક્ષુધાને લીધે તેની કુક્ષિ અતિ કૃશ થઇ ગઇ. આ રીતે વૃદ્ધાવસ્થામા તે હાથીની કાયા અસ્થિ અને ચર્મમયજ રહી. એકદા તે હાથી પર્વતની શુષ્ક નદી ઉતરવા લાગ્યો, તે વખતે તેનો પગ ખસી (લપસી) જવાથી જાણે પર્વતનું એક શિખર પડયું હોય તેમ તે પડ્યો. તે વૃદ્ધ હાથી તે ઠેકાણેથી ઉઠવાને અસમર્થ થયો, તેથી જાણે પાદપોપગમન અનશનને પાળતો હોય તેમ તેજ સ્થિતિએ રહ્યો, કેટલેક કાળે

તે હાથી તેજ સ્થિતિએ મરણ પામ્યો, અને મરણ પામેલા તેના ગુદાના માંસને કુત્તરા, શિયાળ અને નોળીઆ વિગેરે ખાવા લાગ્યા, તેથી તેનું કલેવર મોટા થયેલા અપાનરંધ્રે[1] કરીને ગુફાવાળા પર્વતની જેવું થયું, અને તેમાં શ્વાપદોએ સ્થાન કર્યું. તે અપાનરૂપી દાનશાળામાં ભોજનના અર્થી કાગડાઓ બ્રાહ્મણોની જેમ પ્રવેશ કરવા લાગ્યા અને જમી જમીને નીકળવા લાગ્યા. તેમાં એક કાગડો માંસના ભોજનથી તૃપ્ત થયો નહીં, તેથી તે તેમાં ઉત્પન્ન થયેલા વિષ્ટાના કીડાની જેમ અપાનમાંજ સ્થિત થઇને રહ્યો. તે હાથીની કાયાના અંદરના સારને ગ્રહણ કરતો કરતો-ખાતો ખાતો તે કાગડો કાષ્ઠની મધ્યે ઘુણ નામના જંતુ પેસે તેમ અધિક અધિક અંદર પેસવા લાગ્યો. પોતાના શરીર સહિત પરના શરીરમાં પ્રવેશ કરતો તે કાગડો પ્રયાસ વિનાજ અપૂર્વ[2] યોગી થયો. વ્યગ્રતા રહિત તે કાગડો માંસ ખાતો ખાતો પૂર્વાપરને નહીં જાણતો કરોળીઆની જેમ તે હાથીના શરીરના મધ્ય ભાગને પામ્યો. તે હસ્તીની કાયા સૂર્યના કિરણોથી વ્યાપ્ત થઇ, તેથી વિષ્ટા મૂક્યા પછી જેમ બીડાઇ જાય તેમ તેનું અપાનરંધ્ર બીડાઇ ગયું. બંધ દ્વારવાળા કરંડીઆમાં સર્પની જેમ તે કાગડો બંધ થયેલા (બીડાયેલા) અપાનરંધ્રવાળા હસ્તીના શરીરમાં તેજ સ્થિતિએ રહ્યો. પછી વર્ષાઋતુમાં જળથી પૂર્ણ થયેલી તે નાની નદી હસ્તીના કલેવરને તરંગરૂપી હાથવડે ખેંચીને નર્મદામાં લઇ ગઇ. પછી વહાણની જેમ તરતા તે હાથીના શરીરને જાણે સમુદ્રના મગરોને ભેટલું કરતી હોય તેમ નર્મદા નદી સમુદ્રમાં લઈ ગઇ. ત્યાં તેના શરીરમાં પ્રવેશ કરના પાણીથી તે કલેવર ભેદાયું-આર્દ્ર થયું અને પાણીએજ તેનું અપાનદ્વાર ખુલ્લું કર્યું; તેથી તેમાંથી પેલો કાગડો બહાર નીકળ્યો. પછી દ્વીપની જેવા તે હાથીના કલેવર ઉપર બેસીને તે કાગડો ચોતરફ દિશાનું અવલોકન કરવા લાગ્યો, તો આગળ પાછળ અને બન્ને પડખે

---

૧ ગુદાનું વિવર. ૨ યોગી તો પોતાના આત્માનેજ પરશરીરમાં પ્રવેશ કરાવે છે અને આ તો શરીર સહિત પર શરીરમાં પેઠો, તેથી તે અપૂર્વ યોગી થયો.

તેણે કેવળ પાણીજ જોયું. તે જોઈ તેણે વિચાર્યું કે-"હું અંહીંથી ઉડીને સમુદ્રને કાંઠે જાઉં." પછી તે ત્યાંથી ઉડ્યો પણ સમુદ્રનો કિનારો અત્યંત દૂર હોવાથી તે સમુદ્રના પારને પામ્યો નહીં અને વારંવાર પાછો આવી આવીને તે કલેવર ઉપર બેઠો. તે કલેવરને માછલાં તથા મગરો ચોતરફથી ફોલવા અને ખસેડવા લાગ્યા, તેથી ભારવડે ભરાયેલા વહાણની જેમ તે કલેવર સમુદ્રમાં ડુબી ગયું. તેથી આશ્રય વિનાનો થયેલો તે કાગડો પણ સમુદ્રમાં ડુબી ગયો, અને તત્કાળ જાણે જળથી બીજાવાને લીધે ભય પામ્યા હોય તેમ તેના પ્રાણોએ તેને તજી દીધો. આ દૃષ્ટાંતનો ભાવાર્થ એ છે કે મરી ગયેલા હાથીની જેવી સ્ત્રીઓ છે, સમુદ્ર જેવો સંસાર છે, અને કાગડાની જેવો પુરૂષ છે તેથી હસ્તીના કલેવર તુલ્ય તમારી ઉપર રાગી થઈને કાગડાની જેમ આ ભવસાગરમાં હું ડુબીશ નહીં."

ત્યાર પછી બીજી શ્રી પદ્મશ્રી બોલી કે-"હે નાથ! તમે એ અમને તજશો તો વાનરની જેમ પાછળથી અત્યંત પશ્ચાત્તાપ પામશો. તેની કથા આ પ્રમાણે:

વાનરની કથા.

[illegible] અને નિરંતર વિયોગ [illegible] વિદ્યાધર [illegible] કરતા હોય [illegible] એક દેવતાથી [illegible] એક ચિત્તવાળા [illegible] વાનર [illegible]

નવા ઉત્પન્ન થયેલા પ્રેમથી તે પુરૂષને આલિંગન કર્યું. [illegible]
જન્મના વાનરપણાની જેમ નિરંતર વિયોગ રહિત [illegible]
વિલાસ કરવા લાગ્યા.

એકદા જે વાનર પુરૂષ થયો હતો તેણે નારીને [illegible]
" જેમ આપણે પહેલા વૃક્ષપરથી પડવાને લઇને મનુષ્ય [illegible]
તેમ હવે બીજીવાર પડીને દેવ થઇશું." તે સાંભળી નારી [illegible]
કે—"હે પ્રિય! હવે વધારે લોભ કરવાથી સર્યું. આપણે [illegible]
રૂપેજ વિષયોને ભોગવીએ એ બસ છે; દેવપણાનું કામ નથી [illegible]
કરતાં પણ આપણને અધિક સુખ છે; કારણકે નિત્ય વિયોગ [illegible]
અને સ્વતંત્ર એવા આપણે નિર્વિઘ્નપણે રમીએ છીએ." તે[illegible]
આ પ્રમાણે નિષેધ કર્યા છતા તે પુરૂષે વાનીરના વૃક્ષપર ચઢી [illegible]
મની જેમ ત્યાજ ઝંપાપાત કર્યો. હવે તે તીર્થનો પ્રભાવ [illegible]
હતો કે જો તિર્યંચ ઝંપાપાત કરે તો તે મનુષ્ય થાય અને જો [illegible]
ષ્ય ઝંપાપાત કરે તો તે દેવ થાય પરંતુ જો ફરીથી પડે તો પા[illegible]
હતો તેવોજ થાય તેથી તેણે [illegible] તીર્થમાં ઝંપાપાત કર્યો [illegible]
[illegible]

તેણે કેવળ પાણીજ જોયું. તે જોઈ તેણે વિચાર્યું કે–"હું અહીંથી ઉડીને સમુદ્રને કાંઠે જાઉં." પછી તે ત્યાંથી ઉડ્યો પણ સમુદ્રનો કિનારો અત્યંત દૂર હોવાથી તે સમુદ્રના પારને પામ્યો નહીં અને વારંવાર પાછો આવી આવીને તે કલેવર ઉપર બેઠો. તે કલેવરને માછલાં તથા મગરો ચોતરફથી ફોલવા અને ઘસડવા લાગ્યા, તેથી ભારવડે દબાયલા વહાણની જેમ તે કલેવર સમુદ્રમાં ડુબી ગયું. તેથી આશ્રય વિનાનો થયેલો તે કાગડો પણ સમુદ્રમાં ડુબી ગયો, અને તત્કાળ જાણે જળથી ભીંજાવાને લીધે ભય પામ્યા હોય તેમ તેના પ્રાણોએ તેને તજી દીધો. આ દૃષ્ટાંતનો ભાવાર્થ એ છે કે મરી ગયેલા હાથીની જેવી સ્ત્રીઓ છે, સમુદ્ર જેવો સંસાર છે, અને કાગડાની જેવો પુરૂષ છે. તેથી હસ્તીના કલેવર તુલ્ય તમારી ઉપર રાગી થઈને કાગડાની જેમ આ ભવસાગરમાં હું ડુબીશ નહીં."

ત્યાર પછી બીજી સ્ત્રી પદ્મશ્રી બોલી કે–"હે નાથ ! તમે જો અમને તજશો તો વાનરની જેમ પાછળથી અત્યંત પશ્ચાત્તાપ પામશો. તેની કથા આ પ્રમાણેઃ—

વાનરની કથા.

એક અટવીમાં પરસ્પર પ્રીતિવાળા અને નિરંતર વિયોગ રહિત એક વાનર તથા એક વાનરી રહેતા હતા. તેઓ વેળાધર પર્વતની જેમ એક સાથેજ ખાતા હતા, પરસ્પર સ્પર્ધા કરતા હોય તેમ એક સાથેજ વૃક્ષ ઉપર ચડતા હતા, એક દોરડાથી ખેંચાતા હોય તેમ એક સાથેજ દોડતા હતા, તથા પરસ્પર એક ચિત્તવાળા હોય તેમ નિરંતર સર્વ ક્રિયાઓ સાથેજ કરતા હતા. એકદા ગંગા નદીના કાંઠાના વનમાં તેઓ રમતા હતા તેવામાં તે વાનર સાવધાન નહીં રહેવાથી કુદકો મારતાં વાનીરના વૃક્ષ ઉપરથી પૃથ્વી ઉપર પડી ગયો. તરતજ તે તીર્થના પ્રભાવથી તે વાનર જાણે વિદ્યાના બળથી થયો હોય તેમ દેવકુમારની જેવા રૂપવાળો મનુષ્ય થયો તે વાનરને મનુષ્યનું રૂપ પામેલો જોઇ વાનરી પણ મનુષ્યણીનું રૂપ પામવાની ઈચ્છાથી તે વાનરની જેમજ વૃક્ષપરથી ભૂમિપર પડી. તરતજ તે વાનરી પણ દેવાંગના જેવી નારી બની ગઇ, અને તેણીએ

તેણે કેવળ પાણીજ જોયું. તે જોઈ તેણે વિચાર્યું કે–"હું અહીંથી ઉડીને સમુદ્રને કાંઠે જાઉં." પછી તે ત્યાંથી ઉડ્યો પણ સમુદ્રનો કિનારો અત્યંત દૂર હોવાથી તે સમુદ્રના પારને પામ્યો નહીં અને વારંવાર પાછો આવી આવીને તે કલેવર ઉપર બેઠો. તે કલેવરને માછલાં તથા મગરો ચોતરફથી ડોલવા અને ઘસડવા લાગ્યા, તેથી ભારવડે દબાયેલા વહાણની જેમ તે કલેવર સમુદ્રમાં ડુબી ગયું. તેથી આશ્રય વિનાનો થયેલો તે કાગડો પણ સમુદ્રમાં ડુબી ગયો, અને તત્કાળ જાણે જળથી ભીંજાવાને લીધે ભય પામ્યા હોય તેમ તેના પ્રાણોએ તેને તજી દીધો. આ દૃષ્ટાંતનો ભાવાર્થ એ છે કે મરી ગયેલા હાથીની જેવી સ્ત્રીઓ છે, સમુદ્ર જેવો સંસાર છે, અને કાગડાની જેવો પુરૂષ છે. તેથી હસ્તીના કલેવર તુલ્ય તમારી ઉપર રાગી થઈને કાગડાની જેમ આ ભવસાગરમાં હું ડુબીશ નહીં."

ત્યાર પછી બીજી સ્ત્રી પદ્મશ્રી બોલી કે–"હે નાથ ! તમે જો અમને તજશો તો વાનરની જેમ પાછળથી અત્યંત પશ્ચાત્તાપ પામશો. તેની કથા આ પ્રમાણે:

વાનરની કથા.

એક અટવામાં [illegible] વાળા અને નિરંતર વિયોગ રહિત એક વાનર [illegible] એક વાનરી રહેતા હતા. તેઓ વિદ્યાધર [illegible] જેમ એક સાથેજ [illegible] હતા. પરસ્પર [illegible] કરતા હોય તેમ એક સાથેજ [illegible] ચડતા હતા. એક ડાળથી [illegible] હોય તેમ એક સાથેજ [illegible] હતા, તથા પરસ્પર એક ચિત્તવાળા હોય તેમ [illegible] સાથેજ કરતા હતા. એકદા ગંગા નદીના [illegible] હતા. [illegible] તે વાનર સાવધાન [illegible] ઉપરથી [illegible] ઉપર [illegible] તે વાનર [illegible] મનુષ્ય [illegible] મનુષ્યપણાને [illegible] મનુષ્યપણાને [illegible] [illegible]

તેણે કેવળ પાણીજ જોયું. તે જોઈ તેણે વિચાર્યું કે—"હું અહીંથી ઉડીને સમુદ્રને કાંઠે જાઉં." પછી તે ત્યાંથી ઉડ્યો પણ સમુદ્રનો કિનારો અત્યંત દૂર હોવાથી તે સમુદ્રના પારને પામ્યો નહીં અને વારંવાર પાછો આવી આવીને તે કલેવર ઉપર બેઠો. તે કલેવરને માછલાં તથા મગરો ચોતરફથી ડોલવા અને ઘસડવા લાગ્યા, તેથી ભારવડે દબાચલા વહાણની જેમ તે કલેવર સમુદ્રમાં ડુબી ગયું. તેથી આશ્રય વિનાનો થયેલો તે કાગડો પણ સમુદ્રમાં ડુબી ગયો, અને તત્કાળ જાણે જળથી ભીંજાવાને લીધે ભય પામ્યા હોય તેમ તેના પ્રાણોએ તેને તજી દીધો. આ દૃષ્ટાંતનો ભાવાર્થ એ છે કે મરી ગયેલા હાથીની જેવી સ્ત્રીઓ છે, સમુદ્ર જેવો સંસાર છે, અને કાગડાની જેવો પુરૂષ છે. તેથી હસ્તીના કલેવર તુલ્ય તમારી ઉપર રાગી થઈને કાગડાની જેમ આ ભવસાગરમાં હું ડુબીશ નહીં."

ત્યાર પછી બીજી સ્ત્રી પદ્મશ્રી બોલી કે—"હે નાથ! તમે જો અમને તજશો તો વાનરની જેમ પાછળથી અત્યંત પશ્ચાત્તાપ પામશો. તેની કથા આ પ્રમાણેઃ—

વાનરની કથા.

એક અટવીમાં પરસ્પર પ્રીતિવાળા અને નિરંતર વિયોગ રહિત એક વાનર તથા એક વાનરી રહેતા હતા. તેઓ વૈતાઢ્ય પર્વતની જેમ એક સાથેજ ખાતા હતા, પરસ્પર સ્પર્ધા કરતા હોય તેમ એક સાથેજ વૃક્ષ ઉપર ચડતા હતા, એક દોરડાથી ખેંચાતા હોય તેમ એક સાથેજ દોડતા હતા, તથા પરસ્પર એક ચિત્તવાળા હોય તેમ નિરંતર સર્વ ક્રિયાઓ સાથેજ કરતા હતા. એકદા ગંગા નદીના કાંઠાના વનમાં તેઓ રમતા હતા તેવામાં તે વાનર સાવધાન નહીં રહેવાથી કુદકો મારતા વાનીરના વૃક્ષ ઉપરથી પૃથ્વી ઉપર પડી ગયો. તરતજ તે તીર્થના પ્રભાવથી તે વાનર જાણે વિધાતાના બનાવ્યો થયો હોય તેમ દેવકુમારની જેવા રૂપવાળો મનુષ્ય થયો. તે વાનરને મનુષ્યનું રૂપ પામેલો જોઈ વાનરી પણ મનુષ્યણીનું રૂપ પામવાની ઈચ્છાથી તે વાનરની જેમજ વૃક્ષપરથી ભૂમિપર પડી. તરતજ તે વાનરી પણ દેવાંગના જેવી નારી બની ગઈ. અને તેણીએ

નવા ઉત્પન્ન થયેલા પ્રેમથી તે પુરૂષને આલિંગન કર્યું. પછી પૂર્વજન્મના વાનરપણાની જેમ નિરંતર વિયોગ રહિત તે બન્ને વિલાસ કરવા લાગ્યા.

એકદા જે વાનર પુરૂષ થયો હતો તેણે નારીને કહ્યું કે–" જેમ આપણે પહેલા વૃક્ષપરથી પડવાને લઇને મનુષ્ય થયા તેમ હવે બીજીવાર પડીને દેવ થઇએ." તે સાંભળી નારી બોલી કે–"હે પ્રિય! હવે વધારે લોભ કરવાથી સર્યું. આપણે મનુષ્યરૂપેજ વિષયોને ભોગવીએ એ બસ છે; દેવપણાનું કામ નથી. દેવ કરતાં પણ આપણને અધિક સુખ છે; કારણકે નિત્ય વિયોગ રહિત અને સ્વતંત્ર એવા આપણે નિર્વિઘ્નપણે રમીએ છીએ." તેણીએ આ પ્રમાણે નિષેધ કર્યા છતાં તે પુરૂષે વાનીરના વૃક્ષપર ચડી પ્રથમની જેમ ત્યાંજ ઝંપાપાત કર્યો. હવે તે તીર્થનો પ્રભાવ એવો હતો કે જો તિર્યંચ ઝંપાપાત કરે તો તે મનુષ્ય થાય અને જો મનુષ્ય ઝંપાપાત કરે તો તે દેવ થાય. પરંતુ જો ફરીથી પડે તો પાછો હતો તેવોજ થાય; તેથી તેણે તેજ તીર્થમાં ઝંપાપાત કર્યો એટલે તે પૂર્વ જન્મમાં વાનર હોવાથી પાછો વાનર થઈ ગયો; અને પોતે કરેલા અતિ લોભને માટે પસ્તાવો કરવા લાગ્યો, તેમજ પોતાની સ્ત્રી વાનરી જે મનુષ્યણી થઈ હતી તેને જોઇ જોઇને ઝુરવા લાગ્યો.

અન્યદા તે પ્રદેશમાં ફરતા રાજપુરૂષોએ તે સ્ત્રીને જોઈ. સ્ત્રીનું મુખ ચંદ્ર જેવું હતું, તેનો કંઠ શંખ જેવો હતો, તેના સ્તન મોટા હતા, તેનું ઉદર કૃશ હતું, તેના નિતંબ શ્રેષ્ઠ હતા, તેના હાથપગ કમળ જેવા સુકોમળ હતા, તેણે ગંગાનદીની માટીનું તિલક કર્યું હતું, લતાવડે મસ્તકના કેશ બાંધ્યા હતા, અરણ્યના કેતકીપુષ્પવડે કર્ણનું ભૂષણ કર્યું હતું, તાલવૃક્ષનાં પાંદડાનાં કુંડલ કર્યાં હતા, કંઠમાં કમળના નાળનો હાર પહેર્યો હતો તથા તેનાં નેત્રો મૃગલી જેવા હતાં. આવી તે મનોહર સ્ત્રીને જોઇ તે રાજસેવકોએ તેને લઈ જઇ રાજાને અર્પણ કરી; કારણ કે જે જે વસ્તુ સ્વામી વિનાની હોય તે સર્વની માલેકી રાજાનીજ ગણાય છે. મનોહર આકૃતિવાળી તેણીને રાજાએ અંતઃપુરની સર્વ

રાણીઓમાં મુખ્ય કરી. “ સુંદરતાવાળી આકૃતિ ઉત્તમ લક્ષણોના અતિથિરૂપ જ હોય છે, અર્થાત્ શોભાની સાથે ઉત્તમ લક્ષણો પણ રહેલાં હોય છે.” પેલા વાનરને પણ કેટલાક પુરૂષોએ (નટોએ) ગ્રહણ કર્યો અને તેને પુત્રની જેમ વિવિધ પ્રકારનું નૃત્ય શીખવ્યું. એકદા તે નટો તેજ રાજાની પાસે ગયા અને તેઓએ તે વાનર પાસે નાટક શરૂ કરાવ્યું; તેવામાં રાજાના અર્ધ આસન પર બેઠેલી પોતાની પૂર્વની પ્રિયાને જોઇને તે વાનર જાણે સાત્ત્વિક અભિનયને પ્રગટ કરતો હોય તેમ અશ્રુપાત કરી રોવા લાગ્યો. તે જોઈ રાણી બોલી કે—“ હે કપિ ! જે અવસરે જે સ્થિતિ પ્રાપ્ત થાય તેને આનંદથી ઓળખવી. હવે વાનરથી પુનઃ ભ્રષ્ટ થયેલા તારે તે ઝંપાપાતનું કે પૂર્વના મનુષ્યપણાનું સ્મરણ ન કરવું.” હે સ્વામિન્ ! આ દ્રષ્ટાંતથી તમે પણ પ્રાપ્ત થયેલા વિષયસુખનો ત્યાગ કરીને તે વાનરની જેમ પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે તેમ ન કરશો.”

આ પ્રમાણેની કથા સાંભળી જંબૂકુમારે તેણીને કહ્યું કે-“હે પદ્મશ્રી ! હું અંગારકારકની જેમ વિષયની તૃષ્ણાવાળો નથી કે જેથી પસ્તાવું પડે તેની કથા આ પ્રમાણે -

અંગારકારકની કથા.

નથી.' પછી 'તું દોષ ને અપરાધ કરીને માનતો નથી; માટે તે તારૂં પાપ શાંત થાઓ.' એમ ગુરૂમહારાજે કહ્યું, એટલે સ્થૂલભદ્ર પોતાના અપરાધનું સ્મરણ કરીને ગુરૂને પગે પડ્યા અને બોલ્યા કે-'હે ભગવન્! ક્ષમા કરો. હવે પુનઃ હું એવો અપરાધ નહિ કરૂં.' એટલે આચાર્ય બોલ્યા કે-' તું ફરી અપરાધ નહિ કરે, પણ જે આ અપરાધ તેં કર્યો તેથીજ તને હું વાચના આપીશ નહિ.' પછી સ્થૂલભદ્રે શ્રીસંઘ પાસે ગુરૂને મનાવવા માટે અરજ કરી, કારણ કે મહાપુરૂષો કુપિત થાય, ત્યારે તેમને મહાજનોજ પ્રસન્ન કરી શકે. શ્રીસંઘે ગુરૂને અરજ કરી એટલે ગુરૂમહારાજે સંઘને કહ્યું કે-' જેમ અત્યારે આ સ્થૂલભદ્રે અપરાધ કર્યો તેમ હવે પછી મંદ સત્વવાળા બીજા સાધુઓ પણ અપરાધ કરશે માટે અવશિષ્ટ પૂર્વો ભલે મારીજ પાસે રહ્યા. અને બીજાઓને શીખામણ લેવા માટે પણ આ સ્થૂલભદ્રનું દૃષ્ટાંત ઉપયોગી થઇ પડશે; માટે તેને પણ તેમજ રહેવા દ્યો.' શ્રીસંઘે પુનઃ આગ્રહથી કહ્યું, એટલે તેમણે ઉપયોગથી જાણ્યું કે-' મારાથી શેષ પૂર્વોનો વિચ્છેદ થવાનો નથી.' એમ ધારીને 'હવે તારે શેષ પૂર્વો બીજાને ન આપવા' એવો સ્થૂલભદ્રને અભિગ્રહ કરાવીને ગુરૂ મહારાજે તેને બાકીના ચાર પૂર્વની વાચના (મૂળમાત્ર) આપી. પછી સ્થૂલભદ્ર મહામુનિ સર્વ (ચૌદ) પૂર્વધર થયા; અને શ્રીમાન્ ભદ્રબાહુસ્વામીએ તેમને આચાર્ય પદપર સ્થાપ્યા. અનંતર વીર નિર્વાણ પછી એક સો સિત્તેર વર્ષ જતાં શ્રીભદ્રબાહુસ્વામી સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા અને સર્વ શ્રુતસ્કંધરૂપ નિધાનના ભંડારભૂત શ્રીસ્થૂલભદ્ર મહાત્મા નીલોત્પલ (નીલ કમળ) ને જેમ ચંદ્રમા વિકસ્વર કરે, તેમ ભવ્ય જનોને પ્રબોધ કરતા વસુધાપર વિચરવા લાગ્યા.

ઇતિ આચાર્ય શ્રી હેમચંદ્રે રચેલા પરિશિષ્ટ પર્વ નામના મહાકાવ્યમાં સ્થવિરાવળી ચરિત્રને વિષે કુણાલ વિગેરેના તથા સ્થૂલભદ્રના ચરિત્ર વર્ણનરૂપ નવમો સર્ગ સમાપ્ત થયો.

શું કોઈ ગુરૂ છે કે જેથી વિશ્વવંદ્ય એવા તમે પણ અહીં પ-
ધારેલા આ મહામુનિને વંદન કરો છો ?' સુહસ્તીસૂરિ બોલ્યા
કે– "હે શ્રેષ્ઠિન્ ! એ મારા ગુરૂ છે અને તેઓ સદા ત્યાગ કરવા
લાયક તુચ્છ ભક્તપાનાદિકનીજ ભિક્ષા લે છે. એવા પ્રકારની
ભિક્ષા ન મળે તો એઓ ઉપવાસી રહે છે. એમનું નામ સુપ્રભાત
છે અને એમના ચરણની રજ પણ વંદ્ય છે."

આ પ્રમાણે મહાગિરિની સ્તુતિ કરીને અને તે બધાને
પ્રતિબોધ આપીને સુહસ્તી ભગવાન્ પુનઃ પોતાના સ્થાને ગયા.
પછી વિશેષ પ્રકારે ગુરૂભક્તિમાં દૃઢ કરતાં શ્રેષ્ઠીએ સ્વજનોને
કહ્યું કે–"જુઓ ! આવા મુનિ જ્યારે ભિક્ષાને માટે આવે ત્યારે
તેમને આ તજવા લાયક ભક્તપાનાદિક છે' એમ બતાવીને દાન આપવું;
કારણ કે તેમને આપવાથી તમને મહાફળ પ્રાપ્ત થશે." સ્વજનોએ
વસુભૂતિનું તે વચન માન્ય કર્યું. બીજે દિવસે મહાગિરિ ત્યાંજ
ભિક્ષા લેવા પધાર્યા, એટલે મહાગિરિને આવતા જોઈને તે
શ્રેષ્ઠીના સ્વજનો તેમને દાન દેવાની ઇચ્છાથી અન્નપાનાદિકને
કૃત્રિમ રીતે તજવા લાયક બતાવીને તે લેવાની વિનંતિ કરવા
લાગ્યા, પણ ઉપયોગથી તે અન્નપાનાદિક અશુદ્ધ જાણીને તે લીધા
વિનાજ મહાગિરિ વસતિમાં પાછા આવ્યા. પછી સુહસ્તી સૂરિને
કહેવા લાગ્યા કે–'હે મહાનુભાવ ! તમે કાલે મારો વિનય કરીને
મોટી અનેષણા કરી છે; કારણ કે તમારા ઉપદેશથી તેઓએ
મને ભિક્ષા આપવા કૃત્રિમ ચાર્યા કરી, માટે હવે પછી તમારે
આમ ન કરવું.' તે સાંભળી–'હે ભગવન્ ! હવે હું એમ નહિ
કરૂં.' એ પ્રમાણે કહીને આર્ય સુહસ્તીએ આર્યમહાગિરિના ચર-
ણમાં પડીને નમન કર્યા.

એકદા સંપ્રતિ રાજા ફરતા ફરતા ઉજ્જયિનીપુરીમાં ગયા;
કારણ કે રાજાઓ પોતાની ભૂમિમાં સ્થિર થઈને બેસી રહેતા
નથી. એ વખતે જીવંતસ્વામીની પ્રતિમાની રથયાત્રાના મહો-
[illegible]ત્સવ હોવાથી મહાગિરિ અને સુહસ્તીઆચાર્ય પણ ત્યાં પધા-
[illegible]ર્યા હતા અને તેઓ ભિન્ન ભિન્ન વસતિમાં પોતાના પરિવાર સહિત

હતા; કારણ કે અતિ મોટો ગચ્છ હોવાથી–ઘણા સાધુઓ
થી તેમનો એક સ્થાનમાં સમાવેશ થઇ શકતો ન હતો.
ભક્તિશાળી પૌરજનોના મનરૂપ મયૂરને મેઘ સમાન જીવં-
મીનો રથ ઉત્સવ સાથે જિનમંદિરની બહાર નીકળ્યો અને
ને આચાર્યવર્ય તથા અખિલ શ્રીસંઘથી અનુગમ્યમાન (પં-
યો) એવો તે રથ પુરમાં અસ્ખલિત રીતે ફરવા લાગ્યો. અ-
તે રથ રાજમંદિરના દ્વાર આગળ આવતાં ગવાક્ષપર બે-
રાજાએ દૂરથી આર્યસુહસ્તીને જોયા, અને જોતાંજ તે વિ-
લાગ્યો કે– 'મારા મનરૂપ કુમુદને સુધાકર સમાન આ
મેં ક્યાંક જોયા હોય એમ મને ભાસે છે; પરંતુ તેનું
[illegible] થતું નથી" આ પ્રમાણે વિચાર કરતા રાજા મૂર્છિત
[illegible] અહો! આ શું થયું" એમ બોલતા
[illegible] પાથી પવન નાખતા અને
[illegible] ઉઠ્યો અને જાતિ-
[illegible] ગુરૂ જાણીને
[illegible] રાજા તેમને વંદન કરવા
[illegible] આર્યસુહસ્તીને વંદન
[illegible] જિનધર્મના આરાધનનું
[illegible] 'હે
[illegible] જિનધર્મ આરાધનનું ફળ છે.'
[illegible] આર્યસુ-
[illegible] તેનું ફળ
[illegible] ભવ્યનું મળે છે.'
[illegible] અને [illegible]
[illegible] કરીને 'આપ
[illegible] 'એમ કહેતા
[illegible] આર્યસુહસ્તીને [illegible] નમસ્કાર કરીને પૂછ્યું
[illegible] આચાર્ય પણ
[illegible] હું તને સારી રીતે
[illegible] પૂર્વ ભવની કથા સાંભળ: –

માંચિત) થયેલા સંપ્રતિરાજા પણ રથમાં રહેલા પ્રભુની પૂ
તૈયાર થઇને ત્યાં આવ્યા; અને નવા નવા આનંદરૂપ સરો
હંસની જેમ ઝીલતા રાજાએ રથારૂઢ જિનપ્રતિમાની
રે પૂજા કરી. પછી તેજ વખતે બધા સામંતોને બોલાવી તે
પાસે સમ્યક્ત્વ ગ્રહણ કરાવીને રાજાએ આદેશ કર્યો કે-'
મંતો ! જો મને સમ્યગ્ રીતે સ્વામી માનતા હો, તો સુ
ન એવા શ્રમણોના ઉપાસકો (શ્રાવકો) થઇ જાઓ. તમારા અ
ા દ્રવ્યનું મારે કંઇ પ્રયોજન નથી. મારા કહેવા પ્રમાણે ક
થીજ તમે મારૂં પ્રિય કર્યું છે એમ સમજજો.' આ પ્રમાણે અ
કરીને રાજાએ તે સામંતોને પોતપોતાના દેશ તરફ વિદા
ી, અને તેઓ પણ ત્યા જઇને સ્વામીભક્તિ અને શ્રમણો
ાસના કરવા લાગ્યા અને ત્યાં રથયાત્રા પ્રવર્તાવી તેઓ ર
પાછળ ગમન, રથની આગળ પુષ્પવૃષ્ટિ અને ચૈત્યપૂજા
ે કરવા લાગ્યા. આ પ્રમાણે શ્રાવકોનો આચાર તે સર્વેએ
રીતે પ્રવર્ત્તાવ્યો કે જેથી આજુબાજુના પ્રદેશો પણ સા
હારને યોગ્ય થઇ ગયા.

એકદા મધ્યરાત્રીએ સંપ્રતિ રાજા વિચારવા લાગ્યા
અનાર્ય દેશોમા પણ હું કૃત્રિમ સાધુઓને વિહાર કરાવું અ
ા ધર્મ પ્રવર્તાવું.' એમ ધારીને રાજાએ અનાર્યોને આદ
ર્યો કે 'અમારા પુરૂષો ત્યા આવ્યા છે, તેઓ જે પ્રકારે
ાગે, તે પ્રકારે તમારે તેમને કર આપવો.' પછી સાધુવેશધા
તાના માણસોને અનાર્ય પ્રદેશમાં મોકલ્યા. તેઓ સંપ્રતિ રાજા
ાજ્ઞાથી અનાર્યોને આ પ્રમાણે સખ્ત શિક્ષા (શિખામણ) દે
ાગ્યા કે 'આવા પ્રકારના બેતાળીશ દોષ રહિત વસ્ત્ર, પા
ાન્ન અને પાનાદિક તમારે અમને આપવું અને અમુક અ
કારનું ભણવું. તેમ કરવાથી સંપ્રતિ રાજા તમારા પર સં
શે અને તેમ નહીં કરો તો તે કોપાયમાન થશે.' પછી સંપ્ર
ાજાને સંતુષ્ટ કરવા તૈયાર થયેલા તેઓ તેના માણસોના ક
માણે પ્રતિદિન આચરવા લાગ્યા. આ પ્રમાણે અનાર્યોને પ

પુત્ર છું. અને પૂર્વે નલિનીગુલ્મ વિમાનમાં હું દેવતા . હમણાં જાતિસ્મરણથી તે નલિનીગુલ્મ વિમાનનું મને સ્મ- થયું છે. હવે પુનઃ ત્યાંજ જવા માટે હું આપની પાસે લેવા ઇચ્છું છું, માટે મને દીક્ષા આપો.' એ પ્રમાણે ના કરતાં તેને આચાર્ય કહેવા લાગ્યા કે-' હે વત્સ ! તું માર છે, વળી લોહના ચણા ચાવવા અને અગ્નિનો સ્પર્શ ા સુલભ છે પણ જિનપ્રણિત વ્રત અતિચાર રહિત પા- દુષ્કર છે.' એટલે ભદ્રાસુત બોલ્યો કે-' હે પ્રભો ! દીક્ષા ને હું અત્યંત ઉત્કંઠિત છું, પરંતુ સાધુ સામાચારીને ચિરકાળ વાને અસમર્થ છું, તેથી પ્રથમથીજ હિંમત ધરીને હું અ- ન સહિત દીક્ષા લઇશ. કારણ કે તેમ કરવાથી કષ્ટ બહુ પ લાગે છે.' ગુરૂ બોલ્યા કે-' હે મહાભાગ ! જો તારે દીક્ષા ની ઇચ્છા હોય, તો આ કામમાં તું તારા બંધુવર્ગની જ્ઞા મેળવ.

પછી અવંતિસુકુમાલે ઘેર જઇને અંજલિ જોડી પોતાના ઓપાસે રજા માગી, પણ તેઓએ અનુજ્ઞા આપી નહિ. એ- તેણે પોતે પોતાને હાથેજ કેશનો લોચ કરી નાખ્યો અને વ્યવહારથી વિમુખ થઇ સાધુનો વેષ ધારણ કરી લીધો. પછી ોતાના શરીર પર નિસ્પૃહ એવો તે ભદ્રાપુત્ર તેજ વેષે આર્ય હસ્તી આચાર્ય પાસે ગયો. એટલે 'આ સ્વયમેવ સ્વતંત્ર વે- ાની ન થાય ' એમ ધારીને ગુરૂમહારાજે પ્રવ્રજ્યાનો વિધિ ાવીને તેને દીક્ષા આપી. પછી ચિરકાળ પર્યંત દુષ્કર તપ ીને કર્મની નિર્જરા કરવાને અસમર્થ એવા ભદ્રાપુત્ર નશનની ઇચ્છાથી ગુરૂની આજ્ઞા માગી અને આજ્ઞા મેળવીને ાંથી અન્યત્ર ગયા. રસ્તે જતાં સુકુમાર પગ હોવાથી તેમાંથી કળતા રક્તબિંદુઓથી અવનીને જાણે ઇંદ્રગોપ (કીટવિશેષ) હિત કરી દીધી હોય એવી તે દેખાવા લાગી. પછી સ્થાને સ્થાને ાતાની ભસ્મથી જ્યાં ભૂતલ ધુસર થઇ ગયેલ છે તેવા અને ાણે યમનું ક્રીડાસ્થાન હોય એવા સ્મશાનમાં તે ગયા. ત્યાં

શ્મશાનમાં ગયા. ત્યાં નૈઋત્ય દિશામાં પડેલા પુત્રના કલે- વરને જોઈને અશ્રુમાના આંસુના મિષથી જાણે જળદાન દેવાને ઈચ્છતી હોય તેમ રૂદન કરવા લાગી. વધુઓ સહિત રૂદન કરતી તે બોલવા લાગી કે–"હે વત્સ ! અમારી જેમ તેં પ્રાણો- ને પણ શા માટે તજી દીધાં ? તું આવો નિર્દય કેમ થયો ? હે વત્સ ! દીક્ષા લીધા પછી એક દિવસ પણ વિહારથી અ- મારૂં ગૃહાંગણ કેમ અલંકૃત ન કર્યું ? હવે એવી કલ્યાણકારી કઈ રાત્રિ થશે કે જે રાત્રિ સ્વપ્નમાં અમને તારૂં દર્શન ક- રાવશે ? હે વત્સ ! મનની ઇચ્છાથી નિર્મોહી થઈને અમા- રો ત્યાગ કર્યો; પણ ગુરૂ મહારાજ પર પણ તું કેમ નિ- ર્મોહી થયો કે તેમને પણ તજી દીધા." આ પ્રમાણે અતિશય વિ- લાપ કરીને ભદ્રામાતાએ ક્ષિપ્રાનદીના તટપર શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે [illegible] પારલૌકિક કૃત્ય કર્યું અને તેની પુત્રવધુઓએ પણ વાં- [illegible] કરીને ક્ષિપ્રાના [illegible] આર્દ્રવસ્ત્રનું વધારે આ- [illegible] કર્યું [illegible] પુત્રના શોકરૂપ અગ્નિથી વ્યાકુળ થઈ [illegible] નલિની સમાન [illegible] પોતાની ઇચ્છા [illegible] ગર્ભવતી વધુને ત્યાં મૂકીને અન્ય [illegible] કરી પછી [illegible] [illegible] એક મોટું [illegible] મંદિર [illegible] [illegible] રીતે પ્રસિદ્ધ છે.

[illegible]

[illegible] પરિશિષ્ટપર્વ નામના [illegible] આર્યમહાગિરિ-સુહ- [illegible]

હોય છે.' પછી ગુરૂમહારાજે તે બાળક લાલન પાલનને માટે સાધ્વીઓને સોંપ્યો અને તે વજ્રના જેવો સત્વશાળી હોવાથી ગુરૂએ વજ્ર એવું તેનું નામ રાખ્યું.

પછી તે આર્યાઓએ ભદ્ર એવા શય્યાતરને ઘરે જઇને 'આ અમારા આત્મા સમાન છે' એમ કહી તે બાળક ઉછેરવા માટે સોંપ્યો, એટલે કુમારનું ભરણપોષણ કરવામાં કુશળ એવી શય્યાતરની સ્ત્રીઓ પણ પોતપોતાના પુત્ર કરતાં તે શિશુને અધિક સમજી પ્રીતિપૂર્વક ઉછેરવા લાગી. પછી સૌભાગ્યરૂપ નિધાનની ભૂમિ જેવો તે બાળક એક કમળથી બીજા કમળપર સંચરતા હંસની જેમ શય્યાતર સુંદરીઓના એક ઉત્સંગથી બીજા ઉત્સંગમાં સંચરવા લાગ્યો; વળી 'મન્મન' એવા ઉલ્લાપ (આલાપ) પૂર્વક તે બાળકને ઉલ્લાપતી (બોલાવતી) એવી તે શય્યાતર રમાઓ હર્ષઘેલી બની ગઇ અને મહાભાગ્યવંત એવી તેઓ પરસ્પર સ્પર્ધાપૂર્વક સ્નાન, પાન અને અશનાદિકથી વજ્રની સારવાર (સત્કિયા) કરવા લાગી. બાળક છતાં પણ ઇંદ્રિયદમન (સંયમ) થી વયોવૃદ્ધ જેવો શાંત વજ્ર તેમને કંઇ પણ અરૂચિ થાય તેવું બાલચાપલ્ય (બાળચેષ્ટા) કરતો ન હતો. વળી તે બુદ્ધિમાન માત્ર શરીરનિર્વાહને માટે પ્રાસુક ભોજન કરતો હતો, કારણ કે જાતિસ્મરણથી ઉત્પન્ન થયેલા વિવેકને લીધે તે આચારને જાણતો હતો. અને તે બાળક છતાં જ્યારે તેને નીહારાદિ કરવાની જરૂર પડતી, ત્યારે બાલરક્ષક માણસોને તે હમેશાં સ્પષ્ટ સંજ્ઞાથી જણાવી દેતો હતો. શય્યાતરના સર્વ બાળકોની જન્મભૂમિ જેવી શય્યાતરીઓ ઉપર વજ્ર સમાન પ્રીતિગુણ દર્શાવતો હતો. વળી જ્ઞાનના ઉપકરણો તથા ચારિત્રના નાના નાના ઉપકરણો લઇને બાળક્રીડા કરતો તે આર્યાઓને પ્રતિદિન પ્રમોદ પમાડતો હતો.

અન્યદા સુરૂપવંત અને શીલશાલી તે વજ્રને જોઇને 'આ મારો પુત્ર છે' એમ બોલી સુનંદાએ શય્યાતરો પાસે તેની યાચના કરી; એટલે તેઓ બોલ્યા કે-' તારો અને આ બાળકનો માતા

મારા આત્માની જેમ આ બાળકનું મેં પાલન પોષ-
ણ કર્યું, પણ રાતદિવસ ઉંચેથી રૂદન કરતાં એણે મને નાટ-
કની જેમ નચાવી મૂકી છે. જો કે તમે દીક્ષિત છો, તથાપિ
પોતાના બાળકને તમે ગ્રહણ કરો (સંભાળો,) પરંતુ મારી
જેમ એનો ત્યાગ કરશો નહિ.' એટલે વચનકુશળ એવા ધન-
ગિરિએ પણ કહ્યું કે—"હે કલ્યાણિ ! હું તો એને લઇ જઇશ, પણ
તને પછીથી પશ્ચાત્તાપ થશે: માટે હે ભદ્રે ! એમ કરવું રહેવા
દે. છતાં જો તેમ કરવુંજ હોય તો સાક્ષીઓની સમક્ષ તેમ કર,
કારણ કે ફરી આ બાળકને તું પામી શકીશ નહિ." પછી સા-
ક્ષીઓ કરીને સુનંદાએ ખેદ સહિત તે બાળક ધનગિરિને સોંપી
[illegible] અને [illegible] તેને લઇ લીધો. ધનગિરિએ તે બાળકને પાત્ર
[illegible] જાણે સંકેત કરેલો હોય.
[illegible] રહી ગયો.) પછી સુનંદાના
[illegible] કરીને ગુરુની આજ્ઞાના પાલક એવા
[illegible] ગુરુમહારાજ પાસે આવ્યા. એટલે મહા-
[illegible] ધનગિરિની ભુજાને ન-
[illegible] ' ભિક્ષાના ભારથી તું
[illegible] મને આપ કે જેથી
[illegible] બાળનાજ ધનગિરિ-
[illegible] અને કાંતિમાં સુરકુમાર
[illegible] અર્પણ કર્યો, એટલે આચા
[illegible] તે બાળકને પો-
[illegible] તે શિશુના અતિભારથી જ-
[illegible] ની જેમ સિંહગિરિ ગુરૂની
[illegible] એટલે તેના ભારને લીધે ભંગુર થતા
[illegible] કે—'અહો ! પુરૂષરૂપધારી
[illegible] તેમ નથી. આ મહાભાગ્યવંત પુરૂષ પ્ર-
[illegible] થશે, માટે તેની બહુજ સંભાળ રાખવાની
[illegible] કારણ કે રત્ન પ્રાયઃ અપાયવલ્લભ (વિઘ્નોને પણ વલ્લભ-પ્રિય)



રીને (વાસ ક્ષેપ) નાખ્યો અને મહાત્માઓમાં અગ્રેસર એવા આચાર્યવર્ય સામા કાંઠા પ્રત્યે બોલ્યા કે–'હે વત્સ ! તું અહીં આવ, કે જેથી અમે તારા પેલા તટપર જઈ શકીએ.' આ પ્રમાણે બોલતાંજ તે નદીના બંને તટ સાથે મળી ગયા; એટલે આચાર્ય પરિવાર સહિત પરતટની ભૂમિપર ગયા. આ રીતે આચાર્યે દર્શાવેલ અતિશયને જોઈને સર્વે તાપસો તથા તેમના બધા ભક્તજનો પણ સંવેગ પામ્યા. પછી મિથ્યાત્વને દૂર કરી એકમનવાળા થઈને સર્વ તાપસોએ આર્યસમિત આચાર્યની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી અને તેઓ બ્રહ્મદ્વીપના વસનારા હોવાથી તેમના ગચ્છમાં થયેલા સાધુઓ બ્રહ્મદ્વીપિક એવા નામથી પ્રસિદ્ધ થયા.

હવે સંયતીને ત્યાં રહેતા વજ્રકુમાર અનુક્રમે ત્રણ વરસના થયા. એવામાં ધનગિરિ વિગેરે સાધુઓ ત્યાં પધાર્યા. તે પહેલાં સુનંદા આ પ્રમાણે ચિંતવતી હતી કે–'ધનગિરિ આવશે, એટલે હું મારો પુત્ર તેમની પાસે માગી લઈશ' એટલે તેમના આવતા તે પ્રમોદ પામી અને તે મહર્ષિઓ પાસે જઈને તેણે પોતાના નંદનની યાચના કરી પણ તેમણે તે ન આપતાં આ પ્રમાણે કહ્યું કે "હે મુગ્ધે ! માગ્યા વિના આ બાળક તેં અમને આપ્યો છે, વમન કરેલ અન્નની જેમ આપી દીધેલને પુનઃ લેવાની કોણ ઇચ્છા કરે ? વળી વેચેલી વસ્તુની જેમ વસ્તુ આપ્યા પછી તેના પરનું સ્વામિત્વ ચાલ્યું જાય છે માટે પુત્ર આપીને હવે તું તેની યાચના ન કર કારણ કે તેં એને પરને સ્વાધીન કરેલ છે" આ પ્રમાણે તેમની અને પક્ષ વચ્ચે મોટો વિવાદ થઈ પડ્યો, એટલે લોકોએ કહ્યું કે 'આ વાતનો નિર્ણય રાજા કરશે.' પછી સુનંદા લોકો સહિત રાજસભામાં ગઈ અને સાધુએ પણ સંઘ સહિત રાજસભામાં આવ્યા. ત્યાં સુનંદા રાજાની ડાબી બાજુએ બેઠી, શ્રીસંઘ સમસ્ત જમણી બાજુએ બેઠો અને બીજા લોકો યથાસ્થાને બેઠા. પછી બંનેના બોલવાપર વિચાર કરીને રાજાએ જવાબમાં જણાવ્યું કે–'જેના બોલાવવાથી બાળક જની પા-

કર્મી હોવાથી જરૂર દીક્ષા અંગીકાર કરશે. તેથી એનું આ આપાતમાત્ર[1] દુઃખ પણ ઉપેક્ષા કરવા લાયક છે. કહ્યું છે કે—

"तैलाभ्यंगे रणच्छेदे, कन्याया मरणे तथा ।
आपातमात्रतो दुःखं, स पश्चात्सुखमेधते." ॥ १ ॥

" તૈલમર્દનમાં, રણચ્છેદમાં, તથા કન્યાના મરણમાં એકે શરૂઆતમાં દુઃખ જણાય છે, પણ પછીથી તે દુઃખ સુખને વધારે છે." આ પ્રમાણે વિચાર કરીને વજ્રસમાન દૃઢ આશયવાળો અને દીર્ઘદર્શી વજ્રકુમાર જાણે પ્રતિમાસ્થ (પ્રતિમાધારી) હોય તેમ લેશ પણ ચળાયમાન ન થયો.

એટલે રાજાએ કહ્યું કે—'હે સુનંદે! તું હવે દૂર જા; કારણ કે આ બાળક જાણે તને માતા તરીકે જાણતોજ ન હોય તેમ બોલાવ્યા છતાં તે તારી પાસે આવ્યો નહિ.' પછી અવસર જાણીને રાજાએ ધનગિરિને બોલાવ્યા. એટલે તેમણે રજોહરણ ઉંચો કરીને મિતાક્ષરમાં તેને આ પ્રમાણે કહ્યું કે—'હે અનઘ! (નિર્દોષ) જો વ્રત લેવાનો તારો વિચાર હોય અને તું તત્ત્વજ્ઞ હો, તો ધર્મના ધ્વજરૂપ આ મારા રજોહરણને લઇ લે.' એટલે તેજ વખતે બાળહસ્તીની જેમ કર ઉંચો કરીને વજ્રકુમાર પગમાં ઘુઘરીનો ઘમકાર કરતો તરતજ ધનગિરિ તરફ દોડ્યો અને વિશુદ્ધ બુદ્ધિવાળા તેણે ત્યાં જઇ પિતાના ઉત્સંગમાં બેસીને લીલા કમળની જેમ તરત તે રજોહરણ લઇ લીધું. વજ્રકુમારે પોતાના કરકમળથી ઉંચે ઉપાડેલું તે રજોહરણ પ્રવચન લક્ષ્મીના ચામર જેવું શોભવા લાગ્યું. પછી વિકાસ પામતા કુંદપુષ્પની કલિકા સમાન દંતદ્યુતિમાં સ્મિત કરનાર વજ્રકુમારે તે રજોહરણથી અન્યત્ર લેશ પણ દૃષ્ટિ ફેરવી નહિ; એટલે સંધ્યાકાળની પદ્મિનીની જેમ તરત મ્લાનમુખી થયેલી સુનંદા પોતાના હાથપર ડોક નાખી દઇને આ પ્રમાણે ચિંતવવા લાગી કે—'મારા ભાઇએ દીક્ષા લીધી, મારા ભર્તારે દીક્ષા લીધી અને મારો પુત્ર પણ દીક્ષા લેશે; માટે હું

[1] તરતમાંજ દુઃખરૂપ લાગે તેવું, પરિણામે લાભ કરે તેવું.

[illegible]ત્યારે મહારાજે ભિક્ષા આણવાને માટે વિનયથી ઉજ્જવળ [illegible]ના વજ્રમુનિને આદેશ કર્યો. પછી આવશ્યક ક્રિયા કરીને બીજા [illegible] મુનિની સાથે વજ્રમુનિ માર્ગમાં ઈર્યાસમિતિનું ચિંતવન [illegible] વહોરવા નીકળ્યા. પણ રસ્તામાં વરસેલું (અત્યંત ઝીણા) [illegible]માન તુષારબિંદુ પડતા જોઈને અપ્કાયની વિરાધનાથી ભય[illegible]થી વજ્રમુનિ તરત પાછા ફર્યા. પછી તે તુષારમાત્ર અંગુ[illegible] પણ નષ્ટ કરીને-'હવે વૃષ્ટિ નથી' એમ બોલતા તે દે[illegible] પુનઃ વજ્રમુનિને બોલાવ્યા; એટલે તેમના ઉપરોધથી [illegible] વૃષ્ટિના અભાવથી તે ગયા અને ભજ્જા પાન વિગેરેથી મુ[illegible] [illegible] આવાનમાં આવ્યા. પછી ભજ્જા, પાન વિગેરે [illegible] ઉતાવળ કરવા લાગ્યા, એટલે [illegible] ભાવથી ઉપયોગ આપ્યો કે[illegible] [illegible] એમનું શી રીતે સંભવ [illegible] કર્યું છે, અહીં [illegible] ભોજનની શરૂઆતમાં તો એ [illegible] પણ અનિમેષ લોચન[illegible] [illegible] જણાય છે, માટે આ [illegible] કરે નહિ, માટે એ [illegible] આ પ્રમાણે વિચાર [illegible] ના કરવા, એટલે [illegible] કહેવા લાગ્યા કે-'હે [illegible] દેવતાઓ તમને [illegible] આપ[illegible] [illegible] [illegible]

[illegible]

આદેશ કર્યો કે-હે વત્સ! તું ઉજ્જયિની જા. અને ત્યાં ભદ્રગુપ્ત ગુરૂની પાસેથી દશ પૂર્વનો અભ્યાસ કર. આ સર્વે અત્યંત બુદ્ધિવાન હોવાથી તારી બરોબરી કોઈ કરી શકે તેમ નથી. વળી જ્યાં મારી બુદ્ધિ પણ સ્ખલિત થઈ જાય છે, ત્યાં તેઓ કઈ રીતે સમર્થ થાય? માટે હે શિષ્ય! મારી આજ્ઞાથી દશ પૂર્વનો અભ્યાસ કરીને પાછો જલ્દી આવ. આ કામમાં શાસન દેવતાઓ તને સહાય કરો. વળી હે વત્સ! દૂધમાંનું ઘૃત જેમ વિસ્તાર પૃથ્વીમાં પ્રસરે તેમ તારા મુખદ્વારાએ દશ પૂર્વ આ મનુષ્યોમાં પ્રસરો.'

આ પ્રમાણે કહીને સિંહગિરિ આચાર્યે વજ્રમુનિને અવંતી તરફ જવાનો આદેશ કર્યો અને સ્થવિર કલ્પનો વિચાર કરીને તેની સાથે બે સાધુઓને જવાની આજ્ઞા કરી.

પછી સિંહગિરિ ગુરૂની આજ્ઞાને શિરે ધરી જેમ મસ્તકપર ચઢાવીને વજ્રમુનિ [illegible]

[illegible]

[illegible]

ધીઠાઇ કર્યા ? તથાપિ એનો સ્વીકાર કરો. કારણ કે મહાજનો પાસે કરેલ પ્રાર્થના વૃથા થતી નથી. વળી હે વત્સ ! વિવાહ થકી દર્શનીયજનના અવસરે તમને હું અસંખ્યાત દ્રવ્ય દીધી આપીશ, માટે એ પ્રમાણે થવા દ્યો' એટલે કરૂણાળુ એવા વજ્ર-મુનિ તેને આમ અમૃત સરખી વાણી કહેવા લાગ્યા કે—'હે શ્રેષ્ઠી ! તારી દ્રવ્યકોટીથી પણ સર્યું અને આ તારી કન્યાથી પણ સર્યું. કારણ કે સ્ત્રીઓ એક વિષયો છે અને તે વિષયો વિષસમાન છે. તે માત્ર આપાત મધુર છે, પણ પરિણામે અતિ ભયંકર છે. વિષયોનું વિવેચન કરીએ તો તે વિષ કરતાં પણ અધિક દારૂણ છે; કારણ કે તે જન્માન્તરમાં પણ પ્રાણીઓને અનર્થકારી થઈ પડે છે. એવા વિષયોને દુરંત સમજીને હું આ કન્યાને શી રીતે અંગીકાર કરૂં ? કારણ કે હાલ જાણવામાં આવી ગયા પછી એક અસાર વસ્તુ પાછળ [illegible] વળી આ મહાનુભાવ તારી કન્યા [illegible] અનુરાગ [illegible] ધરાવતી હોય, તો એ ગ્રહણ કરેલી [illegible] પણ [illegible] કુલીન બાળા મનથી પણ [illegible] કિતની ઇચ્છાથી [illegible] વળી વિવેકપૂર્વક અને મારી [illegible] કન્યા માં તપશ્ચિત્ત [illegible] દયાની [illegible] સાથ [illegible] પ્રમાણે [illegible] મી ભગવ [illegible] ક્ષી' એવી [illegible] કરી અને [illegible] રેમર [illegible] કેટલી [illegible] બના છે' આ [illegible] પ્રતિબોધ [illegible] પછી તે મુનિ [illegible] વિહાર કરી ગયા.

એકદા [illegible] અને શ્રીસંઘનો ઉપકાર [illegible] વજ્રસ્વામીએ આચારાંગ સૂત્રના [illegible] અધ્યયનમાંથી આકાશગા-

વિદ્યાનો પટ વિકુર્વ્યો, અને પછી આજ્ઞા કરી એટલે સકળ સંઘ નાવમાં જેમ વણિક્સાર્થ બેસે તેમ તે મહાપટપર બેસી ગયો, એટલે વજ્રર્ષિ ભગવંતે પ્રયોજેલી વિદ્યાશક્તિરૂપી પવનથી ઉત્ક્ષિપ્ત થયેલા કપાસની જેમ તે પટ આકાશમાં ઉડ્યો. એવામાં વજ્રર્ષિનો દંત નામનો શય્યાતર પોતાના સહચારીઓને લેવા ગયો હતો તે આવ્યો, અને સંઘસહિત વજ્રસ્વામીને આકાશમાં જતા જોઈને શીઘ્ર પોતાના કેશ ઉખેડીને આ પ્રમાણે બોલ્યો કે– 'હે ભગવન્! પ્રથમ તમારો શય્યાતર હતો, અને આજ સાધર્મિક પણ છું તો મારો નિસ્તાર કેમ કરતા નથી?' પછી શય્યાતરની ઉપાલંભસહિત તે વાણી સાંભળીને તથા તેને લુંચકેશ (જેણે કેશ ઉખેડી નાખ્યા છે એવો) જોઈને વજ્રમુનિએ આવા સૂત્રાર્થનું સ્મરણ કર્યું કે– 'જે ભવ્ય જીવો સાધર્મિકવાત્સલ્યમાં, સ્વાધ્યાયમાં, ચારિત્રમાં અને તીર્થપ્રભાવનામાં ઉદ્યુક્ત હોય તેઓનો મુનિએ ઉદ્ધાર કરવો.' આ પ્રમાણે આગમાર્થનું સ્મરણ કરીને વજ્રસ્વામીએ તે શય્યાતરને પણ તે પટપર બેસાડ્યો. પછી વિદ્યાપટપર બેસીને જતા એવા તે સર્વે [illegible] પર્વત, નદીઓ અને [illegible] પૂરવા લાગ્યા. પછી [illegible] ભક્ત એવા [illegible] [illegible] જેમના [illegible] શક્તિ [illegible] જ્યોતિષ્ક દેવોથી [illegible] પવનથી ચમત્કાર પામેલા [illegible] [illegible] [illegible] અનેક ચૈ [illegible] [illegible] [illegible] વજ્રર્ષિ [illegible]

ધન અને ધાન્યાદિ [illegible] તે નગરના [illegible] સુભિક્ષ (સુકાળ) હતો. વળી [illegible] [illegible] પણ રાજા બુદ્ધ [illegible] હતો. જૈન અને [illegible] પરસ્પર સ્પર્ધા કરીને દેવપૂજાદિ એક બીજાથી [illegible] કરતા હતા. પણ તેનો તેમને જીતી લેતા હતા. [illegible] તેનો નગરમાં જે જે પુષ્પાદિક

પૂજાના ઉપકરણ જોતા, તે બધા અધિક મૂલ્ય આપીને પણ લઇ લેતા હતા. એટલે બુદ્ધભક્તો પુષ્પાદિક લેવાને અસમર્થ થઇ જતા; અને તેથી બુદ્ધમંદિરોમાં બહુજ સામાન્ય પૂજા થતી હતી. આથી બુદ્ધભક્તોએ લજ્જા પામીને રાજાને વિજ્ઞપ્તિ કરી અને શ્રાવકોને પુષ્પાદિક આપવાનો અટકાવ કરાવ્યો, તેથી સર્વ બજારમાંથી બહુ મૂલ્ય આપતાં પણ શ્રાવકો પુષ્પો મેળવી શકતા બંધ થયા. એવામાં પર્યુષણા પર્વ નજીક આવતાં શ્રાવકો બધા ભેળા થઇને દીન મુખ કરી રૂદન કરતા વજ્રસ્વામી પાસે આવ્યા, અને નેત્રજળથી મહીતળને આર્દ્ર કરતા તેઓ વજ્રર્ષિને નમસ્કાર કરીને ખેદયુક્ત ગદ્ગદ્ ગિરાથી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા કે-"જિનચૈત્યોમાં પ્રતિદિન થતી વિશેષ પ્રકારની પૂજા જોવાને અસમર્થ એવા બૌદ્ધ લોકોએ દુષ્ટ ભૂતની જેમ અમને પરાભવ પમાડ્યો છે અને તેમણે બૌદ્ધરાજાને વિજ્ઞપ્તિ કરીને અમને પુષ્પ આપતા બધા માળીઓને અટકાવ્યા છે. હે નાથ! અમે અગસ્તિના પુષ્પ સુદ્ધા પણ પામી શકતા નથી, અમે દ્રવ્યવંત છતા શું કરીએ? કારણ કે રાજાની આજ્ઞાનું કોણ ઉલ્લંઘન કરી શકે? અત્યારે એક યક્ષની જેમ જિનબિંબોની તુલસી અને બર્બરીપત્રોથી પૂજા થાય છે. અહો અમારૂં જીવિતવ્ય શા કામનું? અમને ધિક્કાર છે! વળી આ શ્રાવક લોકો કપટ કરી બીજે નિમિત્તે પુષ્પો લઇ જઇ જિનબિંબોપર ન ચડાવે તેટલા માટે બૌદ્ધજનોએ અમારા કેશપાસને માટે પણ પુષ્પોનો નિષેધ કર્યો છે. અને હે સ્વામિન્! પર્યુષણાપર્વના ઉત્તમ દિવસ નજીક આવ્યા છે. એ પર્વમાં પણ પુષ્પસંપત્તિથી રહિત એવા અમે સાધુની જેમ જિનેશ્વરભગવંતની માત્ર ભાવપૂજાજ કરશું એમ લાગે છે હે સ્વામિન્! આપ જેવા સમર્થ આચાર્ય છતાં દુર્બુદ્ધિ બૌદ્ધલોકોએ અમને વારંવાર પરાભવ પમાડીને જીવન્મૃત તુલ્ય કરી દીધા છે, માટે હે ભગવન્! અભિભૂત એવા જિનશાસનની પ્રભાવના કરીને અમને સજીવન કરો."

આ પ્રમાણેની હકીકત સાંભળીને 'હે શ્રાવકો! શાંત થાઓ; હું તમને ઉત્તેજન મળે તેવો પ્રયત્ન કરીશ.' એમ કહીને

ભગવાન્ વજ્રર્ષિ દેવતાની જેમ આકાશમાં ઉડ્યા અને એક નિમેષમાત્રમાં માહેશ્વરી નગરીએ ગયા. ત્યાં એક વિસ્મયકારક ઉપવનમાં ઉતર્યા. તે ઉપવન હુતાશન નામના એક દેવનું હતું અને ત્યાં જે માળી હતો, તે ધનગિરિનો મિત્ર હતો. વાદળા વિનાની વૃષ્ટિની જેમ અકસ્માત પ્રાતઃકાળે આવેલા વજ્રર્ષિને જોઈને તડિત નામનો તે ઉપવનનો માળી બોલ્યો કે-'હે ભગવન્! તિથિઓમાં આજ તિથિ ધન્ય છે કે જે દિવસે તમે મારા અતિથિ થયા. હું મારા આત્માને અત્યારે ધન્ય માનું છું કે જેને તમે સંભાર્યો. હે પ્રભો ! અહોભાગ્યની વાત છે કે સુસ્વપ્નની જેમ આપે મને ચિત્તથકી દૂર કર્યો નથી. હવે આપ જ્યારે મારા અતિથિ થયા છો ત્યારે હું આપનું શું આતિથ્ય કરું ? તે કહો.' એટલે વજ્રસ્વામી બોલ્યા કે-'હે ઉદ્યાનપાલક ! મારે પુષ્પોની જરૂર છે. અને તે આપવાને તું સમર્થ છે.' માળીએ કહ્યું કે-'હે સ્વામિન્ ! પુષ્પો ગ્રહણ કરીને મારાપર અનુગ્રહ કરો. કારણ કે અહીં દરરોજ વીશ લાખ પુષ્પો થાય છે' એટલે વજ્રમુનિએ આદેશ કર્યો કે 'હે ઉદ્યાનરક્ષક ! હું જેટલામાં અહીંથી અન્યત્ર જઈને આવું તેટલામાં તું પુષ્પો તૈયાર કર.'

આ પ્રમાણે કહીને વાયુની જેમ આકાશમાં ઉડી મહાત્મા વજ્રમુનિ ક્ષુલ્લહિમવંત [illegible] અન્ય સૂર્યની જેમ આકાશના [illegible] ઇ ચાલ્યા ગંગા અને [illegible] જ્યાં દશમા અમૃતકુંડ [illegible] નિરંતર [illegible] જ્યાં [illegible] ચાલી રહ્યા [illegible] વિ [illegible] ભ્રમા [illegible] જેમ [illegible]

ગ્રહણ સંયમાન છે એવા વજ્રસ્વામીએ સિદ્ધાયતનમાં રહેલી શા-શ્વત જિનપ્રતિમાઓને વંદન કર્યું; અને પછી આકાશમાર્ગે જ્યાં [illegible] રૂપ કમળરૂપ નર્તકો નૃત્ય કરી રહ્યા છે, જ્યાં પદ્મની સુગંધિને વહન કરવાથી જાણે પવન મંદમંદ વાય છે, જ્યાં ક્રીડા કરતી અપ્સરાઓના મુખ જોતાં જાણે કમળ સંશયમાં હોય એમ ભાસે છે, જ્યાં વિકસિત કમળપરાગના સુગંધથી જ્યાં ભ્રમર આવે છે અને જ્યાં દેવાંગનાઓ લક્ષ્મીદેવીના દેવગૃહમાં ગાયન કરી રહી છે એવા પદ્મદ્રહ પર ગયા. એ વખતે દેવપૂજાને માટે એક પંકજ લઈને જિનમંદિર તરફ જતી એવી લક્ષ્મીદેવીએ શ્રીવજ્રસ્વામીને જોયા; એટલે પોતાના રત્ન મુગટની પ્રભારૂપ જળથી જાણે તેમના ચરણને ન્હવરાવતી હોય તેમ શ્રીદેવીએ તે મુનીશ્વરને એકાગ્ર વંદન કર્યું; પછી ધર્મલાભરૂપ આશીષ દઈને [illegible] અવસરે શ્રીદેવીએ અંજલિ જોડીને કહ્યું કે [illegible] 'આજ્ઞા [illegible] શું કરું?' મુનિ [illegible] છે કે, [illegible] અવસરે [illegible] એવી [illegible] શું કર્યાં? [illegible] નમર્યું છું? [illegible]



ત્રયોદશ સર્ગ.



દશપુર નામના નગરમાં ચાંદ્રાયણ નામે રાજા હતો. ત્યાં સોમદેવ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને રૂદ્રસોમા નામની પ્રિયા હતી. તે રૂદ્રસોમા બ્રાહ્મણી પરમ શ્રાવિકા હતી અને ધર્મવૃક્ષના બીજરૂપ દયાદિક ગુણોથી અલંકૃત હતી. તે દંપતીને આર્યરક્ષિત અને ફલ્ગુરક્ષિત–એ નામના બે ન્યાયવાન્ પુત્ર થયા હતા. તેમાં આર્યરક્ષિત તેને મૌંજી બંધન કરવામાં આવ્યું ત્યારથી તેના પિતા જેટલું જાણતા હતા તેટલું ભણી ગયો. પછી વધારે ભણવાની ઇચ્છાથી માતપિતાની અનુજ્ઞા મેળવીને તે પાટલીપુત્ર નગરે ગયો. ત્યાં વિશિષ્ટ બુદ્ધિમાન્ એવો તે છ અંગ, ચાર વેદ, મીમાંસા, ન્યાય, પુરાણ અને ધર્મશાસ્ત્ર એ સર્વ ભણ્યો અને એ રીતે ચૌદે વિદ્યા પોતાના નામની જેમ કંઠસ્થ કરીને તે પુનઃ દશપુર નગરે આવ્યો. 'આ આવેલ ચતુર્વેદ પૂજનીય છે.' એમ ધારીને રાજાએ તેને હાથીના સ્કંધપર બેસાડીને નગરમાં પ્રવેશ કરાવ્યો, એટલે લોકો પણ વિવિધ પ્રકારના ભેટણા લઇને તેની સન્મુખ આવ્યા; કારણ કે 'જે રાજાથી પૂજાય તે કોને પૂજનીય ન હોય ?' પછી કુટુંબમાં ઉમદા ભેટની જેમ આનંદ આપતો તે આર્યરક્ષિત ઘરની બાહ્યશાળામાં રહ્યો. તેને બ્રહ્મચારીઓથી અને રાજાથી પૂજાતો જોઇને તેના બંધવો પોતાના ગોત્રને પવિત્ર માનવા લાગ્યા અને ચિરકાળથી ઇષ્ટ અને ત્યાં આવવાને ઇચ્છતી એવી લક્ષ્મીના હીંડોળા સમાન રમ્ય તોરણ સ્વજનોએ તેના ઘરના દ્વાર ઉપર બાંધ્યું. વળી સૌભાગ્યવતી સુંદરીઓએ તેને તેના ગુણકથન રૂપ પ્રશસ્તિના અક્ષર સદૃશ અને સ્વસ્તિકાંક જેવા સ્વસ્તિકો

આળેખવા લાગી. પછી બાહ્યાવાસમાં રહ્યા છતાં આર્યરક્ષિત બહુ ભેટણાં આવવાથી અલ્પ દિવસોમાંજ શ્રીમાન્ થઇ ગયો.

એકદા શુદ્ધ બુદ્ધિવાળો આર્યરક્ષિત વિચારવા લાગ્યો કે- "અહો! મારો કેટલો બધો પ્રમાદ કે અદ્યાપિ હું માતાને પગે પડ્યો નથી? પુત્ર એ માતાના બાહ્ય પ્રાણ છે. પુત્રના પ્રવાસનું દુઃખ માતાને અતિ દુઃસહ થઇ પડે છે, તો મારા પ્રવાસને લીધે મારી માતાને કેટલું દુઃખ થયું હશે, કે જે માતા નિદ્રામાં પણ મારા નામના અક્ષરો બોલ્યા કરે છે? અહો! મારી માતા તો અદ્ભુત ધૈર્યવાન્ છે કે જેણે મને મારા હિતની ખાતર દેશાંતરમાં અભ્યાસ કરવા મોકલ્યો; માટે ગુણોપાર્જનના મૂળરૂપ મારી સંપત્તિ તેને દર્શાવીને ઉત્કંઠારૂપ જળની સરિતા સમાન મારી માતાને આનંદ પમાડું."

આ પ્રમાણે વિચારીને તરતજ એ દિવ્ય વસ્ત્ર ધારણ કરી કેસરના અંગરાગથી જેણે પોતાના શરીરની કાંતિ વધારી છે, સુગંધી પુષ્પની માળાવડે પોતાના કેશ જેણે બાંધી લીધા છે, કંઠ, હાથ અને પગમાં જેણે સુવર્ણનાં આભૂષણો પહેરી લીધાં છે, કપૂરના પાનથી [illegible] જેણે પોતાના મુખને સુશોભિત કરેલ છે અને નિર્મળ [illegible] જેણે પોતાના મસ્તકને વિભૂષિત કરેલ છે એવો તે આર્યરક્ષિત પોતાને ઘરે ગયો, અને [illegible] સુવર્ણની [illegible] ભૂતળને [illegible] કરી તે વિનીતે માતાના [illegible] વંદન કર્યું. એટલે માતા બીજું કાંઇ વિશેષ ન બોલતાં [illegible] અને [illegible] તને કુશળ [illegible] પ્રમાણે [illegible] પુત્રપ્રેમના સંરંભને ઉચિત એવા [illegible] માતાને પૂર્વવત્ પ્રસાદ ન જોવાથી આર્યરક્ષિત બોલ્યો કે "હે માત! [illegible] હું આપના દર્શનને માટે [illegible] અને [illegible] સાગરરૂપ [illegible] કેમ બોલતા નથી?" વળી આ [illegible] રાજપુત્રની જેમ [illegible] પૂજા કરે છે તે પુત્રને એ મહિમા જોઇને તમે હર્ષ કેમ પામતા નથી?" એટલે રુદ્રસોમા બોલી કે

"હે ભદ્ર ! તેં આ વિદ્યા મેળવી તેથી શું ? કારણ કે આ તારી વિદ્યા તો હિંસામાં પ્રેરનારી અને નરકને આપનારી છે. એટલે નરકપાતની અભિમુખ થયેલા તને જોઇને હું કેમ હર્ષ પામું ? હું તો તને જોઇને કાદવમાં ગાય ખુંચી જાય તેમ ખેદમાં મગ્ન થઇ ગઇ છું; તેથી હે વત્સ ! જો તારી મારાપર ભક્તિ હોય, જો મને હિતકારી માનતો હો અને મને પ્રસન્ન કરવા ઇચ્છતો હો તો સ્વર્ગ અને મોક્ષના હેતુરૂપ દૃષ્ટિવાદનો તું અભ્યાસ કર".

આ પ્રમાણેનાં માતાનાં વચનો સાંભળી આર્યરક્ષિત ચિંતવવા લાગ્યો કે-'અહો ! હું આ શું ભણ્યો કે જેથી માતાને પ્રમોદ ન થયો ? તો તજ્જન્ય સંપત્તિથી પણ શું ?' આ પ્રમાણે વિચાર કરીને સરલ બુદ્ધિવાળા આર્યરક્ષિતે માતાને કહ્યું કે-'હે માતા ! આપની ઇચ્છા છે તો હું દૃષ્ટિવાદ ભણીશ, પણ તેના ભણાવનાર ગુરૂ કોણ છે ? તે ક્યાં છે ? તે બતાવો.' રૂદ્રસોમા બોલી કે-'હે વત્સ ! પ્રથમ તું શ્રમણોપાસક (શ્રાવક) થા. પછી સાધુઓ પાસે જા. દૃષ્ટિવાદના ભણાવનારા સાધુઓ સિવાય બીજા હોતા નથી.' તે સાંભળીને 'દૃષ્ટિવાદ એટલે દર્શન વિચાર. આ નામ પણ બહુ સુંદર છે' એમ ધારીને આર્યરક્ષિત હર્ષ પામ્યો અને બોલ્યો કે-'માતાનો આદેશ મારે પ્રમાણ છે. પરંતુ તેના ગુરૂ ક્યાં જોવા કે તેમની પાસે જઇને હું દૃષ્ટિવાદનો અભ્યાસ કરૂં ?' એટલે રૂદ્રસોમા પણ પુત્રના વિનયથી ઉચ્છ્વસિત થઇ પ્રસન્ન મનથી પોતાના વસ્ત્રનો છેડો હલાવતી તે પુત્રને કહેવા લાગી કે-'હે વત્સ ! તું મારા આદેશ પ્રમાણે વર્તવાને ઇચ્છા ધરાવે છે, માટે હવે તારા જેવા પુત્રથી હું કંઇ પણ લજ્જા પામતી નથી. માટે હે આર્યરક્ષિત ! ઇક્ષુવાટ (શેલડીના વાઢ) માં ઉપાશ્રય મેળવીને રહેલા એવા તોસલિપુત્ર નામના આચાર્ય છે, ત્યાં જઇને તેમના ચરણકમળની ઉપાસના કરવામાં તું હંસ જેવો બની જા. હે પુત્ર ! તે તને દૃષ્ટિવાદ ભણાવશે' પછી 'પ્રભાતે હું એમજ કરીશ' એ પ્રમાણે કહીને દૃષ્ટિવ ાદનું ધ્યાન કરતો આર્યરક્ષિત આખી રાત સૂતો પણ નહિ. પ્રભાતે

માતાને પૂછીને આર્યરક્ષિતરૂપ અગસ્તિ દષ્ટિવાદરૂપ સમુદ્રનું ચુલુકની લીલાથી પાન કરવાને ચાલ્યો.

હવે આર્યરક્ષિતના પિતાનો મિત્ર અને પિતાની જેવોજ અત્યંત વત્સલ કોઈ દ્વિજ પાસેના ગામમાં રહેતો હતો. તેણે વિચાર કર્યો કે-'આર્યરક્ષિતને મેં કાલે જોયો નથી, તો તે અત્યંત મિત્રપુત્રને આજે જઈને જોઈ આવું' આ પ્રમાણે વિચાર કરીને તે મહાવિપ્ર નવ અખંડિત ઈક્ષુયષ્ટિ[1] અને એક તેનો કકડો લઈને આર્યરક્ષિતને ઘરે ગયો. તેજ વખતે ઘરમાંથી નીકળતા સોમદેવના જ્યેષ્ઠ પુત્ર (આર્યરક્ષિત) ને તેણે જોયો, પણ હજુ બરાબર પ્રકાશ થયેલ ન હોવાથી તેને તે ઓળખી શક્યો નહિ. એટલે તેણે તેને મોટે સ્વરે પૂછ્યું કે-'તું કોણ છે?' આર્યરક્ષિત બોલ્યો કે-'હું આર્યરક્ષિત છું.' એટલે વિપ્ર બોલ્યો કે-'હે ભ્રાતૃપુત્ર! ગઈ કાલે કુટુંબ સબંધી કામ કરવામાં રોકાવાથી હું તને જોઈ શક્યો નહોતો. જે [illegible] હૃદયરૂપ કૈરવને સુધાકર સમાન તને હું જોઉં નહીં તે એક દિવસને પણ હું સો દિવસ જેવા માનું છું [illegible] આર્યરક્ષિત [illegible] લઈને તે વિપ્ર [illegible] હું [illegible] માટે [illegible] મારી માતાને [illegible] વળી [illegible] ઈક્ષુક [illegible] કહેલ [illegible] પૂર્વે [illegible] હવે તે [illegible] આનન્દ [illegible] બુદ્ધિમાન આર્યરક્ષિત વિચારવા લાગ્યો

૧ શેરડીના સાંઠા.

કે-'હું અજાણ્યો અંદર કેમ પ્રવેશ કરૂં ? રાજાઓની જેમ ગુરૂઓની પાસે વિદિતજનો[1] પણ ગમે તે રીતે ન જવું, ત્યારે હું તો વિદિત (જાણીતો) પણ નથી, માટે થોડીવાર અહીંજ ઉભો રહીને પ્રાતઃકાળના વંદનને માટે આવતા શ્રાવકોની સાથેજ હું વસતિમાં પ્રવેશ કરૂં.' એમ વિચારીને આર્યરક્ષિત દ્વારપાળની જેમ દ્વાર આગળ ઉભો રહ્યો; કારણ કે સહસાત્કાર કરવામાં વિદ્વજ્જનોને વિવેક અર્ગલાસમાન થઈ પડે છે. પછી ત્યાં ઉભો રહેતા ગાલવકૈશિકી (માલકોશ) પ્રમુખ રાગ અને ગ્રામસંયુક્ત સાધુઓના સ્વાધ્યાયને સાંભળવાથી પણ મૃગની જેમ તે લયલીન થઇ ગયો.

એવામાં પ્રાતઃકાળે મહર્ષિઓને વંદન કરવાને હર્ષથી પ્રફુલ્લિત લોચનવાળો એવો ઢઢ્ઢર નામે એક શ્રાવક ત્યાં આવ્યો. તે ત્રણવાર નિસ્સીહિ બોલતો ઉપાશ્રયમાં પેઠો અને ઉંચે સ્વરે ઇરિયાવહી પડિક્કમવા લાગ્યો. ત્યારપછી આચાર્ય તથા સાધુઓને યથાવિધિ વંદન કરીને આસન પડિલેહી ગુરૂ આગળ બેઠો. તે વખતે ધીમાન્ આર્યરક્ષિતે પણ તેની પાછળ પ્રવેશ કરીને વંદન અને ઇર્યાવહી વિગેરે તેની પાસેથી સાંભળીને તરતજ ધારી લીધા અને તેણે કરેલા વિધિ પ્રમાણે પાઠ પઠનપૂર્વક આર્યરક્ષિતે પણ આચાર્ય તથા સાધુઓને વંદન કર્યું, પરંતુ આર્યરક્ષિતે ઢઢ્ઢર શ્રાવકને વંદન (નમન) ન કર્યું. 'સુબુદ્ધિમાન છતાં પણ અજ્ઞાત આમ્નાય જાણવાને સમર્થ કેમ થઇ શકે ?'

પછી ઢઢ્ઢર શ્રાવકને વંદન કર્યા વિનાય બેઠેલા તે આર્યરક્ષિતને જોઇ આચાર્ય મહારાજે જાણ્યું કે-'આ કોઈ નુતન શ્રાવકછે.' એટલે ધર્મલાભરૂપ આશિષ દઇને શરદ ઋતુના જળ સમાન નિર્મળ આશયવાળા એવા આચાર્યમહારાજે તેને પૂછ્યું કે-'હે ભદ્ર ! તને વંદનાદિક ધર્મની પ્રાપ્તિ કયાથી થઈ?' એટલે આર્યરક્ષિત યથાર્થ બોલ્યો કે-'હે ભગવન્ ! મને તે ધર્મ પ્રાપ્તિ બીજા કોઇથી નહિ, પણ આ શ્રમણોપાસક પાસેથીજ થઈ છે.'

[1] સમજુ માણસે.

એટલે બીજા સાધુઓ બોલ્યા કે-"હે ભગવન્! એ વિદ્વાન, સાગરનો પારગામી અને રૂદ્રસોમાનો પુત્ર આર્યરક્ષિત છે. એ ચતુર્દશ વિદ્યાનો ઉપાધ્યાય હોવાથી રાજાએ એને હાથ સ્કંધપર બેસાડીને આ નગરમાં પ્રવેશ કરાવ્યો હતો. એ તો થમ ગુણસ્થાને રહેલાઓમાં (મિથ્યાત્વી જનોમાં) અગ્રેસર ગણ છે, છતાં એ શ્રાવકાચાર પાળે છે એ આશ્ચર્યની વાત છે. તે સાંભળી આર્યરક્ષિત બોલ્યો કે-"હે ભગવન્! હું અત્યારે શ્રાવક થયો છું. શું પ્રાણીઓને નુતન ભાવપરિણામ ન થાય? પછી તેણે આચાર્ય મહારાજને અંજલિ જોડીને વિજ્ઞપ્તિ કરી કે-"હે ભગવન્! મારાપર પ્રસાદ કરીને મને દૃષ્ટિવાદ ભણાવો. વિવેકહીન, ઉન્મત્ત અને દુર્ગમ, એવો હું, હિંસામાં દોરનાર અને નરકને આપનાર એવું તો બધું ભણ્યો છું, પરંતુ હવે મને દૃષ્ટિવાદ ભણવાની ઇચ્છા થઇ છે તેથી આપની પાસે આવ્યો છું."

પછી આચાર્ય પણ તેને શાન્ત અને યોગ્ય જાણીને બોલ્યા કે-"હે ભદ્ર! [illegible] દૃષ્ટિવાદ ભણવાની ઇચ્છા હોય તો પ્રથમ [illegible]

[illegible]

મળ્યા [illegible] પણ [illegible] કરીને [illegible]

મયમાંજ ગીતાર્થ થયો. તીવ્ર તપ તપતાં અને પરિષહ સહન કરતાં તે વર્ણપંક્તિની જેમ અગીઆરે અંગ ભણ્યો. પછી તે આચાર્યની પાસે જેટલું દૃષ્ટિવાદ ઉપસ્થિત હતું તેટલું બધું આર્યરક્ષિત ભણી ગયા. એ અવસરે વૃદ્ધજનોની પાસેથી આર્યરક્ષિતે સાંભળ્યું કે-'અત્યારે વજ્રર્ષિપાસે વધારે દૃષ્ટિવાદ ઉપસ્થિત છે.' તે વખતે વજ્રમુનિ પુરી નગરીમાં હતા, તેથી ગુરૂની આજ્ઞા લઇને આર્યરક્ષિત ત્યાં જવાને માટે નીકળ્યા. માર્ગમાં ઉજ્જયિનીમાં ભદ્રગુપ્તાચાર્યના ઉપાશ્રયે તે ગયા. ત્યાં ગુણવંત તપસ્વી અને પૂર્વ અવસ્થાના કુતીર્થિક એવા તે આર્યરક્ષિતને ઓળખીને આચાર્યમહારાજે હર્ષપૂર્વક તેને આલિંગન આપ્યું, અને તે બોલ્યા કે-'હે વત્સ ! તું ધન્ય, કૃતાર્થ અને સુબુદ્ધિમાન છે, કે જેથી તેં બ્રાહ્મણપણું તજીને સાધુપણું સ્વીકાર્યું. હે ભદ્ર ! મારૂં આયુઃકર્મ ક્ષીણ થઇ ગયેલ હોવાથી તને વીનવું છું કે મારે અનશન કરવાની ઇચ્છા છે, તો તું મારો નિર્યામક (સહાયક) થા.' આ તેમની માગણી આર્યરક્ષિતે કબુલ રાખી, એટલે ભદ્રગુપ્તાચાર્ય અનશન કરીને તેને આ પ્રમાણે શીખામણ આપવા લાગ્યા કે-હે વત્સ ! વજ્રસ્વામીની સાથે તું એકજ ઉપાશ્રયમાં રહીશ નહિ પરંતુ બીજા ઉપાશ્રયમાં રહીને તું અભ્યાસ કરજે, કારણ કે જે નિરૂપક્રમ આયુષ્યવાળો એક રાત્રિ પણ વજ્રસ્વામીની સાથે રહે તે નિઃશંસ તેમની સાથેજ [illegible] એવી પરિસ્થિતિ છે.' [illegible] 'એ પ્રમાણેજ કરીશ' એમ સ્વીકારીને અને તેમની નિર્યામણા ([illegible]) [illegible] આર્યરક્ષિત વજ્રસ્વામીની પાસે ગયા. અને તે રાત્રિ બહારના ઉપાશ્રયમાં રહ્યા. [illegible] વજ્રસ્વામીએ આવું સ્વપ્ન દીઠું કે-આજ કોઇક અતિથિએ આવીને દુગ્ધપૂર્ણ એવા મારા પાત્રમાંથી બહુ દુધ પીધું અને તેમાં માત્ર થોડું દુધજ બાકી રહ્યું.' પ્રભાતે વજ્રસ્વામીએ મુનિઓને તે સ્વપ્નનો અર્થ સમજાવ્યો કે-"મારી પાસેથી પૂર્વ સંબંધી બહુ શ્રુતને ગ્રહણ કરનાર કોઇક મુનિ આજે મારો અતિથિ થશે તે બુદ્ધિમાન

મારી પાસેથી બહુ પૂર્વશ્રુત ગ્રહણ કરશે, એટલે મારી
અલ્પજ પૂર્વશ્રુત ભણાવ્યા વિનાનું રહેશે." આમ વાત
એવામાં પ્રાતઃકાળે આર્યરક્ષિત વજ્રમુનિની પાસે આવ્યા અ
રૂમહારાજને તેણે દ્વાદશાવર્ત્ત વંદનથી વાંદ્યા. પછી વજ્ર
રે પૂછયું કે–'હે ભદ્ર ! તમે કયાંથી આવો છો ?' એટલે
લ્યા કે–'હું તોસલિપુત્રાચાર્યની પાસેથી અહીં આવ્યો
'સ્વામીએ કહ્યું કે–'તમારૂં નામ આર્યરક્ષિત છે ?' એટલે ત
વંદનપૂર્વક કહ્યું કે–'હા, એમ છે.' પછી વજ્રસ્વામી પા
ઓળખીને પ્રસન્નતાથી બોલ્યા કે–' હે વત્સ ! તને સ્વાગ
તેં કયા ઉપાશ્રયમાં નિવાસ કર્યો છે ?'
હાર ...

તેને બોલાવવાને ઉત્કંઠિત એવા તેમણે તેને સમજા
માટે સારી રીતે શીખામણ આપીને પોતાના પ્રાણપ્રિ
ફલ્ગુરક્ષિતને મોકલ્યો. તેણે ત્યાં જઇ નમસ્કાર કરી
રક્ષિતને કહ્યું કે-"હે ભ્રાત ! તું આવો કઠિન કેમ થ
કે પોતાના કુટુંબ ઉપર પણ તને પ્રેમ રહ્યો નથી ? જો
ચરૂપ કુહાડાથી તેં પ્રેમરૂપ બંધનને છેદી નાખ્યું છે,
કલ્યાણના કારણરૂપ એવું કારૂણ્ય પણ શું તારામાં નથ
ત્યારે તારા વિયોગથી બંધુવર્ગ શોકરૂપ પંકમાં નિમ
ગયો છે, માટે હે ભગવન્ ! ત્યાં આવીને તેનો ઉદ્ધાર કર
ઉચિત છે." આ પ્રમાણે લઘુ બંધુના કહેવાથી સ્વચ્છ મ
આર્યરક્ષિતે ત્યાં જવાને માટે વજ્રસ્વામીને નમસ્કાર કરીને
માગી, એટલે તેમણે કહ્યું કે-'અભ્યાસ કર.' આથી તે પુનઃ
ભ્યાસ કરવા લાગ્યા. એટલે વળી ફલ્ગુરક્ષિતે કહ્યું કે-"હે ભ્રા
શું તું મને ભૂલી ગયો ? વળી પ્રવ્રજ્યા લેવાના મનોરથ
રથમાં બેઠેલા તારા બંધુઓ તારી જેવા સારથી વિના પ્રવૃ
કરી શકે તેમ નથી, માટે ત્યાં આવીને સ્વજનોને જગત્પૂ
એવી પ્રવ્રજ્યા આપ. તું ચતુર છતા પણ આવા શ્રેય કાર્ય
કેમ પ્રમાદ કરે છે ?" આર્યરક્ષિતે કહ્યું કે-'જો આ તારૂં કથ
સત્ય હોય તો હે વત્સ ! પ્રથમ તુંજ પ્રાણીઓને હિતકર એવુ
વ્રત અંગીકાર કર. (દીક્ષા લે)' આ પ્રમાણે તેમના કહેવાથી,
શ્રદ્ધાથી સ્વચ્છ થયેલ મનવાળા તેણે કહ્યું કે-'તો મને વ્રત
આપો; કારણ કે અમૃતથી કોણ વિમુખ થાય ?' આ પ્રકારની
અમૃતસિંચક તેની વાણીથી પ્રસન્ન થઇને આર્યરક્ષિતે તેને દીક્ષા
અને શિક્ષા આપીને તેનાપર અનુગ્રહ કર્યો.

એકદા ચોવીશ યમકોનો અભ્યાસ થયા પછી ફલ્ગુરક્ષિતે
આર્યરક્ષિતને ચાલવા માટે કહ્યું એટલે તેમણે જવાને માટે
પુનઃ ગુરૂને કહ્યું, પણ ગુરૂમહારાજે પૂર્વ ... નિવારણ કર્યું,
એટલે તેમણે ખેદ પામીને વિચાર કર્યો -'અહો ! એક બાજુ
સ્વજનો બોલાવે છે અને બીજી બાજુ ગુરુ ...

ખરેખર હું આ બન્ને પ્રકારના સંકટમાં આવી પડ્યો છું." પ[illegible]
પુનઃ પૂર્વવત્ અભ્યાસ કરતાં યમકોથી પરાજય પામ્યા (થાક્યા[illegible]
એટલે અંજલિ જોડી ગુરૂમહારાજને નમસ્કાર કરીને તેણે પૂછ્યુ[illegible]
કે-'હે પ્રભો! આ દશમા પૂર્વમાં હું કેટલું ભણ્યો? અને કેટલુ[illegible]
હજી બાકી રહ્યું? તે કૃપા કરીને કહો.' એટલે ગુરૂમહારાજ[illegible]
સ્મિતથી સ્ફુરાયમાન અધર કરીને બોલ્યા કે-'હે ભદ્ર! તું બિં-
દુમાત્ર ભણ્યો છું અને સમુદ્ર જેટલું હજી બાકી છે.' આ પ્રમાણે
ગુરૂનું વચન સાંભળીને આર્યરક્ષિત બોલ્યા કે-'હે પ્રભો! હવે
તો હું પરિશ્રાંત થઈ ગયો છું, તેથી આગળ અભ્યાસ કરવા
સમર્થ નથી.' એટલે કરૂણાવંત ગુરૂમહારાજે તેને આ પ્રમાણે
આશ્વાસન આપ્યું કે-'હે ધીમાન! હવે બાકી રહેલું શ્રુત તને
અલ્પ સમયમાં આવડી જશે; માટે ધૈર્ય રાખીને અભ્યાસ કર,
આમ અનવસરે શું વિષાદ પામે છે?' એટલે તે બુદ્ધિમાન ઉત્સાહ
વિના પણ પુનઃ અભ્યાસ કરવામાં પ્રવર્ત્યા.

એકદા [illegible] પોતાના સ્વજનોને પ્રેમ ફલ્ગુરક્ષિતને દેખ-
વાં જવા માટે ઉત્સુક થઈને આર્યરક્ષિતે પુનઃ શ્રીવજ્રસ્વામીની
આજ્ઞા માગી [illegible] ઉત્સાહ આપતા પણ તે
જવાને ઉત્સુક [illegible] વિચારીને ઉપદેશ
[illegible]

પછી [illegible] એટલે
[illegible]

ત્રપુટથી પાન કરીને વિસ્મય પામેલા તેઓ તત્કાળ
મનના મેલ ધોવા લાગ્યા. પરિણામે રાજાએ આર્યરક્ષિત
સમ્યક્ત્વ અંગીકાર કર્યું અને નમસ્કાર કરીને પોરજનો
તે સ્વસ્થાને ગયો; તે વખતે સોમદેવ સહિત રૂદ્રસોમાએ
સંસારરૂપ કેદખાનાથી વિરક્ત થઇને ઘણા સ્વજનો સાથે
(સંયમ) અંગીકાર કર્યું.

હવે સંયમના ક્રમ પ્રમાણે ચાલનારા વજ્રસ્વામી પૃ
તળપર વિહાર કરતાં અનુક્રમે દક્ષિણ દેશમાં પધાર્યા. એ
આનંદરૂપ મહાકંદના મૂળને વૃદ્ધિ પમાડવામાં મેઘ સમાન એ
તેમને જોઇને દક્ષિણના લોકો મયૂરની જેમ હર્ષ પામ્યા, અ
તેમના દર્શનના આનંદમાં નિમગ્ન થયેલા તેઓ કહેવા લાગ્યા કે
'વસ્તુતત્ત્વનો પ્રકાશ કરતા આ મુનિ શું સૂર્ય છે ? અથવા ચક્ષુરૂ
ચકોરને પ્રેમ ઉપજાવનારા એ શું ચંદ્રમા છે ? યા તો અમારા શુ
કર્મના માહાત્મ્યથી સાક્ષાત્ દર્શન આપનાર તે શું ધર્મ છે ?'

એકદા શ્રીવજ્રસ્વામીને શ્લેષ્મની અત્યંત પીડા થઇ આવી
તેથી કોઇક સાધુને તેમણે સુંઠ લાવવાનો આદેશ કર્યો. એટલે
સરલ સ્વભાવી સાધુએ સુંઠ લાવીને તેમને આપી અને 'આહાર
કર્યા પછી એનો ઉપયોગ કરીશ' એમ ધારીને તેમણે તે સુંઠ
પોતાના કાનપર રાખી, પણ આહાર કર્યા પછી સ્વાધ્યાયધ્યાનમા
ઉત્સુક થયેલા વજ્રર્ષિ કાનપર ગયેલી તે સુંઠને એમ ને એમ
ભૂલી જ ગયા. પછી સંધ્યાકાળે પ્રતિક્રમણ ક્રિયામા મુખવસ્ત્રિકાથી
પોતાના શરીરને પડિલેહતા તે સુંઠ નીચે પડી. તેના પડવાથી
વજ્રર્ષિને પોતાના આચાર્યપણાનું સ્મરણ થયું એટલે વિચારવા
લાગ્યા કે 'હા હા ! ધિક્કાર થાઓ, આ મારો મોટો પ્રમાદ
થયો.' એમ કહીને તે પોતાની નિંદા કરવા લાગ્યા. પછી તેમણે
વિચાર કર્યો કે 'પ્રમાદમા કદી પણ નિષ્કલંક સંયમ સધાય નહીં
અને તેવા સંયમ વિના મનુષ્ય જન્મ અને જીવિતવ્ય અનેક
રંક છે, માટે હવે આ શરીરનો ત્યાગ કરૂં.' તે વખતે ચારે
બાજુ બાર વરસનો દુકાળ હતો, તેથી તેમણે પોતાના શિષ્યોને

કર્યું કે-'લક્ષ મૂલ્યવાળા અન્નની ભિક્ષા તું જે દિવસે પામીશ, તેને બીજે દિવસે પ્રભાતે સુભિક્ષ થશે એમ તારે સમજી લેવું.' આ પ્રમાણે, પોતાના ગુણધારી શિષ્ય વજ્રસેનને કહીને તેમને અન્યત્ર વિહાર કરવા ફરમાવ્યું; એટલે વજ્રસેન મુનીંદ્ર પણ ગ્રામ, આકર, પુર અને અરણ્યવાળી વસુધાપર વિહાર કરવા લાગ્યા.

હવે વજ્રસ્વામીની પાસે રહેનારા સાધુઓ અનેક ઘરે ભમતાં પણ ભિક્ષા મેળવી શકતા નહોતા એટલે ભિક્ષા વિના સુધા સહન કરવામાં અશક્ત બની ગયેલા અને અન્નની વૃત્તિ રહિત તેઓ નિરંતર ગુરૂએ લાવી આપેલા વિદ્યાપિંડનો ઉપયોગ કરવા લાગ્યા. એકદા ગુરૂમહારાજે કહ્યું કે-'બાર વરસ સુધી આ પ્રમાણે, વિદ્યાપિંડનો ઉપયોગ કરવો પડશે, માટે જો તમારા સંયમને બાધા ન લાગતી હોય તો તો હું તમને હરરોજ લાવી આપું, નહિ તો આપણે અન્નની સાથેજ શરીરનો પણ ત્યાગ કરી દઇએ.' આ પ્રમાણેનું ગુરૂનું વચન સાંભળીને ધર્મરાગી એવા તે સાધુઓ બોલ્યા કે-'આ પાપરૂપ વિદ્યાપિંડને અને પોષવા લાયક આ પિંડ (શરીર) ને પણ ધિક્કાર થાઓ. હે ભગવન્! અમારાપર પ્રસાદ કરો. કે જેથી આ પિંડ (દેહ) નો અમે ત્યાગ કરીએ' પછી તે સર્વ મુનિઓને લઇને ભુવનના સૂર્યરૂપ અને વેગવાન એવા વજ્રસ્વામી લોકાંતરમાં ઉદ્યોત કરવા માટે કોઇ પર્વત તરફ ચાલ્યા. તે વખતે એક ક્ષુલ્લક મુનિને રોકતા પણ જ્યારે તે ન રહ્યા. ત્યારે તેને કોઇક ગામમાં મૂકી દઇ ઉતરીને ગુરૂમહારાજ પર્વતપર ચડ્યા એટલે 'ગુરૂમહારાજને અપ્રીતિ ન થાઓ' એમ મનમાં વિચારીને તે ક્ષુલ્લક મુનિ અન્ન (આહાર) તથા દેહનો ત્યાગ કરીને (અનશન કરીને) પર્વતની નીચેજ રહ્યા ત્યાં મધ્યાહ્ન કાળના સૂર્યના અત્યંત કિરણ તેજથી તપ્ત થયેલા શિલાતળપર રહેલા તે મુનિ ક્ષણવારમાં માખણના પિંડની જેમ વિલીન થઇ ગયા. અને શક્તિમાન એવા તે યોગીની જેમ શુભ ધ્યાનથી શરીરનો ત્યાગ કરીને દેવલોકમાં બીજા શરીરને ધારણ કર્યું. પછી તે દેવાંગ-

ના સંબંધી સુખમાં મગ્ન થતાં હર્ષ પામેલા બીન
તેમના કલેવરનો સત્કાર કર્યો. એ વખતે દેવતાઃ
માર્ગે નીચે ઉતરતા જોઇને સાધુઓએ વજ્રસ્વામી
'હે પ્રભો! આ દેવતાઓ અહીં કેમ ઉતરે છે?' તે
'પેલા ક્ષુલ્લક મુનિએ અત્યારે પોતાનું કાર્ય સાધ
વતાઓ તેમના શરીરનો મહિમા કરવા આવે છે
એ સાંભળીને મુનિઓ વિચારવા લાગ્યા કે-'જ્યારે
એ પણ પોતાનું કાર્ય સાધી લીધું', તો આપણે
ન સાધીએ?'

આ પ્રમાણે સંવેગરંગમાં મગ્ન થયેલા અને
ચારિત્રયુક્ત એવા તે સાધુઓને ત્યાં એક મિથ્યાઃ
શ્રાવકપણે પ્રગટ થઇને આ પ્રમાણે કહ્યું કે-'હે ભ
પર પ્રસન્ન થઇને આજે પારણું કરો અને આ મ
મોદક તથા જળ ગ્રહણ કરો.' આ પ્રમાણે સાંભળી
આ૦ હ આપણને પ્રીતિના કારણરૂપ નથી; માટે અ
જઇએ.' એમ વિચારીને તેઓ પાસેના બીજા પર્વ
અને ત્યાંના દેવતાનું સ્મરણ કરીને તે મુનિઓએ
કર્યો, એટલે દેવતાએ આવી નમસ્કાર કરી તેમને
ભગવન! આપ અહીં પધાર્યા એ મારાપર મોટો ગ
કારણકે મારવાડમાં શું કદાપિ કલ્પવૃક્ષ હોય?' અ
તેની વાણીથી પ્રસન્ન થઇને સર્વ સાધુઓએ વજ્રસ
ત્યાં અનશન કર્યું અને ભગવન્ એવા તેઓ આ
સ્વર્ગે ગયા. પછી ઇંદ્ર રથમાં બેસી ત્યાં આવ્યા અને
મુનિઓના શરીરોની અને વજ્રમુનિના શરીરની તેણે
તે વખતે ઇંદ્રે રથસહિત ભક્તિથી પોતાના દેહની
દિકને અત્યંત નમાવતા તે પર્વત ફરતી પ્રદક્ષિણા ક
તપર અદ્યાપિ તે વૃક્ષો વિનકાજ છે. ત્યારથી જગતમાં

અને ચોથું સંઘયણ વિચ્છેદ ગયા.

હવે વજ્રર્ષિના વજ્રસેન નામના મુખ્ય શિષ્ય વિહાર કરતા અત્યંત સમૃદ્ધિપૂર્ણ એવા સોપારા નગરમાં ગયા. ત્યાં યથાર્થ નામવાળો જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. સમ્યગ્ ગુણને ધારણ કરનારી ધારિણી નામે તેને પ્રિયા હતી; તે નગરમાં જિનદત્ત નામનો એક ધનિક શ્રાવક રહેતો હતો. તેને મહાદેવને પાર્વતીની જેમ ઇશ્વરી નામની ગુણવતી સ્ત્રી હતી. તે ચંદ્રમાની પ્રભા સમાન એવું ઉજ્જવળ શીળ ગુણથી કે જે તેને અને વસુધાને એક ભૂષણરૂપ થઈ પડ્યું હતું. તે વખતે દુર્ભિક્ષના દોષથી સમસ્ત ક્ષિતિમંડળ જળ વિના માછલાની જેમ ધાન્ય વિના દુઃખાકુળ થઇ ગયું હતું.

એકદા ધર્મપ્રધાન એવી ઇશ્વરીએ પોતાના સ્વજનોને આ પ્રમાણે કહ્યું કે-'આપણે આજ પર્યંત તો સુખમાંજ જીવ્યાં છીએ; પણ હવે ધાન્ય મળ્યા વિના દુઃખે કેટલો વખત જીવી શકીશું? તે કરતાં વિષાન્ન જમીને સમાધિસ્થ થઇ જવું સારૂં, માટે પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતાં અનશનવૃત્તિથી આ દુઃખના ગૃહરૂપ દેહનો ત્યાગ કરી દઇએ.' એટલે સ્વજનોએ કહ્યું કે-'ભલે એમ જ થાઓ. કારણ કે હવે આ શરીરથી અંત સમયે એજ ફળ મેળવવા યોગ્ય છે.' પછી લક્ષમૂલ્ય અન્ન રાંધીને તે જેટલામાં તેમાં વિષ નાખવા જતી હતી, તેટલામાં તેને જીવન આપનારની જેમ વજ્રસેન મુનિ ત્યાં આવ્યા. તેમને જોઇને તે હર્ષિત થઇને વિચારવા લાગી કે-' ભાગ્યયોગે ચિત્ત, વિત્ત અને પાત્ર—એ ત્રણેનો યોગ મળ્યો છે; માટે આજે મુનિને દાન આપી આ જન્મ કૃતાર્થ કરૂં; કારણ કે આવા પાત્રની પ્રાપ્તિ કદાચિત્ દૈવયોગેજ થાય છે.' આ પ્રમાણે હર્ષિત થઇને વિકસિત નેત્રથી તેણે તે મુનિને ભિક્ષા આપી અને લક્ષમૂલ્ય પાક સંબંધી હકીકત બધી તેમને નિવેદન કરી. એટલે વજ્રસેન મુનિએ કહ્યું કે-'હે ભદ્રે ! આ પ્રમાણેના સંકટથી જીવિતનો ત્યાગ ન કરો, કારણ કે આવતી કાલે પ્રભાતે નિઃસંશય સુભિક્ષ થશે.' તેણે પૂ-

છ્યું કે-'હે ભગવન્ ! તમે સ્વયમેવ આ જાણ્યું છે કે બીજા કે ઈ પાસેથી સાંભળ્યું છે ?' એટલે મેઘની ગર્જના જેવી ગંભી ગિરાથી તે બોલ્યા કે-'શ્રી વજ્રસ્વામીએ મને કહ્યું છે કે-'જ્યા તું લક્ષપાક ભાતની ભિક્ષા પામીશ, તેને બીજે દિવસે પ્રાત કાળે સુભિક્ષ થશે.' આ પ્રમાણે શ્રવણને સુધાસમાન તેમનું વ ચન સાંભળીને તે શ્રાવિકાએ દુર્ભિક્ષના તે છેલ્લા દિવસને એ ક્ષણની જેમ લીલાથી વ્યતીત કર્યો. બીજે દિવસે પ્રભાતે પ્રભા તકાળથી પૂર્ણ સૂર્યમંડળની જેમ ધાન્યથી પરિપૂર્ણ એવે નૌકાસમૂહ દૂરથી ત્યાં આવ્યો, એટલે તે શ્રાવિકા તથા સર્વ જનો તરતજ નિશ્ચિંત થયા. વજ્રસેનમુનિ પણ કેટલોક કાળ ત્યાંજ રહ્યા. જિનદત્ત શ્રેષ્ઠીએ પોતાની પત્ની અને ઘણા પુત્રે સાથે મહોત્સવ સહિત જિનેશ્વર ભગવંતની પૂજા કરી અને દીનજનોને દાન દીધું. ત્યારપછી બીજે દિવસે શ્રીવજ્રસેનમુનિ પાસે શાંત મનવાળા એવા તેમણે મહોત્સવપૂર્વક બને લોકમાં હિતકારી એવી દીક્ષા ગ્રહણ કરી.

શ્રી વજ્રસ્વામીનો વંશ

આ પ્રમાણે શ્રીવજ્રસ્વામીનો વંશ શિષ્ય પ્રશિષ્યાદિ રૂપ શાખાઓથી વટવૃક્ષની જેમ ચારે દિશાઓમાં વિસ્તાર પામ્યો. જે વંશરૂપ વૃક્ષ સાધુરૂપ પત્ર યુક્ત છે. સુપર્વો (અનેક દેવો) સહિત છે. અર્થાત્ જેમાંથી અનેક મુનિઓ દેવો થયેલા છે અને જે મુક્તાવાસ-મુક્તાવસ્થાના કારણભૂત છે. એવો શ્રી વજ્રસ્વામીનો વંશ કોને મનોહર ન લાગે ? વળી જે કોઈ વંશ જોવામાં અને સાંભળવામાં આવ્યા છે, તે અગ્રભાગે તનુ (સંકુચિત) અને મૂળમાં સ્થૂલ જોવામાં આવ્યા છે. પણ દશપૂર્વધારી શ્રી વજ્ર-સ્વામી મુનીશ્વરનો વંશ તો કોઈ નવીન પ્રકારનોજ છે, કે જે પ્રથમ (મૂળમાં) તનુતા અને આગળ આગળ સ્ફાતિ (વૃદ્ધિ-વિસ્તાર) ને ધારણ કરે છે.

૯૬

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રસિદ્ધ
ગુજરાતી ભાષાના વાંચનારાઓને આસ
ઉપયોગી ભાષાંતરો વિગેરે.

૧-૪ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર

૧ પર્વ ૧લું, બીજું ૨-૪-૦ ૨ પર્વ ૩-૪-૫-૬ ૩

૩ પર્વ ૭-૮-૯ ૩-૦-૦ ૪ પર્વ ૧૦ મું ૨

૫-૯ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ ભાષાંતર

૫ ભાગ ૧ લો. (સ્થંભ ૧ થી ૪) ૨-

૬ ભાગ ૨ જો. (સ્થંભ ૫ થી ૯) ૨-

૭ ભાગ ૩ જો. (સ્થંભ ૧૦ થી ૧૪) ૨-

૮ ભાગ ૪ થો. (સ્થંભ ૧૫ થી ૧૯) ૨-૦

૯ ભાગ ૫ મો. (સ્થંભ ૨૦ થી ૨૪) ૨-૦

૧૦ ચરિતાવળી ભાગ ૩ જો. ૧-૦

૧૧ શ્રી શત્રુંજય માહાત્મ્ય ભાષાંતર ૨-૮-

૧૨ શ્રી ગૌતમકુલક બાલાવબોધ (અનેક કથાઓ) ૩-૦-

૧૩ ઉપમિતિ ભવ પ્રપંચ પીઠબંધનું ભાષાંતર ૦ ૧૨

૧૪ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચાકથા ભાષાંતર વિભાગ ૧ લો. પ્રસ્તાવ ૧ ... ૧-૦-૦

૧૫ જૈન દૃષ્ટિએ યોગ ૦ ૧૨ ૦

૧૬ શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતર ૦ ૬ ૦

૧૭ શ્રી પ્રબોધ ચિંતામણિ ભાષાંતર ૦ ૮ ૦

૧૮ શ્રી મલ્લીનાથ ચરિત્ર ભાષાંતર ૧ ૦ ૦

૧૯ ઉપદેશ સપ્તતિકા ભાષાંતર ૦ ૬ ૦

૨૦ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો અનુક્રમણિકા અંક ૦ ૧૨ ૦

૨૧ પુષ્પમાળા ભાષાંતર (અતિ ઉપયોગી) ૦-૮-૦

૨૨ જ્ઞાનપંચમી ૦-૮-૦

૨૩ શ્રી નવકારનો લઘુ રહસ્ય તથા અર્થ યુક્ત ૨-૦-૦

૨૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર ૧-૮-૦

૨૫ શ્રી વસ્તુપાળ ચરિત્ર ભાષાંતર ૧-૮-૦

૨૬ શ્રી અધ્યાત્મ સાર ભાષાંતર ૨-૦-૦